# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

'ધુરંધર'ના ગીતમાંથી તમન્ના ભાટિયા રિજેક્ટ થઈ હતી?



પેજ-09

શ્રેયસ અય્યર નવો વનડે કેપ્ટન, ગિલની કેપ્ટનશીપ છીનવાશે?




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 17.00 |
| વડોદરા | 30.00 | 16.00 |
| સુરત | 31.00 | 18.00 |


પેજ 5




હ્યુંડાઇ મોટર પુરુષો અને મહિલાઓની ટુર્નામેન્ટ્સ માટે ICC પ્રીમિયર...


24 DECEMBER-2025 WEDNESDAY


ભારત સાથે વહેલી તકે સમાધાન કરી લો તો સારું: બાંગ્લાદેશને રશિયા સલાહ




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 85524.84 | ▼ | 042.64 |
| નિફ્ટી | 26177.15 | ▲ | 004.75 |
| સોનું | 138076.00 | ▲ | 1332.00 |
| ચાંદી | 218160.00 | ▲ | 5288.00 |


વર્ષ-15 । અંક-043 । વિક્રમ સંવત-2082 । પોષ સુદ-04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


**DGGIના દરોડામાં કાર્યવાહી...** ટેકનો વાયર ડેટા સાયન્સ લિમિટેડના ડિરેક્ટર પ્રભાત સોમાણીની ધરપકડ

# અમદાવાદમાં 1500 કરોડની મહા કરચોરી પકડાતા ખળભળાટ

(એજન્સી) અમદાવાદ | તા.23

અમદાવાદમાં 1500 કરોડની મહા કરચોરી પકડતા ખળભળાટ મચી ગયો છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ ઈન્ટેલિજન્સ (DGGI) એક મેગા સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. જેમાં અમદાવાદ સ્થિત 'ટેકનો વાયર ડેટા સાયન્સ લિમિટેડ' નામની કંપની શંકાના દાયરામાં હતી. જેમાં તપાસ કરતાં અંદાજે રૂ. 1500 કરોડની જંગી કરચોરી પકડાઈ છે. DGGIએ કંપનીના ડિરેક્ટર પ્રભાત સોમાણીની ધરપકડ કરી છે.



## સરકારી ખજાનાને કરોડોનું નુકસાન

DGGIની તપાસ એ પણ ખૂલ્યું છે કે કંપની દ્વારા કરચોરી કરવા મોટા પાયે ગેરરીતિ આચરવામાં આવતી હતી, જેનાથી સરકારી ખજાનાને કરોડોનું નુકસાન પહોંચ્યું છે. દરોડામાં મળેલા દસ્તાવેજો અને પુરાવાના આધારે 'ટેકનો વાયર ડેટા સાયન્સ લિમિટેડ' કંપની પર ગાળિયો કસવામાં આવ્યો છે.

## ખોટી રીતે ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવીને કૌભાંડ આચર્યું

આ કેસમાં કડક કાર્યવાહી કરતાં તપાસ એજન્સીએ કંપનીના ડિરેક્ટર પ્રભાત સોમાણીની ધરપકડ કરી છે. આરોપ છે કે પ્રભાત સોમાણીએ ડેટા સાયન્સ અને ટેકનોલોજીના ઓથા હેઠળ બોગસ બિલિંગ અને ખોટી રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) મેળવીને આ કૌભાંડ આચર્યું હતું.



## કૌભાંડમાં સામેલ મોટાં માથાં અંગે તપાસ

હાલમાં કોર્ટે આરોપીને રિમાન્ડ પર સોંપવાની પ્રક્રિયા હાથ ધરી છે, જેથી આ કૌભાંડમાં અન્ય ક્યાં મોટાં માથાં સામેલ છે અને આ રકમ ક્યાં ટ્રાન્સફર કરવામાં આવી છે એની ઊંડી તપાસ થઈ શકે છે.

## કાયદાનો સકંજો

આ કેસમાં કડક કાર્યવાહી કરતા તપાસ એજન્સીએ કંપનીના ડિરેક્ટર પ્રભાત સોમાણીની ધરપકડ કરી છે. આરોપ છે કે પ્રભાત સોમાણીએ ડેટા સાયન્સ અને ટેકનોલોજીના ઓઠા હેઠળ બોગસ બિલિંગ અને ખોટી રીતે ઈનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) મેળવીને આ કૌભાંડ આચર્યું હતું. હાલમાં કોર્ટે આરોપીને રિમાન્ડ પર સોંપવાની પ્રક્રિયા હાથ ધરી છે, જેથી આ કૌભાંડમાં અન્ય કયા મોટા માથાઓ સામેલ છે અને આ રકમ ક્યાં ટ્રાન્સફર કરવામાં આવી છે તેની ઊંડી તપાસ થઈ શકે. આ કાર્યવાહીથી અમદાવાદના વેપારી આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# 13 હજાર કરોડના ડ્રગ્સ મામલે CBIની મોટી કાર્યવાહી, ડ્રગ કૂબેર ઋતિક બજાજને દુબઈથી ભારત લવાયો



(એજન્સી) નવી દિલ્હી | તા.23

**આજે વહેલી સવારે દિલ્હી લવાયો**

ભારતીય તપાસ એજન્સીઓએ આંતરરાષ્ટ્રીય ડ્રગ સિન્ડિકેટ સામે અત્યાર સુધીની સૌથી મોટી રાજદ્વારી અને કાનૂની જીત મેળવી છે. 13,000 કરોડના વિશાળ કોકેન સામ્રાજ્યમાં મુખ્ય વ્યક્તિ, ઋતિક બજાજ હવે ભારતીય કાયદાના દાયરામાં છે. મહિનાઓ સુધી છુપાયેલા અને સરહદ પારથી પીછો કર્યા પછી, સીબીઆઈ, ઈન્ટરપોલ અને દુબઈ પોલીસની મદદથી, આ ભાગેડુ દાણચોરને ભારત લાવવામાં સફળ રહી. ઋતિક બજાજ થાઈલેન્ડમાં પોતાનું સુરક્ષિત સ્થાન છોડીને દુબઈ પહોંચતાની સાથે જ એજન્સીઓએ તેના પર હુમલો કર્યો. 23 ડિસેમ્બર, 2025 ની સવારે, દિલ્હી પોલીસની એક ટીમ તેની સાથે નવી દિલ્હી પહોંચી. આ ધરપકડ માત્ર એક ગુનેગારને જ નહીં, પણ અબજો રૂપિયાના ડ્રગ વેપારની કરોડરજ્જુ પણ તોડી નાખે છે.

## CBI અને ઇન્ટરપોલનું સંયુક્ત ઓપરેશન

દિલ્હી પોલીસ લાંબા સમયથી ઋત્વિક બજાજને શોધી રહી હતી. તેના પર ડ્રગ્સની હેરફેર અને આંતરરાષ્ટ્રીય ડ્રગ સપ્લાયના ગંભીર આરોપો છે. ઓક્ટોબર 2024માં દિલ્હી અને ગુજરાતમાંથી જપ્ત કરાયેલા 13,000 કરોડ રૂપિયાના કોકેન અને 50 કિલો હાઈડ્રોપોનિક ગાંજા કેસમાં તે મુખ્ય આરોપીઓમાંનો એક છે. 9 ઓક્ટોબર, 2025ના રોજ, દિલ્હી પોલીસની વિનંતી પર સીબીઆઈએ ઈન્ટરપોલ દ્વારા તેની સામે રેડ કોર્નર નોટિસ જારી કરી. ત્યારબાદ, બેંગકોક અને અબુ ધાબીમાં નેશનલ સેન્ટ્રલ બ્યુરો સાથે સતત સંકલન કરીને તેની દરેક ગતિવિધિ પર નજર રાખાઈ રહી હતી.

# તણાવ વધ્યો | ભારતે બાંગ્લાદેશના હાઈ કમિશ્નર હમીદુલ્લાહને તેડાવ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.23

ભારતે બાંગ્લાદેશના ઉચ્ચાયુક્ત રિયાઝ હમીદુલ્લાહને તેડાવ્યા છે. તેમને એક અઠવાડિયામાં બીજી વખત સમન્સ પાઠવવામાં આવ્યું છે. આ પહેલા આજે સવારે બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે ભારતીય ઉચ્ચાયુક્ત પ્રણય વર્માને તેડાવ્યા હતા. 10 દિવસમાં આ બીજી વખત હતું જ્યારે ભારતીય ઉચ્ચાયુક્તને બોલાવવામાં આવ્યા હોય.



બાંગ્લાદેશી વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન હાદીના મોત બાદ ભારત વિરોધી પ્રદર્શનો અને ત્યારબાદ મયમન સિંહ જિલ્લામાં દીપુની મોબ લિંચિંગની ઘટનાને લઈને બંને દેશોના સંબંધો ઘણા વણસી ગયા છે. બાંગ્લાદેશમાં હિન્દુ યુવકની હત્યા વિરુદ્ધ વિશ્વ હિન્દુ પરિષદ (VHP) એ આજે દેશભરમાં પ્રદર્શનો કર્યા હતા. આજે સવારે VHPના કાર્યકરોએ દિલ્હીમાં બાંગ્લાદેશ હાઈ કમિશનની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. દિલ્હી ઉપરાંત VHPએ મુંબઈ, કોલકાતા, અમદાવાદ, ભોપાલ અને જમ્મુમાં રેલીઓ કાઢીને પીડિત પરિવારને ન્યાય અપાવવાની માગ કરી હતી. બાંગ્લાદેશમાં 18 ડિસેમ્બરની રાત્રે હિન્દુ યુવક દીપુ ચંદ્રની હત્યા કરવામાં આવી હતી.

# હરિયાણામાં ગૂંગળામણથી ઉત્તર પ્રદેશના 5 લોકોના મોત

**કુરુક્ષેત્રમાં હોટલના રૂમમાં કોલસાની સગડી સળગાવીને સૂતા હતા; પાંચેય યુપીના રહેવાસી**

(એજન્સી) કુરુક્ષેત્ર | તા.23

હરિયાણાના કુરુક્ષેત્રમાં ગૂંગળામણથી યુપીના કોન્ટ્રાક્ટર સહિત 5 મજૂરોના મોત થયા. પાંચેય સોમવારે કામ પરથી પાછા ફર્યા પછી જિલ્લા જેલ પાસે હોટેલ સ્ટર્લિંગના રૂમમાં કોલસાની સગડી સળગાવીને સૂતા હતા. મંગળવારે જ્યારે તેઓ લાંબા સમય સુધી ઉઠ્યા નહીં ત્યારે હોટેલ કર્મચારીઓએ પોલીસ બોલાવી. માહિતી મળતા પહોંચેલી પોલીસે દરવાજો તોડ્યો અને અંદર પ્રવેશ કર્યો. અંદરનું દૃશ્ય જોઈને બધાના હોશ ઉડી ગયા. પાંચેય બેભાન અવસ્થામાં પડ્યા હતા. તરત જ બધાને નજીકની હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. આ પછી પોલીસે પાંચેય મૃતદેહો કબજામાં લઈને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યા.

પોલીસના જણાવ્યા અનુસાર, તમામ મૃતકો યુપીના સહારનપુરના રહેવાસી હતા. આમાં ચાર મજૂર અને એક કોન્ટ્રાક્ટર હતો.

**પુણેમાં NCPના બંને જૂથો એક થશે?**

# કાકા-ભત્રીજા અને બે ભાઈઓ ફરી એક થશે!



(એજન્સી) નવી દિલ્હી | તા.23

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટા ઉલટફેરના સંકેતો મળી રહ્યા છે. રાજ્યની 29 મહાનગરપાલિકાઓની ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે ખાસ કરીને મુંબઈ અને પુણેમાં નવા રાજકીય સમીકરણો આકાર લઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સત્તા મેળવવા માટે વર્ષોથી અલગ પડેલા પરિવારો અને કટ્ટર હરીફ ગણાતા પક્ષો જૂના વિવાદો બાજુ પર મૂકીને ફરી હાથ મિલાવી શકે છે. 15 જાન્યુઆરીએ યોજાનાર આ મતદાન પહેલા દિગ્ગજ નેતાઓની આ નિકટતાએ રાજ્યના રાજકીય તાપમાનમાં ધરખમ વધારો કર્યો છે. પુણે અને પિંપરી-ચિંચવડ મહાનગરપાલિકામાં ભાજપને રોકવા માટે શરદ પવાર અને અજિત પવારના નેતૃત્વ હેઠળની બંને NCP એકસાથે ચૂંટણી લડે તેવી પ્રબળ શક્યતા છે. આ અંગે બંને જૂથો વચ્ચે બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે અને ટૂંક સમયમાં ગઠબંધનની સત્તાવાર જાહેરાત થઈ શકે છે. જો 'ચાચા-ભત્રીજા' (શરદ અને અજિત પવાર) ફરી એક મંચ પર આવશે, તો પુણેનું રાજકીય ચિત્ર સંપૂર્ણ બદલાઈ જશે.

**ઇસરોનું મિશન...** મોબાઈલ જગતમાં થશે મોટા ફેરફાર

# 'બ્લુબર્ડ બ્લોક-2' ઉપગ્રહ આજે લોન્ચ થશે

■ હાઈ સ્પીડ ઈન્ટરનેટ માટે મોબાઈલ ટાવરની જરૂર નહીં રહે!



## લાઈવ સ્ટ્રીમિંગ અને લોન્ચ સમય

આ મિશન, 24 ડિસેમ્બર, સવારે 8:54 વાગ્યે લોન્ચ થશે. આ લોન્ચ શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી થશે. તમે આ ઐતિહાસિક લોન્ચનું લાઈવસ્ટ્રીમ અહીં ઓનલાઈન જોઈ શકો છો...


(એજન્સી) શ્રીહરિકોટા | તા.23

ઈસરો 24મી ડિસેમ્બર 2025ના રોજ બ્લુબર્ડ બ્લોક-2 મિશન લોન્ચ કરવા જઈ રહ્યું છે. આ મિશન આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં સતીશ ધવન સ્પેસ સેન્ટરથી LVM3-M6 રોકેટનો ઉપયોગ કરીને લોન્ચ કરવામાં આવશે. આ લોન્ચનો હેતુ અમેરિકામાં સ્થિત AST સ્પેસમોબાઈલના બ્લુબર્ડ બ્લોક-2 સેટેલાઈટને લો અર્થ ઓર્બિટ (LEO)માં તહેનાત કરવાનો છે. સેટેલાઈટની ખાસિયત એ છે કે તે અવકાશ-આધારિત મોબાઈલ બ્રોડબેન્ડ સેવા પ્રદાન કરશે, જેનાથી સ્માર્ટફોન યુઝર્સ સીધા અવકાશથી ઈન્ટરનેટ કનેક્ટિવિટીનો ઉપયોગ કરી શકશે.

**ભારતનું શક્તિશાળી લોન્ચ વ્હીકલ :** શું LVM3-M6 રોકેટની શક્તિ આ મિશનને સફળ બનાવશે? LVM3-M6 એ ISROની હેવી-લિફ્ટ લોન્ચ સિસ્ટમ છે, જેમાં ત્રણ તબક્કાઓનો સમાવેશ થાય છે: બે સોલિડ સ્ટ્રેપ-ઓન બુસ્ટર (S200), એક લિક્વિડ-ફ્યુઅલ કોર સ્ટેજ (L110), અને એક ક્રાયોજેનિક અપર સ્ટેજ (C25). 43.5 મીટર ઊંચું અને આશરે 640 ટન વજન ધરાવતું આ રોકેટ 4,200 કિલોગ્રામ સુધીના પેલોડને જીઓસિંક્રોનસ ટ્રાન્સફર ઓર્બિટ અથવા LEOમાં લઈ જઈ શકે છે. અગાઉ, LVM3 એ ચંદ્રયાન-2, ચંદ્રયાન-3 અને વનવેબ મિશન જેવા મુખ્ય પેલોડને સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં પહોંચાડ્યા છે.

## ટેલિકોમ્યુનિકેશનમાં એક મોટી ક્રાંતિ આવશે

સેટેલાઈટ ટેલિકોમ્યુનિકેશનમાં એક મોટી પ્રગતિ છે. એકવાર અવકાશમાં પહોંચ્યા પછી, ઉપગ્રહ મોબાઈલ ટાવર્સ જેવા જ કાર્યો કરશે. એકવાર ભ્રમણકક્ષામાં પહોંચ્યા પછી, બ્લુબર્ડ બ્લોક 2 તેના 223-ચોરસ-મીટર ફેઝ્ડ એરે એન્ટેનાને તૈનાત કરશે, જે નીચા-પૃથ્વી ભ્રમણકક્ષામાં સૌથી મોટા વાણિજ્યિક સંચાર એન્ટેનાનો રેકોર્ડ બનાવશે. ઉપગ્રહનું વજન આશરે (6,500 કિલોગ્રામ) છે.

### દસ-પંદર વર્ષ બાદ ઉદ્યોગપતિઓ ખેતીમાં આવી જશે અને એક મણે ઘઉંના ₹5,000 લેશે, તેલના ડબ્બાના 10000 રૂપિયા લેશે

# ઈસુદાન ગઢવીએ ખેતર ખેડીને રાષ્ટ્રીય ખેડૂત દિવસની ઉજવણી કરી

(એજન્સી) અમદાવાદ । તા. 23

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ ખેતર ખેડીને આજે રાષ્ટ્રીય ખેડૂત દિવસની ઉજવણી કરી હતી. આ દરમિયાન તેમણે ગુજરાતના 54 લાખ ખેડૂત પરિવારોને ખેડૂત દિવસની ખુબ ખુબ શુભકામનાઓ પાઠવી હતી. ઈસુદાન ગઢવીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, આઝાદીના 78 વર્ષ થયા અને ગુજરાતમાં કોંગ્રેસે 30 વર્ષ રાજ કર્યું અને ભાજપે 30 વર્ષ રાજ કર્યું. હાલ ભાજપના નેતાઓનો અને ઉદ્યોગપતિઓનો વિકાસ થાય છે, પરંતુ ખેડૂતોનું શું? આજે બહુ મોટો સવાલ છે કે ખેડૂતો કેમ ખેતી છોડી રહ્યા છે? આજે ડોક્ટર પોતાના દીકરાને ડોક્ટર બનાવવા માંગે છે, વકીલ પોતાના દીકરાને વકીલ બનાવવા માંગે છે અને એક મંત્રી પોતાના દીકરાને ધારાસભ્ય અને મંત્રી બનાવો માંગે છે પરંતુ ખેડૂત પોતાના દીકરાઓને ખેડૂત બનાવવા માંગતો નથી. ખેડૂતો રાત દિવસ ખેતી કરે છે પરંતુ તેમની પાસે કંઈ વધતું નથી. આજે કમિશવાળા લોકો પણ રોજના ત્રણ-ચાર હજાર રૂપિયા કમાઈ લે છે, આજે દસ વીઘાનો માલિક ખેડૂત પણ દેવામાં ડૂબતો જાય છે. હકીકતમાં લોકોએ સમજવાની જરૂર છે કે સરકાર નીતિઓ એવી બનાવે છે કે ખેડૂતો ખેતી છોડીને ભાગે છે. જો આવું ચાલ્યું તો દસ-પંદર



વર્ષ બાદ ઉદ્યોગપતિઓ ખેતીમાં આવી જશે અને એક મણે ઘઉંના 5,000 લેશે, તેલના ડબ્બાના 10000 રૂપિયા લેશે. તો સ્પષ્ટપણે દેખાઈ રહી છે કે આ એક મોટું ષડયંત્ર જ છે, એના હું તમને પુરાવા આપું છું.

વધુમાં AAP નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એવું કહેતા હતા કે પાક વીમો બધાથી સારો હોવો જોઈએ, પરંતુ પાક વીમો ગુજરાતમાં છે જ નહીં, અહીંયા પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના બંધ છે. એમણે કહ્યું હતું કે ખેડૂતોનું દેવું માફ થવું જોઈએ, અને એમણે 50 ઉદ્યોગપતિઓના 16 લાખ કરોડ રૂપિયાના દેવા માફ કર્યા, પરંતુ એક ખેડૂતનો નવો પૈસો માફ કર્યો નથી. ગુજરાતમાં હમણાં ચાર મહિનામાં લગભગ દરેક જ્ઞાતિના આઠ ખેડૂતોએ આપઘાત કર્યા છે. છતાં ભાજપના નેતાઓના પેટનું પાણી નથી હલતું. અમેરિકામાં ખેડૂતને 54 લાખની સબસીડી આપવામાં આવે છે અને આપણા ખેડૂતોને સરેરાશ 21000 પણ નથી મળતા અને પૂરતા ભાવ પણ નથી મળતા, એપીએમસીમાં કડદા થાય છે, ખેડૂત બિયારણ લેવા જાય તો બિયારણ મોંઘુ મળે છે, દવા મોંઘી આવે છે, ખાતર મળતું નથી એટલે બ્લેકમાં ખાતર લેવું પડે છે અને એની પડતર કિંમત ઊંચી થઈ જાય છે. જો આ ખેતી અદાણીને આપી દેવામાં આવે તો મને પૂરો વિશ્વાસ છે કે અદાણી એક મણ ઘઉંના 5000 રૂપિયા લેશે અને તેલના ડબ્બાના 10000 રૂપિયા લેશે. ખેડૂતના ખેતરમાં બે રૂપિયા કિલોની ડુંગળી હોય છે પરંતુ નેતાઓ અને તેના દીકરાઓ સંગ્રહખોરી કરે ત્યારબાદ એ ડુંગળીનો ભાવ 500 રૂપિયા મણ થઈ જતો હોય છે. જ્યારે ખેડૂતના ખેતરમાં ડુંગળી આવતી હોય છે, ત્યારે નિકાસ બંધ કરી દેવામાં આવતી હોય છે. અને એટલા માટે જ હું કહું છું કે સરકારની નીતિ જ ખેડૂત વિરોધી નીતિ છે.વધુમાં AAP નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ખેડૂતો બિચારા ભોળા છે. ખેડૂતો કહે છે કે આ ભાજપનું ગામ છે પરંતુ ભાજપ જ ભાજપનું ગામ અને ભાજપના ખેડૂતોને ભોંય ભેગા કરી દે છે.

### વડોદરા દબાણ શાખાની કાર્યવાહી

## તરસાલીમાં હાઈવેને સમાંતર રોડ પરથી દબાણો દૂર કરાયા



વડોદરા | વડોદરા શહેરના દક્ષિણ વિસ્તારમાં ટ્રાફિક અને રસ્તાના અવરોધો દૂર કરવા માટે મહાનગરપાલિકાએ કમર કસી છે. તરસાલી વિસ્તારમાં ટીપી 43 માં હાઈવેને સમાંતર આવેલા 12 મીટરના રોડ પર લાંબા સમયથી નડતરરૂપ બનેલા દબાણો પર પાલિકાએ સપાટો બોલાવ્યો છે. વડોદરા દબાણ શાખાની કાર્યવાહી હેઠળ મંગળવારે સવારે એક મોટું ઓપરેશન હાથ ધરીને રોડ પર ઉભેલા ગેરકાયદે બાંધકામોને જમીનદોસ્ત કરવામાં આવ્યા હતા. ગેરકાયદે ગેરેજ પર ફરી વળ્યું બુલડોઝર તરસાલી ટીપી 43 માં હાઈવેને સમાંતર રસ્તા પર પતરાના શેડ બનાવીને એક કાચું ગેરેજ ઉભું કરી દેવામાં આવ્યું હતું. આ ગેરકાયદે ગેરેજને કારણે 12 મીટરનો પહોળો રસ્તો સાંકડો થઈ ગયો હતો અને વાહનચાલકોને પસાર થવામાં ભારે મુશ્કેલી પડતી હતી. પાલિકાની ટીમે સ્થળ પર પહોંચીને ગેરકાયદે ગેરેજ તોડી પડાયું હતું. આ ગેરેજ ચારે બાજુથી પતરા લગાવીને બનાવવામાં આવ્યું હતું, જેને ક્રેન અને જેસીબીની મદદથી દૂર કરવામાં આવ્યું છે.

## પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકે ભાવનગર મંડળના કર્મચારીને સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ સુરક્ષિત રેલ સંચાલનમાં ઉત્તમ યોગદાન આપનાર 11 કર્મચારીઓને તા. 22.12.2025ના રોજ પશ્ચિમ રેલવે મુખ્યાલય, મુંબઈ ખાતે આયોજિત સમારોહમાં સન્માનિત કર્યા. નવેમ્બર 2025 દરમિયાન ફરજ દરમિયાન તેમની અસાધારણ સતર્કતા, જાગૃતિ અને સમર્પણના કારણે સંભવિત દુર્ઘટનાઓને અટકાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવવા બદલ આ સન્માન આપવામાં આવ્યું હતું. આ અવસરે મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ તમામ પુરસ્કાર વિજેતા કર્મચારીઓની પ્રશંસા કરતાં જણાવ્યું કે તેમની સતર્કતા અને કર્તવ્યનિષ્ઠા રેલવે સુરક્ષા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે અને તેઓ અન્ય કર્મચારીઓ માટે પ્રેરણાસ્રોત છે.ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે ભાવનગર મંડળના લાઠીદડ રેલવે સ્ટેશન પર કાર્યરત શ્રી ઘનશ્યામ સી. (કાંટેવાળા)ને રેલ સંચાલનની સંરક્ષા પ્રત્યે ઊંચા સ્તરની પ્રતિબદ્ધતા અને સતર્કતા બદલ મહાપ્રબંધક સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.તેમણે વધુમાં જણાવ્યું કે તા. 20.11.2025ના રોજ લાઠીડડ સ્ટેશન પરથી એક માલગાડી પાસ થ્રૂ થઈ રહી હતી.

## હરિત ઝવેરી જ્વેલર્સ દ્વારા રજૂ કરવામાં આવ્યું 14 કેરેટ પોલકી કલેક્શન – કારીગરી, ઝળહળાટ અને ખાસ પળોની શાન

(એજન્સી) અમદાવાદ । તા. 23

અમદાવાદના પ્રતિષ્ઠિત આભૂષણ બ્રાન્ડ હરિત ઝવેરી જ્વેલર્સે પોતાનું નવું 14 કેરેટ પોલકી કલેકશન રજૂ કર્યું છે. આ કલેકશન ખાસ કરીને તે મહિલાઓ માટે તૈયાર કરવામાં આવ્યું છે, જે લગ્ન સમારંભો, સનડાઉનર ઈવેન્ટ્સ અને વિશેષ પ્રસંગોએ પોતાના વસ્ત્રોમાં શોભા, સૌમ્યતા અને ભવ્યતા ઉમેરવા માંગે છે



કલેકશનની મુખ્ય વિશેષતાઓ:

પિંક પોલકી સેટ - ગુલાબી આભા ધરાવતા રત્નો અને અનકટ હીરાથી શોભિત આ સેટ કોઈપણ પરિધાનને રાજસી અને સુશોભિત રૂપ આપે છા શાહી પન્ના હાર - પન્નાની સ્તરો અને ઝગમગતી પોલકીથી તૈયાર થયેલ આ હાર પરંપરાગત શાહી આભૂષણોની શાશ્વત ગરિમાને પ્રસ્તુત કરે છા ચોકર સેટ - સૌમ્યતા અને આધુનિકતાનું સંતુલન ધરાવતા આ ચોકર પરંપરાગત તેમજ આધુનિક બંને પ્રકારના પરિધાન સાથે સુંદર રીતે મેળ ખાતા છા દુલ્હન, સહેલીઓ, માતાઓ માટે કે ભેટરૂપે પણ આ કલેકશન એક ઉત્તમ પસંદગી સાબિત થાય છા પોતાની વર્ષો જૂની પરંપરાને અનુસરીને, હરિત ઝવેરી જ્વેલર્સ પારદર્શક અને યોગ્ય મૂલ્યની નીતિ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા જાળવી રાખે છે અને દરેક પ્રસંગે ગ્રાહકોને શ્રેષ્ઠ ગુણવત્તાના આભૂષણો પ્રદાન કરે છા

સ્ટોરનું સરનામું: હરિત ઝવેરી જ્વેલર્સ અક્ષર કોમ્પ્લેક્સ, ભૂતલ શિવરંજની ચોરાહા, સેટેલાઈટ અમદાવાદ, ગુજરાત - 380015

## પ્રથમ ગુજરાત રાજ્ય ઇ-વોલીબોલ ટુર્નામેન્ટ માં જાદવ આહવા ટીમ ચેમ્પિયન...



(એજન્સી) ડાંગ । તા. 23

ડાંગ જિલ્લાનાં વઘઈ ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજિત પ્રથમ ગુજરાત રાજ્ય ઇ-વોલીબોલ ટુર્નામેન્ટનું સફળ આયોજન વઘઈ સેવાસદનની બાજુમાં કરવામાં આવ્યું હતુ. ટુર્નામેન્ટમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આવેલી ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.ફાઈનલ મુકાબલામાં જાદવ આહવાની ટીમે શાનદાર રમત દાખવી ચેમ્પિયન ટ્રોફી પોતાના નામે કરી હતી.સમાપન સમારોહમાં વિજેતા તથા ઉપવિજેતા ટીમોને ટ્રોફી અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.ડાંગ જિલ્લાના ધારાસભ્ય તથા નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલના હસ્તે ટુર્નામેન્ટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભાજપ પ્રમુખ કિશોરભાઈ ગાવિત, તાલુકા પંચાયતના પ્રમુખ ચંદરભાઈ ગાવિત, વઘઈના યુવા આગેવાન પંકજભાઈ પટેલ, રિતેશભાઈ પટેલ, ધર્મેશ પટેલ સહિત રમતપ્રેમીઓ મોટી સંખ્યા ઉપસ્થિત રહ્યા હતા.આયોજકો રિઝવાન મીલવાલા,કાના સોહલા તથા તેમની ટીમે ભારે જહેમત ઉઠાવી વોલીબોલ ટુર્નામેન્ટ ને સફળ બનાવી હતી.

### રાઘવજી પટેલ AI વીડિયો વાયરલ

## પૂર્વ કૃષિમંત્રીને સાડી પહેરેલા બતાવી બદનામ કરાયા




જામનગર | જામનગર ગ્રામ્યના ધારાસભ્ય અને ગુજરાતના પૂર્વ કૃષિમંત્રી રાઘવજી પટેલને સોશિયલ મીડિયા પર બદનામ કરવાનું એક મોટું ષડયંત્ર સામે આવ્યું છે. આધુનિક આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો ઉપયોગ કરીને પૂર્વ મંત્રીનો એક વિકૃત વીડિયો બનાવવામાં આવ્યો છે. રાઘવજી પટેલ AI વીડિયો વાયરલ થતાં જ રાજકીય વર્તુળોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ વીડિયોમાં પૂર્વ મંત્રીને સાડી પહેરેલા બતાવવામાં આવ્યા છે અને તેની નીચે 'રાઘવજી ભ્રષ્ટાચારનું ઘર' જેવું અપમાનજનક લખાણ લખવામાં આવ્યું છે. આ મામલે પૂર્વ મંત્રીએ પોતે જામનગર સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં બે શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે. AI દ્વારા ફોટા અને વીડિયો સાથે છેડછાડ ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ફેસબુક પર 'વિશાલ કણસાગરા' અને ઈન્સ્ટાગ્રામ પર 'વી. કણસાગરા 77' નામના આઈડી ધારકોએ પૂર્વ મંત્રીની પરવાનગી વગર તેમના ફોટા મેળવ્યા હતા.

### હાડોડના સરપંચની પ્રશંસનીય કામગીરી ને લઈ દર મંગળવારે હાટ બજારના વેપારીઓને સારી એવી કમાણી થતા

## સરપંચ તેમજ ડેપ્યુટી સરપંચ વિશાલભાઈ પટેલ નો આભાર વ્યક્ત કર્યો

કમલેશ પટેલ | સંખેડા

સરપંચ તેમજ ડેપ્યુટી સરપંચ અને સમસ્ત ગામના લોકોના સાથ સહકાર દ્વારા કાર્યરત થતા સમગ્ર મેવાસ વિસ્તાર તેમજ બોડેલી નસવાડી છોટાઉદેપુર પાવીજેતપુર જેવા દૂર દૂરથી દર મંગળવારે વેપાર અર્થે આવતા વેપારીઓ સારી એવી કમાણી કરતા અને મેવાસ વિસ્તારના નાગરિકોને પણ સસ્તુ અને તાજુ શાકભાજી જેવી ચીજ વસ્તુઓ ની ખરીદી કરવા માટે મોટી સંખ્યામાં ભીડ જોવા મળે છે.

## ચાણસ્મા મેનાબા ભગુભાઈ પટેલ શિશુવિહાર ખાતે તુલસી દિવસનું આયોજન કરાયું

નિતીન ઠાકર | ચાણસ્મા

પ્રગતિના પંથે ધપી રહેલી ચાણસ્મા કેળવણી મંડળ સંચાલિત મેનાબા ભગુભાઈ પટેલ શિશુવિહાર ચાણસ્મા જે નાના ભૂલકાંઓ ને ભણતર ગણતર ની સાથે સંસ્કારનું સિંચન પણ કરે છે.તે અનુસંધાને તા.૨૩/ ૧૨/૨૦૨૫ મંગળવાર ના રોજ તુલસી દિવસ નું આયોજન કર્યું હતું.પોતાના બાળકો ને લાલ ટોપી અને લાલ કપડાં પહેરાવી ને ક્રિસમસ ના જોકર ના બનાવતા હિન્દુ સંસ્કૃતિ શીખવતા ઋષિ મુનિઓ અને સંતો એ ૨૫ ડિસેમ્બર ઈ.૨૦૧૪ થી



તુલસી દિવસ ની ઉજવણી કરવી એવું જાહેર કર્યું હતું.આ કાર્યક્રમ માં શ્રી પ્રભુદાસ માધવલાલ પટેલ, વાલી મેહમાન શ્રી પ્રવીણભાઈ સથવારા રિપોટર,કેળવણી મંડળ સભ્ય શ્રી મનુભાઈ કવિ અને વાલીશ્રીઓ એ હાજરી આપી હતી.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી ખાતે "કિસાન સમ્માન દિવસ" ની ઉજવણી કરવામાં આવી

કમલેશ પટેલ | સંખેડા

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રી ચૌધરી ચરણસિંહની જન્મતિથિ નિમિતે તેમની યાદમાં "કિસાન સમ્માન દિવસ"ની ઉજવણી કરવામાં આવી.આ કાર્યક્રમમાં ભારત સરકારના કૃષિમંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણે ઓનલાઈનના માધ્યમથી ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું.

## બાલકૃષ્ણ દવે એવોર્ડ થી રાજુલા ના કવિ શશીભાઈ રાજ્યગુરુ ને સન્માનિત કરવામાં આવ્યા




કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જગપ્રસિદ્ધ લોકસાહિત્યકાર સ્વ. બાલકૃષ્ણ દવે ની સ્મૃતિ માં દર વર્ષે અપાતા એવોર્ડ થી આ વર્ષે રાજુલા ના કવિ શશીભાઈ રાજ્યગુરુ સન્માનિત. અમેરિકા સ્થિત ડો. રાજેશભાઈ પટેલ ની અધ્યક્ષતામાં અને પ.પુ. સંતશ્રી ડો. રતીદાદા - ચલાલા તેમજ પૂ શ્રી ભક્તિરામ બાપુ-માનવ મંદિર સાવરકુંડલા ની ઉપસ્થિતિ માં રાજુલા ના યુવાન કવિ શ્રી શશિભાઈ રાજ્યગુરુ (હેમાલવી) ને ગઈ કાલે 'બાલકૃષ્ણ દવે એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### પાદરા તાલુકાના વડુ ગામે

## 25 વર્ષ અગાઉ બનેલી જર્જરિત પાણીની ટાંકી તંત્ર દ્વારા ઉતારી લેવાઈ



વડોદરા | વડોદરા જિલ્લાના પદરા તાલુકામાં વડુ ગામે આવેલી અને 25 વર્ષ અગાઉ બનેલી પાણીની ટાંકી જર્જરિત થઈ જતા સ્થાનિક રહેવાસીઓની સલામતીને ધ્યાને લઈને ઉતારી લેવાઇ હતી. ત્યારે એકત્ર થયેલા ગ્રામજનોએ ચીચીયારી પાડી ખુશી વ્યક્ત કરી હતી. અનિચ્છનીય બનાવને પોલીસ ટીમે બંદોબસ્ત જાળવ્યો હતો. આ વખતે સલામતીના કારણોસર ફાયર બ્રિગેડ ટીમ, એમ્બ્યુલન્સ વાન, તથા વીજ કંપનીના કર્મીઓને હડે પગે રખાયા હતા. શહેર નજીક પાદરા તાલુકામાં વડુ ગામે આવેલી અને 25 વર્ષ અગાઉ બનેલી અને છેલ્લા કેટલાય વખતથી આ ટાંકી જર્જરિત થઈ જતા સ્થાનિક રહેવાસીઓની સલામતીને ધ્યાને લઈને ઉતારી લેવાઇ હતી. ત્યારે એકત્ર થયેલા ગ્રામજનોએ ચીચીયારી પાડી ખુશી વ્યક્ત કરી હતી. અનિચ્છનીય બનાવને પોલીસ ટીમે બંદોબસ્ત જાળવ્યો હતો.

## મહાલના જંગલમાં દીપડીનો આતંક, 7 વર્ષના માસૂમ બાળકનું શિકાર કરતા અરેરાટી..

(એજન્સી) ડાંગ । તા. 23

ડાંગ જિલ્લાના ઉત્તર વન વિભાગ હેઠળ આવતા સુબીર તાલુકાના બરડીપાડા રેન્જમાં એક હૃદયદ્રાવક ઘટના ઘટી છે, જેમાં મહાલના જંગલ વિસ્તારમાં દીપડીએ સાત વર્ષના માસૂમ બાળકનો ભોગ લીધો છે.મળતી માહિતી મુજબ, મહાલ ગામનો રિતેકભાઈ જિતેરામભાઈ ધુલુમ (ઉમર વર્ષ 7) નામનો બાળક તેના દાદી અંતુબેન સાથે પશુઓ ચરાવવા જંગલ નજીકના ખેતરમાં ગયો હતો.રિતેકના માતા-પિતા સુગર ફેક્ટરીમાં મજૂરી કામે ગયા હોવાથી તે તેના દાદીના આશ્રય હેઠળ હતો. બપોરે આશરે બે વાગ્યાના સુમારે પોતાના બચ્ચા સાથે નીકળેલી દીપડીએ અચાનક દાદી અને બાળક પર હુમલો કરી દીધો હતો. દીપડીએ રિતેકના ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા તેનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતુ.



કમલેશ પટેલ | સંખેડા : આજરોજ ભાટપુર પ્રાથમિક શાળા પીએમ શ્રી ગુજરાત અંતર્ગત ગણિત વિજ્ઞાન પ્રદર્શન નું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમની રૂપરેખા અનુસાર 11:30 કલાકે ગણિત વિજ્ઞાન પ્રદર્શનની શરૂઆત કરવામાં આવેલ જેમાં બીઆરસી કોઓર્ડીનેટર સાહેબ શ્રી વિમલભાઈ પટેલ ગામના સરપંચ શ્રી તડવી પ્રમોદભાઈ સી.આર.સી કોઓર્ડીનેટર સાહેબ શ્રી રજનીભાઈ પટેલ એસએમસી અધ્યક્ષ શ્રી સભ્યશ્રીઓ વાલી મિત્રો શાળા પરિવાર તેમજ સાર્વજનિક હાઈસ્કૂલ ભાટપુર ના શિક્ષક શ્રી ઓ તેમજ બાળકો હાજરી આપી કાર્યક્રમ દિપાવ્યો.

### રાજકોટ બ્રિજ સ્લેબ દુર્ઘટના: 150 ફૂટ રિંગ રોડ પર સ્લેબ ભરતી વખતે જ ગાળો બેસી ગયો

# ટીલાળા ચોક બ્રિજ કામગીરી: સદનસીબે મોટી જાનહાનિ ટળી

(એજન્સી) રાજકોટ । તા. 23

રાજકોટના વ્યસ્ત ગણાતા 150 ફૂટ રિંગ રોડ પર ટીલાળા ચોક નજીક એક ગંભીર દુર્ઘટના સર્જાતા સહેજમાં અટકી છે. અહીં રિંગ રોડ-2 ને ફોરટ્રેક બનાવવાની ચાલી રહેલી કામગીરી દરમિયાન નિર્માણાધીન બેઠા પુલનો સ્લેબ ભરતી વખતે જ એક આખો ગાળો નમી પડ્યો હતો. રાજકોટ બ્રિજ સ્લેબ દુર્ઘટના ના સમાચાર વાયુવેગે ફેલાતા સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. સદનસીબે આ સમયે કોઈ મજૂર કે વાહનચાલક તેની નીચે ન હોવાથી મોટી જાનહાનિ ટળી છે. જો કે, આ ઘટનાને પગલે કોર્પોરેશન અને RUDA ની કામગીરી પર અનેક પ્રશ્નાર્થો ઉભા થયા છે.

200 ટન વજનનો સ્લેબ બેસી ગયો મળતી વિગતો મુજબ, 22 ડિસેમ્બરના રોજ જ્યારે બ્રિજ પર સ્લેબ ભરવાની પ્રક્રિયા પુરજોશમાં ચાલી રહી હતી, ત્યારે અચાનક ટેકા નબળા પડવાને કારણે અથવા ટેકનિકલ ખામીને લીધે સ્લેબનો એક મોટો ભાગ નીચેની તરફ નમી ગયો હતો. ટીલાળા ચોક બ્રિજ કામગીરી પર હાજર એન્જિનિયરોએ તાત્કાલિક જોખમ પારખી લીધું હતું. RUDA ના CEO એ આ અંગે જણાવ્યું કે, "અંદાજિત 200 ટન વજનનો સ્લેબ નમી ગયો હોવાની જાણ થતાં જ અમે કોન્ટ્રાક્ટરને તેને તોડી પાડી નવેસરથી કામ કરવા



સૂચના આપી છે." કરોડોના ખર્ચ સામે કામની ગુણવત્તા પર સવાલ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રિંગ રોડ-2 ને ફોરટ્રેક બનાવવા માટે આશરે રૂ. 93 કરોડથી વધુના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. જેમાં જામનગર હાઈવેથી કટારિયા ચોક અને કણકોટ સુધીનો રસ્તો ડેવલપ થઈ રહ્યો છે. આટલી મોટી રકમના ખર્ચ છતાં સ્લેબ બેસી જવાની ઘટનાથી 150 ફૂટ રિંગ રોડ પર ભ્રષ્ટાચારની આશંકા સેવવામાં આવી રહી છે. વિપક્ષોએ પણ આક્ષેપ કર્યો છે કે મટીરીયલની ગુણવત્તા અથવા સેન્ટરિંગની મજબૂતીમાં ક્યાંક ચૂક રહી ગઈ છે, જેના કારણે આ સ્થિતિ સર્જાઈ છે. કાટમાળ દૂર કરવાની કામગીરી તેજ ઘટના બાદ બ્રિજની આસપાસની જગ્યા સુરક્ષિત કરવામાં આવી છે અને જેસીબી તેમજ ક્રેન દ્વારા નમી ગયેલા સ્લેબને તોડવાનું કામ શરૂ કરી દેવાયું છે.

### યુક્રેનમાં ફસાયેલો મોરબીનો યુવક

## 'રશિયન આર્મીમાં ન જોડાતા', સાહિલે યુદ્ધના મેદાનથી પાઠવી ચેતવણી

(એજન્સી) મોરબી । તા. 23

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા વિનાશક યુદ્ધની વચ્ચે મોરબીનો એક યુવક અત્યંત કપરી પરિસ્થિતિમાં ફસાયો છે. વર્ષ 2022માં ઉચ્ચ અભ્યાસ માટે રશિયા ગયેલો સાહિલ મોહમ્મદ હુસૈન અત્યારે યુક્રેનિયન આર્મીના કબજામાં છે. યુક્રેનમાં ફસાયેલો મોરબીનો યુવક સાહિલે તાજેતરમાં યુક્રેન સરહદેથી એક નવો વીડિયો શેર કર્યો છે, જેમાં તેણે ભારત સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વહેલી તકે વતન પરત લાવવા કાકલૂદી કરી છે. આ સાથે તેણે ભારતીય યુવાનોને રશિયન આર્મીના પ્રલોભન કે દબાણમાં ન આવવા માટે આકરી ચેતવણી આપી છે.

ડ્રગ્સના કેસમાં ફસાવી જબરદસ્તી આર્મીમાં ભરતી સાહિલની વ્યથા સાંભળતા કાળજું કંપી ઉઠે તેવી છે. તે રશિયામાં અભ્યાસની સાથે પોતાનો ખર્ચ કાઢવા કુરિયર કંપનીમાં પાર્ટ-ટાઈમ નોકરી કરતો હતો. અહેવાલો અનુસાર, રશિયન પોલીસે તેને પકડી તેના પર ડ્રગ્સ સ્મગલિંગનો ખોટો આરોપ લગાવી દીધો હતો.

આ કેસમાંથી બચવા માટે તેને રશિયન આર્મીમાં જોડાવાના કરાર પર સહી કરવા મજબૂર કરાયો હતો. સાહિલનો યુક્રેન બોર્ડરથી વીડિયો એ વાતની સાક્ષી પૂરે છે કે કેવી રીતે ભારતીય યુવાનોને છેતરીને યુદ્ધના મોરચે મોકલવામાં આવે છે. સાહિલે યુક્રેન બોર્ડર પર પહોંચતા જ લડવાને બદલે શરણાગતિ સ્વીકારી લીધી હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# જૂનાગઢ ગીરના સિંહો વચ્ચે મેદાન-એ-જંગ જામ્યો

## વર્ચસ્વની લડાઈમાં ડણકોથી ગીર ગુંજી ઊઠ્યું, આધિપત્યની લડાઈનો અદભુત નજારો

(એજન્સી) જૂનાગઢ | તા. 23

એશિયાટિક સિંહોનું એકમાત્ર નિવાસસ્થાન એટલે આપણું ગીર. તાજેતરમાં સાસણ ગીરના જંગલ વિસ્તારમાં સફારી દરમિયાન પ્રવાસીઓને પ્રકૃતિનો એક એવો નજારો જોવા મળ્યો, જે જોઈને તેમના શ્વાસ અધ્ધર થઈ ગયા હતા. જંગલના રાજા ગણાતા બે શક્તિશાળી સિંહો વચ્ચે ઈનફાઈટનાં દૃશ્યો સામે આવ્યાં છે.

ગીરના જંગલમાં સિંહો પોતાના વિસ્તાર બાબતે ખૂબ જ સંવેદનશીલ હોય છે. આ લડાઈ પાછળનું મુખ્ય કારણ કદાચ આધિપત્ય મેળવવાની જિજ્ઞાસા હોઈ શકે, કારણ કે વીડિયોમાં જોઈ શકાય છે તેમ બંને સિંહો એકબીજા પર ભારે આક્રમક રીતે તૂટી પડ્યા હતા. સિંહોની ગર્જના અને પંજાના પ્રહારથી આખું જંગલ ગુંજી ઊઠ્યું હતું. લાંબી ખેંચતાણ અને શક્તિ પ્રદર્શનના અંતે



એક સિંહને હાર સ્વીકારી મેદાન છોડી ભાગવું પડ્યું હતું.

ગિરનાર અને સાસણ જંગલ વિસ્તારમાં વર્ષ દરમિયાન લાખો પ્રવાસીઓ મુલાકાતે આવે છે. સફારી પાર્કમાં જઈ રહેલા પ્રવાસીઓના કાફલા સામે જ જ્યારે આ દૃશ્યો સર્જાયાં ત્યારે લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. પ્રવાસીઓએ આ અદભુત નજારો પોતાના કેમેરામાં કેદ કર્યો હતો.

સોશિયલ મીડિયા પર આ પ્રકારના વીડિયો અવારનવાર વાઈરલ થતા રહે છે, જે દર્શાવે છે કે ગીરનું વન્યજીવન કેટલું જીવંત અને રોમાંચક છે. સિંહની એક ઝલક જોવા દૂર-દૂરથી લોકો આવે છે, ત્યારે બે સિંહોને નજર સામે લડતા જોવા એ કોઈપણ વન્યપ્રેમી માટે જિંદગીનો યાદગાર લહાવો બની જાય છે.

આજે ગીરના સિંહોના વીડિયો વિશ્વભરમાં સોશિયલ મીડિયાના માધ્યમથી લોકોનું આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. પ્રકૃતિ અને પ્રાણીજગતમાં 'બળિયાના બે ભાગ'વાળી કહેવત અહીં સાર્થક થતી જોવા મળે છે. ગિરનારની ગિરિકંદરાઓમાં વિહરતા સિંહો અને એમની આ શૌર્યગાથા પ્રવાસીઓને ફરી ફરીને ગીરની પ્રકૃતિ અને પ્રેમ માણવા ગીરમાં આવવા મજબૂર કરે છે.

### પત્નીએ પરસ્ત્રી સાથે રંગેહાથ ઝડપ્યો તો RTO ઇન્સ્પેક્ટર પતિએ હત્યા કરાવી દીધી, મિત્ર પાસે રસ્તા વચ્ચે જ ફાયરિંગ કરાવ્યું

# સુરતની RFO સોનલ સોલંકીનું 48 દિ' બાદ અમદાવાદમાં મોત



(એજન્સી) બારડોલી | તા. 23

સુરત જિલ્લાના કામરેજ નજીક જીવલેણ હુમલાનો શિકાર બનેલાં મહિલા આર.એફ.ઓ. સોનલ સોલંકીનું આખરે 48 દિવસની સારવાર બાદ આજે (23 ડિસેમ્બર) સવારે અમદાવાદ સિવિલમાં મોત નીપજ્યું છે. સુરતની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ગત 9 ડિસેમ્બરના રોજ તેમને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં તબીબોના અથાગ પ્રયત્નો છતાં તેમની સ્થિતિમાં કોઈ સુધારો થયો નહોતો.

સુરત જિલ્લાના કામરેજ વિસ્તારમાં સોનલ સોલંકી પર અજાણ્યા શખસો દ્વારા ગત 6-11-2025ના રોજ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. પોલીસ તપાસમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો કે આ હુમલો બીજું કોઈ નહીં, પરંતુ સોનલ સોલંકીના આર.ટી.ઓ. (RTO) પતિએ જ સોપારી આપીને કરાવ્યો હતો. પત્નીએ પતિને પરસ્ત્રી સાથે રંગેહાથ ઝડપ્યો તો પતિએ પત્નીને જ મોતને ઘાટ ઉતારવાનું આ કાવતરું રચ્યું હતું. હાલ RTO ઈન્સ્પેક્ટર પતિ નિકુંજ ગોસ્વામી તેમજ ફાયરિંગ કરનાર જેલમાં છે. હુમલા દરમિયાન ગોળી સોનલ સોલંકીના માથાના ભાગે વાગી હતી. ઘટના બાદ તાત્કાલિક સુરતની ખાનગી હોસ્પિટલમાં સર્જરી કરીને તેમના માથામાંથી ગોળી તો કાઢી લેવામાં આવી હતી, પરંતુ ગોળીને કારણે મગજમાં થયેલું નુકસાન અતિગંભીર હતું. સર્જરી બાદ પણ તેમની સ્થિતિ ક્યારેય સામાન્ય થઈ શકી નહોતી, જેના કારણે તેમને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવા પડ્યાં હતાં.

અડાજણ વન વિભાગની ઓફિસમાં ફરજ બજાવતાં રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO)સોનલ સોલંકી 6 નવેમ્બરની વહેલી સવારે કામરેજ નજીક ઈજાગ્રસ્ત હાલતમાં મળ્યાં હતાં. ઘરેથી અડાજણ જવા નીકળેલાં મહિલા અધિકારીની કાર ઝાડ સાથે ભટકાયેલી હાલતમાં મળતાં પોલીસને જાણ કરાઈ હતી. કારમાં તેમની સાથે પુત્ર પણ હોવાનું જાણવા મળતાં તાત્કાલિક અસરથી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ગંભીર રીતે ઘવાયેલાં RFOને સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. આ સાથે જ બનાવ અંગે પરિવારજનોને જાણ કરવામાં આવી હતી.

સોનલ સોલંકીના નિધન સાથે જ હવે આ કેસમાં પોલીસની કાર્યવાહી વધુ તેજ અને કડક બનશે. અત્યારસુધી પોલીસ દ્વારા 'હત્યાના પ્રયાસ' હેઠળ તપાસ ચાલતી હતી.

### 10 મહિના પહેલાં મહિલા અધિકારીના પતિ અન્ય સ્ત્રી સાથે મળી આવતાં ભારે હોબાળો મચ્યો હતો

ગત જાન્યુઆરી મહિના RFO સોનલબેન સોલંકીના પતિ RTO ઈન્સ્પેક્ટર અન્ય મહિલા સાથે ફ્લેટમાં ઝડપાયા હતા. સુરત RTOમાં ફરજ બજાવતાં સોનલબેનના પતિ પોતાની પત્નીને મૂકી અન્ય સ્ત્રી સાથે રહેતા હોવાના આક્ષેપ પત્નીએ કર્યા હતા. સુરતના ઉમરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કેશવનગરના એક ફ્લેટમાં ઈન્સ્પેક્ટર પતિ એક યુવતી સાથે હતો ત્યારે જ પત્ની સોનલબેન પોલીસને લઈ ત્યાં પહોંચ્યાં હતાં અને હોબાળો મચાવ્યો હતો. પોલીસે પતિ અને તેની સાથે મળી આવેલી યુવતીને ઉમરા પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. સોનલબેને પોતાના પતિ અને સાસરિયાં સામે એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવવા

## ન્યૂઝ ફ્લેશ

### ખેરોજ ચેકપોસ્ટ પરથી 4.60 લાખના ગાંજા સાથે 2 ઝડપાયા

સાબરકાંઠા (હિંમતનગર) | સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાની ખેરોજ પોલીસે ખેરોજ ચેકપોસ્ટ પરથી વાહન ચેકિંગ દરમિયાન 4.60 લાખ રૂપિયાના ગાંજા સાથે બે વ્યક્તિને ઝડપી પાડ્યા છે. પોલીસે કાર સહિત કુલ 6.20 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે ખેરોજ પોલીસ સ્ટેશનમાં ત્રણ આરોપીઓ વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ખેરોજ પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.એન. સાધુ અને સ્થાનિક પોલીસ સ્ટાફ નાઈટ રાઉન્ડ દરમિયાન ખેરોજ ચેકપોસ્ટ પર વાહન ચેકિંગ કરી રહ્યા હતા. તે સમયે GJ-18-BL-7509 નંબરની સફેદ રંગની શેવરોલેટ ટાવેરા B2 NEO3 MAX 10 કાર આવતા તેને રોકવામાં આવી હતી.

કારની તલાશી લેતા તેમાંથી ગેરકાયદેસર માદક પદાર્થ ગાંજાનો 9.211 કિલોગ્રામ જથ્થો મળી આવ્યો હતો, જેની કિંમત 4,60,550 રૂપિયા આંકવામાં આવી છે. પોલીસે ટાવેરા કાર (કિંમત 1,50,000 રૂપિયા) અને બે મોબાઈલ ફોન (કિંમત 10,000 રૂપિયા) સહિત કુલ 6,20,550 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ કેસમાં પંકજભાઈ બાબુભાઈ પંચાલ (ઉં.વ. 36, રહે. જીતપુર, તા. બાયડ, જી. અરવલ્લી, હાલ રહે. અંબિકાનગર સોસાયટી, બાયડ) અને સતેન્દ્રગીરી આનંદગીરી સન્યાસી (ઉં.વ. 42, રહે. બળિયાદેવ મહારાજ મંદિર, ડાભા, તા. બાયડ, જી. અરવલ્લી) નામના બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

### ડેરીની આડમાં વેચાતા 'ગોગો પેપર' ઝડપાયા

સુરત | સુરત શહેરમાં નશાના કારોબાર સામે પોલીસે લાલ આંખ કરી છે. સરકાર દ્વારા નશા માટે ઉપયોગમાં લેવાતા 'ગોગો પેપર' પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવા છતાં, સુરતના કેટલાક વિસ્તારોમાં છૂપી રીતે તેનું વેચાણ થતું હોવાની વિગતો સામે આવી રહી છે. તાજેતરમાં વરાછા પોલીસે એક ડેરીમાં દરોડો પાડીને ગેરકાયદેસર રીતે વેચાતા ગોગો પેપરનો જથ્થો ઝડપી પાડ્યો છે.

વરાછા વિસ્તારની એક ડેરીમાં દૂધ અને દહીંની આડમાં યુવાધનને નશાના રવાડે ચઢાવતા ગોગો પેપરનું વેચાણ થઈ રહ્યું છે. આ બાતમીના આધારે પોલીસે સતર્કતા દાખવી ડેરી પર ઓચિંતો છાપો માર્યો હતો. તપાસ દરમિયાન પોલીસને દુકાનમાંથી 50થી વધુ ગોગો પેપરના પેકેટ મળી આવ્યા હતા. સરકારી પ્રતિબંધનો ભંગ કરીને નશાની સામગ્રી રાખવા બદલ વરાછા પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા તમામ 50થી વધુ ગોગો પેપરનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ડેરી માલિકની સ્થળ પરથી જ અટકાયત કરવામાં આવી છે. આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને અન્ય કેટલા લોકો આ નેટવર્કમાં સામેલ છે, તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે. ઉલ્લેખનીય છે કે, ગોગો પેપરનો મુખ્ય ઉપયોગ માદક પદાર્થો ભરીને નશો કરવા માટે કરવામાં આવતો હોય છે. યુવા પેઢીમાં વધતા નશાના ચલણને રોકવા માટે રાજ્ય સરકાર દ્વારા તેના વેચાણ પર કડક પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

### પતરાના શેડમાં બનેલા ગોડાઉનમાં આગનો ડ્રોન વીડિયો

# ગોડાદરામાં ભીષણ આગથી ફર્નિચર સહિત 20 ગોડાઉનોમાં કરોડોનું નુકસાન

**ત્રણ જેટલા જેસીબીથી પતરાના શેડ તોડ્યા :** ફાયર ઓફિસર એસ. ડી. ધોબીએ જણાવ્યું હતું કે, ગોડાદરામાં અંબિકા ફર્નિચરમાં કંઈક આગ લાગવાની ફાયર કંટ્રોલને 6.42 એ કોલ મળેલો હતો. તાકીદે ઘટનાસ્થળે ટીમોને રવાના કરવામાં આવેલી. આગની ગંભીરતા પારખીને અન્ય બાઉઝરો, પાણીના ટેન્કરો મંગાવી લેવામાં આવ્યા અને પતરાના શેડ હોય તાકીદે ત્રણ જેટલા જેસીબી મશીન મંગાવી લેવામાં આવ્યા ઝોનમાંથી અને અલગ અલગ પાર્ટીશન કરીને આગને કંટ્રોલમાં લેવામાં આવી છે. 24 જેટલી દુકાનો હતી એમાં ચાર શટરોને બચાવી લેવામાં આવ્યા છે.

સુરત | સુરતના ગોડાદરા વિસ્તારમાં આવેલા દેવધ ગામ ખાતે ગત રોજ મોડી સાંજે પતરાના શેડમાં બનાવવામાં આવેલા અંબિકા ફર્નિચર અને ટ્રાન્સપોર્ટના ગોડાઉનોમાં એકાએક ભીષણ આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં 24 પૈકી 20 જેટલા ગોડાઉનો આગની લપેટમાં આવી ગયા હતા, જેમાં રહેલો કરોડોનો માલસામાન બળીને ખાખ થઈ ગયો છે. સમગ્ર આગ પર 8 કલાકથી વધુ સમય કાબૂ મેળવતા થયો હતો.

મળતી માહિતી પ્રમાણે, ગોડાદરા દેવધ ગામ પાસે આવેલા દેવધ પોલિસ ચોકી નજીક ખુલ્લા પ્લોટમાં પતરાના શેડમાં અલગ અલગ ગોડાઉન આવેલા છે. જે પૈકી અંબિકા ફર્નિચર નામથી ગોડાઉન બનાવવામાં આવ્યું છે. જેમાં સોમવારે સાંજે 6.42 કલાકે આગ લાગી હતી. જોતજોતામાં આગ ફેલાઈને આજુબાજુમાં આવેલા અન્ય ગોડાઉનમાં ફેલાતા ભીષણ બની હતી.

ગોડાઉનના માલિકો તથા સ્થાનિક લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા ડુંભાલ, ડિંડોલી, માનદરવાજા, સરથાણા, મજુરા, ભીમરાડ, મોરાભાગળ, અડાજણ, ભેસ્તાન સહિતના 15થી વધુ ફાયર સ્ટેશનોની ટીમ તથા ફાયર વિભાગના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આગની તીવ્રતા એટલી વધારે હતી કે



તેને કાબૂમાં લેવા માટે 25થી વધુ ગાડીઓ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર વિભાગના 100થી વધુ જવાનોએ ભારે જહેમત બાદ મોડી રાત્રે અઢી વાગ્યે આગ પર અંકુશ મેળવ્યો હતો. જે જગ્યાએ આગ લાગી હતી ત્યાં તમામ પતરાના શેડ સંપૂર્ણપણે ગેરકાયદેસર ઉભા કરવામાં આવ્યા હતા. આ ગેરકાયદે બાંધકામોને કારણે ફાયરના જવાનોને અંદર પહોંચવામાં અને પાણીનો મારો ચલાવવામાં ભારે મુશ્કેલી પડી હતી. અંતે, મોડી રાત્રે 3 જેટલા જેસીબી મશીનો બોલાવીને પતરાના શેડ તોડવામાં આવ્યા હતા, ત્યારબાદ જ જવાનો આગના કેન્દ્ર સુધી પહોંચી શક્યા હતા.

ફર્નિચર અને ટ્રાન્સપોર્ટના માલસામાનને કારણે કરોડો રૂપિયાનું નુકસાન થયું હોવાનો અંદાજ છે. ગેરકાયદે પતરાના શેડને કારણે આગ બુઝાવવામાં મુશ્કેલી પડી હતી. કુલ 24 ગોડાઉનોમાંથી 20 ગોડાઉનો આગની ઝપેટમાં આવ્યા હતા અને બળીને ખાખ થઈ ગયા છે. ચાર ગોડાઉનને ફાયર વિભાગ દ્વારા બચાવી લેવા આવ્યા છે. સદનસીબે, આ વિકરાળ આગમાં કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી, પરંતુ આર્થિક રીતે મોટું નુકસાન થયું છે. તંત્ર દ્વારા હવે આ ગેરકાયદેસર ગોડાઉનો સામે શું પગલાં લેવામાં આવશે તેના પર સૌની નજર રહેશે.

## 154 પોલીસકર્મીઓને એકસામટે ટ્રાફિકમાં મૂકી દેવામાં આવ્યાં...

(એજન્સી) વડોદરા | તા. 23

વડોદરા શહેર પોલીસ વિભાગમાં આંતરિક બદલીઓ કરવામાં આવી છે. વડોદરા શહેરના વિવિધ પોલીસ સ્ટેશનોમાં ફરજ બજાવતા કુલ 154 પોલીસ કર્મીઓની બદલી ટ્રાફિક વિભાગમાં કરવામાં આવી છે. આ આદેશ વડોદરા પોલીસ કમિશનર દ્વારા જારી કરવામાં આવ્યો છે.

વડોદરા શહેર પોલીસના લોકરક્ષક, કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ અને ASIની બદલી કરવામાં આવી છે. આ આંતરિક બદલીઓ પોલીસ વિભાગની સામાન્ય વહીવટી પ્રક્રિયાનો ભાગ છે, જે સમયાંતરે કાર્યક્ષમતા વધારવા અને વિભાગોને સંતુલિત કરવા માટે કરવામાં આવે છે. બદલી થયેલા કર્મીઓ ટૂંક સમયમાં જ ટ્રાફિક વિભાગમાં



જોડાશે. વડોદરા શહેર પોલીસમાં અવારનવાર બદલીઓ થતી રહે છે. આ વખતે એક સાથે 154 પોલીસકર્મીઓની બદલી કરવામાં આવી છે, જેને પગલે પોલીસ બેડામાં ચર્ચા જાગી છે.

## થાર પાછળ 40 મોપેડ સવારોએ ટ્રાફિક નિયમોના ધજાગરા ઉડાડ્યા : હેલ્મેટ વગર એક્ટિવા સવારોની રેલી : ટ્રાફિક પોલીસ દ્વારા તપાસ શરૂ

(એજન્સી) સુરત | તા. 23

સુરત શહેરમાં ટ્રાફિક નિયમોના પાલન માટે પોલીસ હાલ લાલ આંખ કરી રહી છે. દરરોજ સરેરાશ 2000થી 2500 જેટલા વાહનચાલકોને ટ્રાફિક નિયમ તોડવા બદલ ચલણ આપી રહી છે. પોલીસની આ આકરી ડ્રાઈવ વચ્ચે સોશિયલ મીડિયા પર એક વીડિયોએ ભારે ચર્ચા જગાવી છે, જેમાં ટ્રાફિકના નિયમોના સરેઆમ ધજાગરા ઉડતા જોવા મળી રહ્યા છે. આ વીડિયો 'રવિ ફાઈટર' નામના સોશિયલ મીડિયા હેન્ડલ પરથી વાઈરલ થયો છે.

વીડિયોમાં જોઈ શકાય છે કે એક સફેદ રંગની થાર ગાડી રસ્તા પર જઈ રહી છે અને તેની પાછળ અંદાજે 30થી 40 જેટલા યુવાનો એક્ટિવા અને બાઈક લઈને સવાર છે. આટલી મોટી સંખ્યામાં હોવા છતાં, ટોળામાં રહેલા એક પણ યુવાને હેલ્મેટ પહેરવાની તસ્દી લીધી નથી, જે ટ્રાફિક પોલીસની કામગીરીને જાહેરમાં પડકાર ફેંકી રહ્યા હોય તેવું પ્રતીત થાય છે.સુરતમાં છેલ્લા કેટલાક સમયથી



જાહેરનામાનો ભંગ અને ટ્રાફિક નિયમોના ઉલ્લંઘનની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી છે. અગાઉ ABVPના સભ્યો દ્વારા નિયમોનું ઉલ્લંઘન હોય કે ડુમ્મસ રોડ પર ઉદ્યોગપતિ દિપક ઈજારદાર દ્વારા વચલા રસ્તે જન્મદિવસની ઉજવણી, આવી ઘટનાઓ સુરત પોલીસની છબી ખરડી રહી છે. આ વાઈરલ વીડિયો પણ તે જ શ્રેણીનો એક ભાગ હોય તેમ લાગે છે, જેમાં નિયમોને નેવે મૂકીને યુવાનો રસ્તા પર નીકળી પડ્યા છે.

આ સમગ્ર મામલો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં ટ્રાફિક વિભાગ પણ હરકતમાં આવ્યું છે. ટ્રાફિક વિભાગના એસીપી એસ. આર. ટંડેલે આ બાબતે ગંભીરતા દર્શાવતા જણાવ્યું હતું કે, આ વીડિયો ક્યાં સમયનો છે અને તેમાં દેખાતા શખ્સો કોણ છે તેની વિગતવાર તપાસ કરવામાં આવશે. સીસીટીવી ફૂટેજ અને વાહનોના નંબરના આધારે આ તમામ તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી તેમણે ખાતરી આપી છે.

આ વીડિયો સામે આવ્યા બાદ સામાન્ય નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સોશિયલ મીડિયા પર કહી રહ્યા છે કે એકલ-દોકલ વાહનચાલક હેલ્મેટ વગર હોય તો પોલીસ તાત્કાલિક દંડ ફટકારે છે, પરંતુ આવા ટોળાઓ સામે પોલીસ કેમ નરમ પડે છે?

### જુનાગઢમાં 23 લાખના ડ્રગ્સ કેસમાં બે વર્ષથી ફરાર આરોપી મધ્યપ્રદેશથી પકડાયો

# NDPS ગુનાનો વોન્ટેડ આરોપી મધ્યપ્રદેશથી ઝડપાયો

(એજન્સી) જુનાગઢ | તા 23

ડ્રગ્સ અને નશાના કાળા કારોબાર સામે જુનાગઢ પોલીસે લાલ આંખ કરી છે. જુનાગઢ રેન્જ આઈજી નિલેશ જાજડીયા અને ઈન્ચાર્જ એસપી બી.સી. ઠક્કરની સૂચના હેઠળ નાસતા-ફરતા આરોપીઓને પકડવા શરૂ કરાયેલી ઝુંબેશમાં SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) ને મોટી સફળતા મળી છે. જુનાગઢ એ ડિવિઝન અને માંગરોળ પોલીસ સ્ટેશનના NDPS એક્ટ હેઠળના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલ અને લાંબા સમયથી વોન્ટેડ આરોપી રફીકખાન ઉર્ફે રફીકલાલાને મધ્યપ્રદેશના મન્સોર ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો છે.

જુનાગઢ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં વર્ષ 2022 માં 233.78 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ પકડાયું હતું, જેની કિંમત



23,37,800 રૂપિયા હતી. આ ઉપરાંત માંગરોળ પોલીસ સ્ટેશનમાં વર્ષ 2023 માં નોંધાયેલા ગુનામાં પણ મેફેડ્રોન, ચરસ, ગાંજો અને ઓપીએટ જેવા માદક પદાર્થો મળી આવ્યા હતા. આ બંને ગુનામાં રાજસ્થાનનો રફીકખાન ઉર્ફે રફીકલાલા અગદરશાહખાન પઠાણ (ઉંમર 41) પોલીસને હાથતાળી આપી નાસતો ફરતો હતો. એસઓજી પીઆઈ આર.કે.પરમાર અને તેમની ટીમ સતત આ આરોપીના લોકેશન પર નજર રાખી રહી હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ પ્રતાપભાઈ શેખવા અને બાલુભાઈ બાલસને સચોટ બાતમી મળી હતી કે આરોપી હાલ મધ્યપ્રદેશના મન્સોર ખાતે છુપાયેલો છે. આ બાતમીના આધારે ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ એસઓજીની એક ખાસ ટીમ મધ્યપ્રદેશ રવાના કરવામાં આવી હતી અને ત્યાંથી રફીકલાલાને દબોચી લઈ જુનાગઢ લાવવામાં આવ્યો છે. હાલ તેની એ ડિવિઝન પોલીસ મથકે અટકાયત કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જુનાગઢ પોલીસે છેલ્લા એક-બે વર્ષમાં ડ્રગ્સ માફિયાઓ વિરુદ્ધ આક્રમક અભિગમ અપનાવ્યો છે. શહેર અને જિલ્લામાં અલગ-અલગ દરોડા પાડીને પોલીસે અત્યાર સુધીમાં કરોડો રૂપિયાનો નશાનો જથ્થો ઝડપી પાડ્યો છે. ખાસ કરીને યુવાધન નશાના રવાડે ન ચડે તે માટે ડ્રગ્સના સપ્લાયરો અને પેડલરો પર કડક વોચ રાખવામાં આવી રહી છે. રાજસ્થાન અને મધ્યપ્રદેશ કનેક્શન ધરાવતા આરોપીઓની ધરપકડથી નશાના નેટવર્કને તોડવામાં પોલીસને મોટી સફળતા મળી છે.

આ ઓપરેશનમાં એસઓજી પીઆઈ આર.કે. પરમાર, પીએસઆઈ એ. એચ. માધવાચાર્ય, એએસઆઈ જીતેન્દ્રસિંહ ચૌહાણ, હેડ કોન્સ્ટેબલ પ્રતાપભાઈ શેખવા, બાલુભાઈ બાલસ અને ડ્રાઈવર હેડ કોન્સ્ટેબલ જયેશભાઈ બકોત્રા સહિતના સ્ટાફની મહેનત રંગ લાવી છે.

## રીક્ષામાં દારૂની હેરાફેરી : 31મી ડિસેમ્બર પૂર્વે ભાવનગર LCB દ્વારા સપાટો કરાયો

(એજન્સી) ભાવનગર | તા. 23

આગામી 31 મી ડિસેમ્બરની ઉજવણીને ધ્યાને રાખીને દારૂ અને જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓને ડામવા માટે પોલીસ તંત્ર સતર્ક બન્યું છે. ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચએ શહેરના નારી ચોકડી વિસ્તારમાંથી એક ઓટો રિક્ષામાંથી રૂ.3 લાખથી કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો સાથે એક ઈસમ ઝડપાયો હતો, જ્યારે બેન ઈસમોને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા હતા, અ બનાવ અંગે એલસીબી કચેરીએથી જાણવા મળતી વિગતો અનુસાર LCBની ટીમ જ્યારે નાઈટ પેટ્રોલિંગમાં હતી, ત્યારે તેઓને ચોક્કસ બાતમી મળી હતી કે એક લીલા-પીળા કલરની ઓટો રિક્ષા નંબર GJ-04-AU-3400 માં પરપ્રાંતીય ઈંગ્લિશ દારૂનો જથ્થો ભરીને નારી ચોકડીથી ભાવનગર શહેર તરફ આવી રહી છે. આ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી રેઈડ કરતા દારૂના જથ્થા સાથે એક આરોપીને




ઝડપી પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી સુશીલ સતીષભાઈ પરમાર રહે. આડોડીયાવાસ, ભાવનગર નામના શખ્સની ધરપકડ કરી છે. જ્યારે આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે શખ્સો, સુમીત સુનીલભાઈ પરમાર અને કેતન મોહનભાઈ પરમારને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દ્રઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે.

**વૃષભ : બ. વ. ઉ.**

આજે ટૅન્શનમુક્ત અને શાંત રહો. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. તમારા અનિશ્ચિત વર્તન છતાં જીવનસાથી સહકાર આપશે. પ્રેમ જીવન ગતિશીલ હશે. સહકર્મચારીઓ સાથે કામ પાર પાડતી વખતે કુનેહની જરૂર પડશે.

**મિથુન : ક. છ. ઘ.**

જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે.

**કર્ક : ડ. હ.**

જે લોકોએ પોતાના પૈસા જુગાર માં લગાવી રાખ્યા છે તેમને આજે નુકસાન થવાની શક્યતા છે. તમને જુગાર થી દૂર રહેવાની સલાહ આપવા માં આવે છે. પત્ની સાથે ખરીદી અત્યંત માણવાલાયક હશે. આ બાબત તમારી વચ્ચેની સમજણને પણ વધારશે.

**સિંહ : મ. ટ.**

તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. ઘરમાં કોઈપણ પ્રકારના ફેરફાર કરતા પૂર્વે તમારા વડીલોના સલાહ-સૂચન લો અન્યથા તેનાથી ગુસ્સો તથા નારાજગીને આમંત્રણ મળશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો તમે જેને ઓળખો છો.

**તુલા : ર. ત.**

ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.

**વૃશ્ચિક : ન. ય.**

તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. તમારા ઘરનું દ્રશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. તમારા રૉમેન્ટિક અ ભિ પ્રા યો ને જાહેર ન કરો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આનંદથી ભરેલો સારો દિવસ. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વૅકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે.

**મકર : ખ. જ.**

તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. કમિશન,ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે.

**મીન : દ.ચ. ઝ. થ.**

કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. રૉમાન્સ માટે બહુ સારો દિવસ નથી કેમ કે તમને સાચો પ્રેમ નહીં મળે.

### 130 થી વધુ ખેલાડીઓને પુરસ્કારની રકમ ન મળી હોવાથી નારાજગી ફેલાઇ હતી

# ભાવનગરના ખેલાડીઓને એક વર્ષ બાદ હવે ખેલ મહાકુંભની પુરસ્કારની રકમ મળી

(એજન્સી) ભાવનગર | તા.23




રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે પરંતુ ખેલાડીઓને પુરસ્કારની રકમ સમયસર મળતી નથી તેથી ખેલાડીઓમાં નારાજગી ફેલાઈ હતી. આજે એક વર્ષ બાદ ઘણા ખેલાડીઓને ગત વર્ષના ખેલ મહાકુંભની પુરસ્કારની રકમ મળી છે તેથીય ખેલાડીઓને રાહત થઈ છે. ભાવનગર સહિત રાજ્યભરમાં ખેલાડીઓને પ્રોત્સાહન આપવા સરકાર દ્વારા ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે, જેમાં બહોળી સંખ્યામાં ખેલાડીઓ ભાગ લે છે અને રાજ્યકક્ષાએ મેડલ પણ મેળવે છે પરંતુ આ મેડલ મેળવનાર ખેલાડીઓને પુરસ્કારની રકમ એક-બે વર્ષ સુધી મળતી નથી, જે ગંભીર બાબત છે. ભાવનગર શહેર અને જિલ્લાના બાસ્કેટબોલ, હેન્ડબોલ, વોલીબોલ, એથ્લેટિક્સ સહિતના કેટલીક રમતના ૧૩૦ થી વધુ ખેલાડીઓને ગત વર્ષના ખેલ મહાકુંભની ઈનામની રકમ મળી ન હતી તેથી ખેલાડીઓમાં રોષ જોવા મળી રહ્યો હતો અને આ બાબતે જિલ્લા રમત-ગમત અધિકારીને વારંવાર રજૂઆત પણ કરી હતી ત્યારે હવે હેન્ડબોલ સહિતની રમતના ઘણા ખેલાડીઓના બેંક ખાતામાં પુરસ્કારની રકમ જમા થઈ હોવાનું સુત્રોએ જણાવેલ છે. ગત વર્ષના ખેલ મહાકુંભની રકમ એક વર્ષે ખેલાડીઓને મળી છે તેથી ખેલાડીઓમાં કચવાટ ફેલાયો હતો. આજે સોમવારે પુરસ્કારની રકમ મળતા ખેલાડીઓને હાશકારો થયો હતો. કેટલાક ખેલાડીઓના બેંક ખાતામાં હજુ રકમ જમા થઈ ન હોવાનુ પણ જાણવા મળેલ છે ત્યારે આ બાબતે જવાબદાર અધિકારીઓએ યોગ્ય પગલા લેવા જરૂરી છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષે ખેલ મહાકુંભ કરવામાં આવે છે પરંતુ ખેલાડીઓને પુરસ્કારની રકમ તત્કાલ મળતી નથી અને આ રકમ મળવામાં લાંબો વિલંબ થતો હોય છે.

### બેંક ઓફ ઇન્ડિયાએ લોંગ-ટર્મ ઇન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડ્સ દ્વારા

## રૂ. 10,000 કરોડ એકત્ર કર્યાં, ઇશ્યૂ માટે રૂ. 15,305 કરોડની માગ જોવા મળી

Bank of India

મુંબઇ | જાહેર ક્ષેત્રની અગ્રણી બેંક ઓફ ઈન્ડિયાએ આજેએનએસઈ ઈલેક્ટ્રોનિક બિડિંગ પ્રોવાઈડર પ્લેટફોર્મ દ્વારા વાર્ષિક 7.23 ટકાના દરે લોંગ ટર્મ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બોન્ડ જારી કરીને રૂ. 10,000 કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. આ ઈશ્યૂનું મૂળ કદ રૂ. 5,000 કરોડ હતું, જેમાં રૂ. 5,000 કરોડનો 'ગ્રીન શૂ' વિકલ્પ પણ સામેલ હતો. બેંકને કુલ 83 બિડ મળી હતી, જેનું મૂલ્ય રૂ. 15,305 કરોડ હતું. તેમાંથી બેંકે રૂ. 10,000 કરોડની 37 બિડ સ્વીકારી હતી. લોંગ ટર્મ બોન્ડ દ્વારા એકત્ર કરાયેલા ભંડોળનો ઉપયોગ આરબીઆઇ માર્ગદર્શિકા અનુસાર માળખાગત સુવિધાઓના સબ-સેક્ટર્સ અને એફોર્ડેબલ હાઉસિંગ (એએફએચએચ) માં લાંબા ગાળાના પ્રોજેક્ટ્સને ફાઈનાન્સ કરવા માટે કરવામાં આવશે. આ ઈશ્યૂ દ્વારા બેંક દ્વારા એકત્ર કરાયેલા ભંડોળ કોઈ ચોક્કસ પ્રોજેક્ટને ફાઈનાન્સ કરવા માટે નથી.

### ગ્રાહકોની વધતી આકાંક્ષાઓ

## ભારતના ધિરાણ ક્ષેત્રમાં પ્રીમિયમ વપરાશ અને ડિજિટલ-ફર્સ્ટ ધિરાણ તરફ જોવાયેલું પરિવર્તન

મુંબઈ | ગ્રાહકોની વધતી આકાંક્ષાઓ, પ્રીમિયમ પ્રોડક્ટ્સ માટે વધતી જતી પસંદગી અને ડિજિટલ-ફર્સ્ટ ધિરાણ મોડલ્સની ઝડપી સ્વીકૃતતાના પગલે ભારતના રિટેલ ધિરાણના ક્ષેત્રે માળખાકીય પરિવર્તન જોવાઈ રહ્યું છે, એમ એચડીબી ફાઈનાન્શિયલ સર્વિસીઝ દ્વારા નિરીક્ષણ કરાયેલા વલણોમાં જાણવા મળ્યું છે. વિવિધ કેટેગરીઝમાં ગ્રાહકોએ વિવેકાધીન ખર્ચમાં વધુ વિશ્વાસ દર્શાવ્યો છે. એન્ટ્રી લેવલના વિકલ્પો કરતા કિંમતી પ્રોડક્ટ્સ તરફનો આ સ્પષ્ટ ઝુકાવ જોવા મળે છે. આ પ્રીમિયમાઈઝેશન ટ્રેન્ડ ખાસ કરીને કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સમાં વધુ જોવા મળે છે જ્યાં મોંઘા સ્માર્ટફોન અને ડિવાઈસીસ માટેની માંગ સ્થિર ગતિએ વધી રહી છે. પ્રીમિયમ મોબાઈલ ફોન તરફનો મજબૂત ઝુકાવ ન કેવળ પ્રોડક્ટની પસંદગીમાં પરંતુ વ્યાપક સામાજિક-આર્થિક પરિવર્તનમાં પણ જોવા મળે છે કારણ કે આકાંક્ષા સાથેનો વપરાશ મેટ્રો શહેરોથી આગળ વધીને ટિયર 2 અને ટિયર 3 બજારોમાં પહોંચ્યો છે.

## ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સ દ્વારા સ્પેશિયલ ડિસેમ્બર EMI ઓફર્સ લોન્ચ

મુંબઈ | ભારતની અગ્રગણ્ય વાહન ઉત્પાદક ટાટા મોટર્સ પેસેન્જર વેહિકલ્સ લિમિટેડ (ટીએમપીવી) દ્વારા ડિસેમ્બરના મહિના માટે આકર્ષક માસિક ઈએમઆઈ પ્લાન જાહેર કરવામાં આવ્યા છે. ટિયેગો માટે માસિક ફક્ત રૂ. 4999થી શરૂ થતા અને Curvv.ev માટે માસિક રૂ. 14,555 સુધી જતા ઈએમઆઈ સાથે વર્ષાંત પૂર્વે તમારું ફેવરીટ ટાટા વેહિકલ ઘરે લાવવાનો નિ:શંક રીતે શ્રેષ્ઠ સમય છે. આ ઓફરો વિશે વધુ જાણવા માટે કૃપા કરી તમારા નજીકના ટાટા મોટર્સ પીવી શોરૂમની મુલાકાત લો અથવા cars.tatamotors.com પર લોગ ઓન કરો.

### સબસ્ટાન્સથી સ્ટાઈલના સર્જનની માન્યતા પર આધારિત

## ટાઇટને પીવી સિંધુ અને વિક્રાંત મેસીને દર્શાવતું નવું બ્રાન્ડ કેમ્પેઈન 'વેર યોર સ્ટોરી' લોન્ચ કર્યું

અમદાવાદ | દરેક વ્યક્તિ પાસે કહેવા માટે એક વાર્તા હોય છે. એક એવી વાર્તા જે તેઓ કોણ છે, તેમની માન્યતાઓ શું છે? અને તેઓ જે પસંદગીઓ કરે છે એમાંથી ઉભરી આવે છે. તે એમનું અંગત સત્ય અને એમનું સાચું વ્યક્તિત્વ છે જે એમની સ્ટાઈલને આકાર આપે છે. સબસ્ટાન્સથી સ્ટાઈલના સર્જનની માન્યતા પર આધારિત આ અભિયાન નવી પેઢીને તેમના સત્યને ઈરાદા અને મજબૂત આત્મવિશ્વાસ સાથે પહેરવા આમંત્રણ આપે છે. ડબલ ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુ અને રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેતા વિક્રાંત મેસી આ અભિયાનમાં મહત્વની ભૂમિકામાં છે, જેમનું જીવન તેમની માન્યતાઓ અને પસંદગીઓની બારીકાઈ, હિંમત અને પ્રામાણિકતાને પ્રતિબિંબિત કરે છે. તેમની વાર્તાઓ આજની પેઢીની ભાવનાનો પડઘો પાડે છે, જેઓ અનુકરણ કરવાને બદલે ઓળખને અને ઝાકમઝોળને બદલે અર્થપૂર્ણ બાબતોને મહત્વ આપે છે. આ વિચાર એક સરળ સમજમાંથી ઉભરી આવ્યો છે કે આજની પેઢી પ્રામાણિકતાની ઈચ્છા રાખે છે અને વાસ્તવિક વાર્તાઓને સમર્થન આપે છે.

### તત્કાલ બુકિંગ સિસ્ટમમાં ફેરફાર

## અમદાવાદ મંડળમાંથી ચાલતી વધુ ત્રણ ટ્રેનો માટે ઓટીપી પ્રમાણિકરણ 24 ડિસેમ્બરથી લાગુ

પશ્ચિમ રેલવે દ્વારા રેલવે બોર્ડના સૂચનાનુસાર તત્કાલ બુકિંગ સિસ્ટમમાં એક મહત્વપૂર્ણ ફેરફાર અમલમાં મુકવામાં આવી રહ્યો છે. હવે તત્કાલ ટિકિટ માત્ર સિસ્ટમ દ્વારા મોકલવામાં આવેલા વન ટાઈમ પાસવર્ડ (ઓટીપી) ના સત્યાપન બાદ જ જારી કરવામાં આવશે. આ ઓટીપી તે મોબાઈલ નંબર પર મોકલવામાં આવશે, જે મુસાફરે બુકિંગ સમયે આપ્યો હશે. ઓટીપી નું સફળ સત્યાપન થયા પછી જ ટિકિટ જારી કરવામાં આવશે. આ OTP-આધારિત તત્કાલ પ્રમાણિકરણ પ્રણાલી 24 ડિસેમ્બર, 2025 થી નીચેની 3 ટ્રેનોમાં લાગુ કરવામાં આવશે: 1. ટ્રેન નં. 14702 બાંદ્રા ટર્મિનસ-શ્રીગંગાનગર અરવલી એક્સપ્રેસ. 2. ટ્રેન નં. 19483 અમદાવાદ-સહરસા એક્સપ્રેસ. 3. ટ્રેન નં. 22956 ભુજ-બાંદ્રા ટર્મિનસ કચ્છ સુપરફાસ્ટ એક્સપ્રેસ. અમદાવાદ ડિવિઝન પર OTP-આધારિત તત્કાલ પ્રમાણીકરણ સિસ્ટમ નીચેની ટ્રેનોમાં પહેલાથી લાગુ છે. 1. ટ્રેન નં. 19223 સાબરમતી-જમ્મુ તાવી એક્સપ્રેસ 2. ટ્રેન નં. 19316/19315 અસારવા-ઈન્દોર વીરભૂમિ એક્સપ્રેસ 3. ટ્રેન નં. 19489 અમદાવાદ-ગોરખપુર એક્સપ્રેસ 4. ટ્રેન સંખ્યા 12957 સાબરમતી - નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ 5. ટ્રેન સંખ્યા 12297 અમદાવાદ-પુણે દૂરંતો એક્સપ્રેસ 6. ટ્રેન સંખ્યા 12462 સાબરમતી-જોધપુર વંદે ભારત એક્સપ્રેસ 7. ટ્રેન સંખ્યા 12268/12267 હાપા-મુંબઈ સેન્ટ્રલ દૂરંતો એક્સપ્રેસ 8. ટ્રેન સંખ્યા 12009/12010 મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ શતાબ્દી, નવી પ્રણાલી કોમ્પ્યુટરાઈઝ્ડ પીઆરએસ કાઉન્ટરો, અધિકૃત એજન્ટો, આઈઆરસીટીસી વેબસાઈટ તેમજ આઈઆરસીટીસી મોબાઈલ એપ્લિકેશન મારફતે કરવામાં આવેલી તમામ તત્કાલ બુકિંગ પર લાગુ પડશે.

મુસાફરોને વિનંતી છે કે તેઓ બુકિંગ સમયે માન્ય મોબાઈલ નંબર અવશ્ય ઉપલબ્ધ કરાવે, જેથી ઓટીપી સત્યાપન પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થઈ શકે. પશ્ચિમ રેલ્વે દ્વારા તમામ મુસાફરોને આ મહત્વપૂર્ણ બદલાવ અંગે ધ્યાન આપવા વિનંતી કરવામાં આવે છે.



### નાયબ ઈજનેરને આવેદન આપી રજુઆત કરાઈ

## જેસરના નવી કાત્રોડી પંથકમાં વીજકાપ અપાતા ખેડૂતોને ભારે હાલાકી

### ઘણા વીજપોલ પર વૃક્ષો અને વેલા ઉગી નિકળતા વારંવાર વીજવિક્ષેપ થતા વૃક્ષ કટીંગની આવશ્યકતા

(એજન્સી) જેસર | તા.23




જેસરના નવી કાત્રોડી પંથકના ખેતી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી વારંવાર વીજકાપ મુકાવાના કારણે ખેડૂતોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આથી કાત્રોડી ગામને ફરીથી ઝડકલા ફીડરમાં જોડવામાં આવે અથવા તો માત્ર કાત્રોડી માટે નવું ફીડર ફાળવવામાં આવે તો જ વીજળીની સમસ્યાનો કાયમી ઉકેલ આવે તેમ છે. આ બાબતે જેસર પીજીવીસીએલના નાયબ ઈજનેરને આવેદનપત્ર પાઠવાયુ હતુ.

કાત્રોડી અગાઉ ઝડકલા ફીડરમાં જોડાયુ હતુ. બાદ નવા ફૂલવાડી ફીડરમાં જોડાણ કરાતા ખેડૂતોને પૂરતો સમય વીજ પુરવઠો મળતો નથી. અઠવાડિયામાં બે થી ત્રણ વખત અચાનક વીજકાપ મૂકાતા પિયતમાં અડચણ ઉભી થાય છે તેના પરિણામે ખેડૂતોના પાકને અસર થાય છે અને મહેનતના પ્રમાણમાં ઉત્પાદન મળતું નથી. ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને પૂરતી વીજળી આપવાનો દાવો કરાય છે ત્યારે આ વિસ્તાર પ્રત્યે આવો અન્યાય શા માટે થાય છે તેવો પ્રશ્ન ખેડૂતો દ્વારા ઉઠાવાયો હતો. ફૂલવાડી ફીડરમાં અઠવાડિયામાં ૩ થી ૪ વખત મુશ્કેલી સર્જાય ત્યારે વચ્ચેથી પાવર કટ કરીને ફીડર ચાલુ રાખવામાં આવે છે, જેથી અડધા વિસ્તારમાં વીજળી મળે છે જયારે આ વિસ્તારમાં વીજ પુરવઠો સંપૂર્ણ બંધ રહે છે.લોકો નિયમિત લાઈટ બિલ ભરતા હોવા છતા આવો ભેદભાવ શા માટે રાખવામાં આવે છે. તેમજ અહિ ઘણા વીજ પોલ પર મોટા પ્રમાણમાં વૃક્ષો અને વેલાઓ ઉગી નીકળેલા છે, જેના કારણે વારંવાર વીજ વિક્ષેપ થાય છે. આ બાબતે સમયસર ટ્રી કટીંગ કરાવવું અત્યંત જરૂરી છે. તેમજ રીપેરીંગ દરમિયાન જમ્પર વગેરે કામ યોગ્ય રીતે થતું નથી તેમ આગેવાનોએ અંતમાં જણાવ્યુ હતુ.

## હેબિલ્ડ વર્લ્ડ મેડિટેશન ડે પર વર્લ્ડ હાર્મની માટે એકત્ર પૉઝ કરીને વિચાર કરવા 2 લાખ+ ભારતીયોને ભેગા કરે છે

આ વર્લ્ડ મેડિટેશન ડે પર હેબિલ્ડ દ્વારા ''થોડાસા પૉઝ' લેવા માટે સાદી છતાં શક્તિશાળી એકત્રિત કૃતિ માટે વૈશ્વિક સ્તરે 2000+ શહેરોમાં 2 લાખ+ ભારતીયોને એકત્ર લવાયા હતા. અમુક માઈન્ડફુલ અવસરો માટે લોકો તેમના વ્યસ્ત સમયપત્રક અને તાણથી દૂર થવાથી આ પહેલે ધ્યાનને કશુંક નમ્ર, કરવાક્ષમ અને એકદમ માનવીય કૃતિમાં ફેરવી દીધી હતી. હેબિલ્ડની રાષ્ટ્રવ્યાપી પહેલે શોર્ટ બ્રીધિંગ અને પૉઝ- આધારિત વ્યવહારો પર કેન્દ્રિત હતી, જેમાં સમુદાયના સભ્યોને લાંબા કલાકો સુધી નહીં પરંતુ થોડો સમય થોભીને, વ્યસ્ત નિત્યક્રમને થોડો સમય દૂર રાખીને ફક્ત પોતાની સાથે પુન:જોડાણ સાધવા માટે પ્રોત્સાહિત કરાયા હતા. આ પહેલને ''થોડા સા પૉઝ'' શીર્ષક અપાયું હતું, જેની પાછળ એ માન્યતા હતી કે અર્થપૂર્ણ ફેરફાર માટે હંમેશાં મોટો આધારની જરૂર નથી.

### પૂજ્ય દાજી દ્વારા માર્ગદર્શિત ધ્યાન સત્રમાં વિશ્વના ૧૭૫ દેશોમાંથી ૨ કરોડ લોકો જોડાયા

## વિશ્વ ધ્યાન દિવસ પર હાર્ટફુલનેસ દ્વારા નવો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ રચાયો

હૈદરાબાદ | હાર્ટફુલનેસ દ્વારા 'વિશ્વ ધ્યાન દિવસ' નિમિત્તે યુટ્યુબ પર સૌથી વધુ જોવાયેલા માર્ગદર્શિત ધ્યાનનાં જીવંત પ્રસારણ માટે નવો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરવામાં આવ્યો છે. આ માર્ગદર્શિત ધ્યાન સત્રનું સંચાલન હાર્ટફુલનેસના માર્ગદર્શક અને શ્રી રામચંદ્ર મિશનના પ્રમુખ પૂજ્ય દાજી દ્વારા કરવામાં આવ્યું હતું, જે સામૂહિક ધ્યાન અને સુખાકારી માટે એક મહત્વપૂર્ણ વૈશ્વિક ક્ષણ બની રહી છે. આ રેકોર્ડ રચનાર સત્ર હાર્ટફુલનેસના નેતૃત્વમાં 'વિશ્વ ધ્યાન દિવસ'ની ઉજવણીનું મુખ્ય આકર્ષણ રહ્યું હતું. જેમાં અંદાજે ૧૭૫ દેશોના ૨ કરોડ લોકોએ વ્યક્તિગત મેળાવડા, સંસ્થાકીય સત્રો અને ઓનલાઈન માધ્યમથી ભાગ લીધો હતો. આટલી વિશાળ ભૌગોલિક વ્યાપ્તિ પર આ સ્તરે સહભાગિતા નોંધાઈ હોય તેવું આ પ્રથમ વખત બન્યું છે. વિશ્વના સૌથી મોટા ધ્યાન કેન્દ્ર, કાન્હા શાંતિ વનમ ખાતે આયોજિત સવારના ધ્યાન સત્રમાં ભારતના માનનીય ઉપરાષ્ટ્રપતિ શ્રી સી. પી. રાધાકૃષ્ણન, તેલંગાણાના માનનીય રાજ્યપાલ શ્રી જીષ્ણુદેવ વર્મા અને તેલંગાણાના આઈટી (IT) મંત્રી શ્રી ડી. શ્રીધર બાબુ ઉપસ્થિત રહ્યા હતા, જે આ પ્રસંગને સ્પષ્ટ રાષ્ટ્રીય મહત્વ આપે છે. તેમની ઉપસ્થિતિ જાહેર જીવનમાં ધ્યાનના વધતા જતા મહત્વને સુખાકારી અને સામાજિક સંવાદિતા માટે વ્યવહારુ સમર્થન દર્શાવે છે.

### એસીસી ગાગલ ખાતે

## અદાણી ફાઉન્ડેશને ઇન્ડસ્ટ્રી કેન્દ્રિત ટ્રેનિંગ સાથે ગ્રામીણ યુવાનોને સપોર્ટ કર્યો

હિમાચલ પ્રદેશ | ઝડપથી વિકાસ કરતી બિલ્ડિંગ મટિરિયલ અને સોલ્યુશન કંપની તથા વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોનો હિસ્સો એસીસી કેન્દ્રિત કૌશલ્ય વિકાસ પહેલ દ્વારા ગ્રામીણ સમુદાયો માટે આજીવિકાની સંભાવનાઓમાં વધારો કરી રહ્યું છે. હિમાચલ પ્રદેશના ગાગલમાં એસીસી અને અદાણી ફાઉન્ડેશન યુવાનોને ઔપચારિક રોજગાર મેળવવા તથા તેમના પરિવારોને સપોર્ટ કરવામાં મદદરૂપ બનતા તેમને આવશ્યક ક્ષમતાઓથી સજ્જ કરી રહ્યું છે. હિમાચલ પ્રદેશના એક ગામમાં ખેડૂત પરિવારમાં જન્મેલા ગિરીશ કુમારે તેમના માતા-પિતાને નાણાકીય તંગીનો સામનો કરતાં જોયા હતાં. તેમની પરિસ્થિતિમાં સુધારો કરવા અને મદદ કરવાના મક્કમ ઈરાદા સાથે તેમણે એવી તકો શોધવાનો પ્રયાસ કર્યો કે જે તેમને નિયમિત આવક અને લાંબા સમય સુધી સ્થિરતા પ્રદાન કરી શકે. તેમની સફરની શરૂઆત ત્યારે થઈ કે જ્યારે તેમણે અદાણી સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર (એએસડીસી)માં ત્રણ મહિનાના રિટેઈલ સેલ્સ એસોસિયેટ કોર્સમાં પ્રવેશ મેળવ્યો. આ પ્રોગ્રામથી તેમને કસ્ટમર સર્વિસ, સેલ્સ ટેક્નિક, કમ્યુનિકેશન સ્કિલ અને કામના સ્થળે વર્તણૂંક વગેરે જેવી રિટેઈલ ઈન્ડસ્ટ્રીમાં કામગીરી માટેના કૌશલ્યોનું એક્સપોઝર મળ્યું. ટ્રેનિંગ પૂર્ણ કર્યા બાદ ગિરીશે સુંદરનગરમાં રિલાયન્સ રિટેલ લિમિટેડમાં નોકરી પ્રાપ્ત કરી, જેમાં તેમને દર મહિને રૂ. 13,500નો પગાર અને અન્ય ઈન્સેન્ટિવ મળ્યાં. આ નોકરીથી તેમના પરિવારનું આર્થિક ભારણ ઘટ્યું છે અને તેમને વધુ સારું ભવિષ્ય બનાવવાનો આત્મવિશ્વાસ મળ્યો છે. ગિરીશની પ્રગતિ દર્શાવે છે કે એસીસી અંતર્ગત કેન્દ્રિત સ્કિલ ટ્રેનિંગ ગ્રામીણ યુવાનોને તેમની મર્યાદાઓથી ઉપર ઉઠવા અને તેમના દ્રઢ નિશ્ચયને વાસ્તવિક તકોમાં પરિવર્તિત કરવા માટે કેવી રીતે સશક્ત બનાવી રહી છે.

### હાઈકોર્ટની મુદત પૂર્ણ થતા મનપા તંત્ર એક્શન મોડમાં

# નડિયાદ મનપા દ્વારા સરદાર ભવનની દુકાનો ખાલી કરવા માટે અંતિમ નોટિસો

(એજન્સી) નડિયાદ | તા.23



નડિયાદ મહાનગરપાલિકા દ્વારા શહેરના મધ્યમાં આવેલા સરદાર ભવનની દુકાનો ખાલી કરાવવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. લાંબા સમયથી ચાલી રહેલા આ વિવાદમાં હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલી મુદત આજે પૂર્ણ થતા પાલિકા તંત્ર દ્વારા તમામ ૪૬ દુકાનદારોને તાત્કાલિક અસરથી જગ્યા ખાલી કરવા માટેની અંતિમ નોટિસો આપી દેવામાં આવી છે. પાલિકાએ આ દુકાનદારો માટે ડ્રોની પ્રક્રિયા પૂર્ણ કરી તેમને કશીભાઈ પાર્ક પાસે તૈયાર કરવામાં આવેલા પતરાંના શેડમાં વૈકલ્પિક જગ્યા ફાળવી દીધી છે.નડિયાદના સરદાર ભવનના જર્જરિત બાંધકામ અને તેના પુન:વિકાસના આયોજનને પગલે લાંબા સમયથી દુકાનદારો અને તંત્ર વચ્ચે ખેંચતાણ ચાલી રહી હતી. આ મામલે કાયદાકીય લડત બાદ હાઈકોર્ટે દુકાનદારોને ચોક્કસ સમય મર્યાદા આપી હતી, જેની અવધિ આજે પૂરી થઈ છે. મહાનગરપાલિકા દ્વારા અગાઉ જ પારદર્શક રીતે ડ્રોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સરદાર ભવનના ૪૬ જેટલા દુકાનદારોને શહેરના કશીભાઈ પાર્ક વિસ્તારમાં પતરાના શેડ વાળી નવી દુકાનો ફાળવવામાં આવી છે. પાલિકા તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે, જો દુકાનદારો સ્વૈચ્છાએ જગ્યા ખાલી નહીં કરે તો આગામી સમયમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં મનપાના અધિકારીઓ દ્વારા સ્થળ પર જઈને દુકાનદારોને વહેલી તકે તેમનો સામાન ખસેડી લેવા અને નવી ફાળવવામાં આવેલી જગ્યાએ કાર્યરત થવા માટે મૌખિક અને લેખિત સૂચનાઓ આપી દેવામાં આવી છે. આ કાર્યવાહીને પગલે વર્ષો જૂના સરદાર ભવનની દુકાનોના વિવાદનો અંત આવે તેવી શક્યતા જણાઈ રહી છે. નડિયાદ મહાનગરપાલિકામાંથી આજે દબાણ વિભાગના કર્મચારીઓ નોટિસો પાઠવવા માટે પહોંચ્યા હતા. દુકાનદારો અને તેમના પ્રતિનિધિઓ સાથે વારંવાર શાબ્દિક ઘર્ષણ થતું હોવા છતાં મહાનગરપાલિકાની ટેકનીકલ ટીમ સહિત અન્ય જવાબદાર કોઈ ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યાં ન હતા.સૂત્રોના જણાવ્યા મુજબ, મંગળવારે વહેલી સવારે આઠ વાગે દબાણ વિભાગની ટીમ દ્વારા મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં સ્થળ પર દુકાનો ખાલી કરાવડાવી તત્કાલ દુકાનો તોડવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

### સાહિત્યિક ઈતિહાસ સર્જાશે

## પ.પૂ. રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.ની ૫૦૦માં પુસ્તકનું વિમોચન PM નરેન્દ્રભાઈ મોદીના હસ્તે

મુંબઈ | ધર્મ, અધ્યાત્મ અને સાહિત્યના ક્ષેત્રે એક ઐતિહાસિક ઘટનાક્રમમાં, પદ્મભૂષણ વિભૂષિત પરમ પૂજ્ય આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબની ૫૦૦મી પુસ્તકનું વિમોચન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના શુભ હસ્તે યોજાશે. આ ઐતિહાસિક અવસરને મુંબઈના મુલુંડ ખાતે ૭ જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન 'ઊર્જા મહોત્સવ' તરીકે ઉજવવામાં આવશે. પુસ્તકનું નામ: 'પ્રેમનું વિશ્વ, વિશ્વનો પ્રેમ' આયોજન સ્થળ: RCGF, R મૉલ પાસે, LBS માર્ગ મુલુંડ (વેસ્ટ), મુંબઈ. આયોજક: ઊર્જા મહોત્સવ સમિતિ અને રત્નત્રયી ટ્રસ્ટ. ઉપસ્થિતિ: ૭૦૦ થી વધુ સાધુ-સાધ્વીજી ભગવંતો આ ઐતિહાસિક મહોત્સવમાં પધારીને આશીર્વાદ આપશે. મહોત્સવમાં ધર્મ અને ટેક્નોલોજીના સંગમ સાથે અનેક અનોખા આકર્ષણો જોવા મળશે, જેમાં જૈન સમાજમાં પ્રથમ વખત આ પહેલ કરવામાં આવી છે:

પાલિતાણાની 500મી ધજા નિમિત્તે ૫૦ ફૂટ ઊંચી આદિનાથ દાદાની પ્રતિમા અને જય તળેટી (પાલીતાણા)ની પ્રતિકૃતિનું નિર્માણ. જૈન સમાજમાં પ્રથમવાર Immersive zone: આચાર્યશ્રીના જીવનની સફર અને સિદ્ધિઓને અત્યાધુનિક ઈમર્સિવ ટેક્નોલોજી દ્વારા પ્રદર્શિત કરાશે.

## ૨૦૨૫માં પ્રાઈવેટ ઈક્વિટીના વ્યવહારો ૨૦૨૨ પછીના તેમના ઉચ્ચતમ સ્તરે

# 2008 પછી 2025માં સૌથી વધુ ઓપન ઓફર

## મર્જર અને એક્વિઝિશનમાં વધારો થતા ઓપન ઑફર્સની સંખ્યા ૧૨૧ રહી, જે છેલ્લા ૧૭ વર્ષમાં સૌથી વધુ અને ૧૯૯૭ પછી બીજા ક્રમે સૌથી વધુ

(એજન્સી) અમદાવાદ | તા 23

૨૦૨૫ મર્જર એન્ડ અક્વિઝિશન (M&A) માટે એક પ્રોત્સાહક વર્ષ રહ્યું છે, મર્જર એન્ડ અક્વિઝિશનમાં વધારો મુખ્યત્વે ખાનગી ઈક્વિટી પ્રવૃત્તિમાં વધારાને કારણે હતું. વર્ષ દરમિયાન, દર અઠવાડિયે લગભગ બે મર્જર એન્ડ અક્વિઝિશન ઓપન ઑફર્સ રહ્યા હતા. સંકલિત ડેટા અનુસાર, ૨૦૨૫માં નોંધપાત્ર હિસ્સો સંપાદન અથવા નિયંત્રણમાં ફેરફાર પછી વધારાના શેર ખરીદવા માટે ઓપન ઑફર્સની સંખ્યા ૧૨૧ હતી. જે છેલ્લા ૧૭ વર્ષમાં સૌથી વધુ અને ૧૯૯૭ પછી બીજા ક્રમે સૌથી વધુ છે. અગાઉનો ઉચ્ચ સ્તર ૨૦૦૮માં ૧૩૩ હતો. ૨૦૨૫માં રૂ. ૪૧,૪૪૩.૯૫ કરોડની આફર રકમ મૂલ્યની દ્રષ્ટિએ ત્રીજો સૌથી વધુ છે. ૨૦૧૩માં ઓફરની રકમ રૂ. ૪૭,૪૭૩.૭૭ કરોડ અને ૨૦૨૨માં રૂ. ૪૫,૬૪૯.૩૯ કરોડ નોંધાઈ હતી.

આમાં સામાન્ય રીતે એક વર્ષની અંદર કંપનીમાં ૫% થી વધુ હિસ્સો હસ્તગત કરતી કંપનીઓ, કુલ ૨૫% હિસ્સો હસ્તગત કરતી કંપનીઓ અથવા કંપનીના નિયંત્રણમાં ફેરફારનો સમાવેશ થાય છે. મોટાભાગની ઓપન ઓફર કંપનીમાં ઓછામાં ઓછો વધારાનો ૨૬% હિસ્સો હસ્તગત કરવાનો પ્રયાસ કરે છે અને સંપાદન પછી જાહેર શેરધારકો માટે બહાર નીકળવાની તક પૂરી પાડે છે.

બહાર નીકળતા શેરધારકો સામાન્ય રીતે સંપાદનની આસપાસના સંજોગોના આધારે, ૬૦ દિવસથી બાવન અઠવાડિયાના સમયગાળામાં સંપાદન કિંમત અથવા કંપનીના શેરના વોલ્યુમ-વેઈટેડ ભાવ પર આધારિત કિંમત મેળવે છે.આ વર્ષની મુખ્ય ઓપન ઓફર્સમાં ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ્સ દ્વારા જેબી કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ માટે ઓફર (રૂ. ૬,૮૪૨.૮૦ કરોડ), ખાનગી ઈક્વિટી ફર્મ CVC કેપિટલના એકમ એક્વિલો હાઉસ દ્વારા હાઉસિંગ ફાઈનાન્સ કંપની આવાસ ફાયનાન્સરી (રૂ. ૩,૬૮૨.૧૫ કરોડ) અને આઈએચએચ હેલ્થકેર દ્વારા ફોર્ટિસ હેલ્થકેર (રૂ. ૩,૩૪૯.૪૪ કરોડ) ને હસ્તગત કરવાનો સમાવેશ થાય છે.




જ્યારે અર્થતંત્ર સારું પ્રદર્શન કરી રહ્યું હોય છે, ત્યારે મર્જર અને એક્વિઝિશન પ્રવૃત્તિ વધતી હોય છે તેમ જણાવતા જાણકારોએ ઉમેર્યું હતું કે ખાનગી ઈક્વિટી ફર્મ્સ પણ થોડા વર્ષો પહેલા કરતાં વધુ સક્રિય છે, જે નિયંત્રિત હિસ્સાની શોધમાં છે. આ વલણ સંપાદન પ્રવૃત્તિને વેગ આપી રહ્યું છે. આ એવા સમયે થઈ રહ્યું છે જ્યારે ઘણા વ્યવસાયો પેઢીગત પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યા છે. જ્યારે આગામી પેઢીને કૌટુંબિક વ્યવસાયમાં રસ નથી, ત્યારે પ્રમોટર્સ ઘણીવાર તેમનો હિસ્સો તે જ ક્ષેત્રની બીજી કંપનીને અથવા ખાનગી ઈક્વિટી રોકાણકારોને વેચે છે.

ગ્રાન્ટ થોર્ન્ટન ઈન્ડિયાના ડીલટ્રેકર મુજબ, નવેમ્બર ૨૦૨૫ માં ખાનગી ઈક્વિટી વ્યવહારો ૨૦૨૨ પછીના તેમના ઉચ્ચતમ સ્તરે પહોંચ્યા. અહેવાલ મુજબ, વ્યૂહાત્મક સોદાઓમાં વધેલા રસ અને ઓછા મૂલ્યાંકનને કારણે રેકોર્ડ સંખ્યામાં મર્જર અને એક્વિઝિશન નોંધાયા હતા.

ભારતમાં નફાકારક ખાનગી ઈક્વિટી રોકાણની આ આગામી લહેરમાં ઓપરેશનલ ફેરફારો અને ઊંડી સંડોવણીની જરૂર છે. આ ફક્ત ત્યારે જ થઈ શકે છે જો મોટાભાગની કંપનીઓ પાસે બહુમતી અથવા નિયંત્રણ હિસ્સો હોય. છેલ્લા કેટલાક વર્ષોમાં, ઘણા પ્રમોટરોએ તેમના વ્યવસાયોમાં નોંધપાત્ર વૃદ્ધિ જોઈ છે અને હવે તેઓ ખાનગી ઈક્વિટી રોકાણકારોને લાવવા માંગે છે જેઓ તેમના વ્યવસાયોને વ્યાવસાયિક રીતે વિસ્તૃત કરી શકે. આના કારણે વ્યવહારોમાં વધારો થયો છે.

## બેંકો અને NBFCએ ગોલ્ડ લોન આપવા માટેના નિયમો કડક કર્યા

નવી દિલ્હી : અત્યાર સુધી, ગોલ્ડ લોનને રોકડનો સૌથી સરળ સ્રોત માનવામાં આવતો હતો, પરંતુ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની ચેતવણીને પગલે, નાણાકીય સંસ્થાઓએ લોનના નિયમો કડક કર્યા છે, જેની સીધી અસર લોનની રકમ પર પડશે.ગોલ્ડ લોન બજારમાં આ અચાનક ફેરફારનું મુખ્ય કારણ સોનાના ભાવમાં નોંધપાત્ર વધઘટ છે. રિઝર્વ બેંક એ ધિરાણકર્તાઓને સ્પષ્ટપણે ચેતવણી આપી છે કે બુલિયન માર્કેટમાં ચાલી રહેલી અસ્થિરતા બેંકોના સ્વાસ્થ્ય માટે ખતરો ઉભો કરી શકે છે. આ સલાહને અનુસરીને, જે બેંકો પહેલા તમારા સોનાના મૂલ્યના ૭૦ થી ૭૨ ટકા LTV સાથે લોન આપતી હતી તેઓએ હવે તેમની ઓફર પાછી ખેંચી લીધી છે. આ મર્યાદા હવે ઘટાડીને ૬૦ થી ૬૫ ટકા કરવામાં આવી છે.સરળ શબ્દોમાં કહીએ તો, જો તમે પહેલા ૧ લાખ રૂપિયાનું સોનું ગીરવે મૂક્યું હોય, તો તમને ૭૨,૦૦૦ રૂપિયા સુધી મળતા હતા, પરંતુ હવે તમને એટલી જ રકમના સોના માટે ફક્ત ૬૦ થી ૬૫,૦૦૦ રૂપિયા જ મળવાની શક્યતા છે. બેંકોએ તેમના જોખમ વ્યવસ્થાપનને મજબૂત બનાવવા માટે આ પગલું ભર્યું છે.બેંકો ફક્ત વર્તમાન ભાવો વિશે જ નહીં, પણ ભવિષ્યની ચિંતાઓ વિશે પણ ચિંતિત છે. સોનાના ભાવ હાલમાં આસમાને પહોંચી રહ્યા છે બેંકોને ડર છે કે જો સોનાનું મૂલ્ય ઘટશે, તો બાકી લોનની રકમ ગીરવે મૂકેલા સોનાના મૂલ્ય કરતાં વધી શકે છે.

# News Brief

## TATA.ev 250,000 EV વેચાણને વટાવી ગયું, ભારતના ઈલેક્ટ્રિક મોબિલિટી ચાર્જમાં લીડરશિપની પુનઃપુષ્ટિ કરે છે

મુંબઈ : ટાટા મોટર્સે આજે ભારતની ઈલેક્ટ્રિક મોબિલિટી સફરમાં એક મોટો સીમાચિહ્ન હાંસલ કર્યો છે, જેમાં 250,000 થી વધુ TATA.ev વાહનો રસ્તાઓ પર દોડી રહ્યા છે, જે ભારતના વિકસતા ઈલેક્ટ્રિક પેસેન્જર વાહન સેગમેન્ટમાં અગ્રણી અને માર્કેટ લીડર તરીકે તેની સ્થિતિ મજબૂત કરે છે. આ સિદ્ધિ એવા સમયે આવી છે જ્યારે ભારતના ઓટોમોટિવ બજારમાં ઈલેક્ટ્રિક મોબિલિટી ઝડપથી ફ્રિન્જથી મેઈનસ્ટ્રીમ તરફ આગળ વધી રહી છે, અને ટાટા મોટર્સે આ પરિવર્તનને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. 2020 માં તેની પ્રથમ મેઈનસ્ટ્રીમની ઈલેક્ટ્રિક કાર, Nexon.ev લોન્ચ થયા પછી, TATA.ev સતત બજાર અને તેના વિકાસમાં મોખરે રહ્યું છે, જેમાં Nexon.ev પરિવર્તનનું નેતૃત્વ કરે છે અને ભારતમાં 100,000 સંચિત વેચાણનો આંકડો પાર કરનાર પ્રથમ ઈલેક્ટ્રિક વાહન બન્યું છે. આજે, ભારતમાં વેચાતા તમામ ઈલેક્ટ્રિક પેસેન્જર વાહનોમાં ટાટા મોટર્સનો હિસ્સો લગભગ બે તૃતીયાંશ (66%) છે, જે તેના વિઝન, નેતૃત્વ અને ટકાઉ રાષ્ટ્ર નિર્માણ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાનો પુરાવો છે. પર્સનલ મોબિલિટી માટે ભારતના સૌથી મોટા EV પોર્ટફોલિયો - Tiago.ev, Punch.ev, Nexon.ev, Curvv.ev અને Harrier.ev સાથે, ફ્લીટ સેગમેન્ટ માટે XPRES-T EV સાથે, તેના ઉત્પાદનો દરેક મુખ્ય બોડી સ્ટાઈલ અને પ્રાઈસ પોઈન્ટને આવરી લે છે, જે ખાતરી કરે છે કે ઈલેક્ટ્રિક મોબિલિટી બધા માટે સુલભ છે.



## મોસ્પી જીડીપી ગણતરી પદ્ધતિ દ્વારા હવે રાજ્યોના આર્થિક વિકાસનું સચોટ માપન થશે

નવી દિલ્હી: ભારત સરકાર હવે દેશના અને રાજ્યોના આર્થિક વિકાસના આંકડાઓને વધુ પારદર્શક અને સચોટ બનાવવા માટે અત્યાધુનિક ટેકનોલોજીનો સહારો લેવા જઈ રહી છે. કેન્દ્રીય આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) દ્વારા ટૂંક સમયમાં જીડીપી માપવા માટેની એક નવી અને સુધારેલી પદ્ધતિ રજૂ કરવામાં આવશે. આ નવી વ્યવસ્થા હેઠળ, રાજ્યો હવે 'જીએસટી નેટવર્ક' (GSTN) માંથી ઉપલબ્ધ રીઅલ-ટાઈમ ટેક્સ ફાઈલિંગ ડેટાનો ઉપયોગ કરી શકશે, જેનાથી તેમના 'ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ' (GSDP) ના અંદાજો વધુ ચોક્કસ બનશે.મંત્રાલયના સચિવ સૌરભ ગર્ગે સોમવારે આ અંગેની મહત્વપૂર્ણ વિગતો આપતા જણાવ્યું હતું કે, અત્યાર સુધી રાજ્યો પાસે આર્થિક વૃદ્ધિ માપવા માટે મર્યાદિત સાધનો હતા. જોકે, હવે જીએસટી નેટવર્ક પાસે રહેલી ક્ષણે-ક્ષણની માહિતીના આધારે રાજ્યોના આર્થિક સ્વાસ્થ્યનું વધુ સારી રીતે વિશ્લેષણ કરી શકાશે. આ માટે મંત્રાલય દ્વારા રાજ્યોની ક્ષમતા વધારવા માટે વિશેષ વર્કશોપનું પણ આયોજન કરવામાં આવશે. જીડીપીની આ નવી શ્રેણી ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે, જેની સાથે ફુગાવા એટલે કે મોંઘવારી માપવાની નવી પ્રણાલી પણ અમલી બનશે.ભારત જેવા વિશાળ દેશમાં અસંગઠિત ક્ષેત્રનું માપન હંમેશા આંકડાશાસ્ત્રીઓ માટે પડકારરૂપ રહ્યું છે. નવી પદ્ધતિમાં અસંગઠિત ક્ષેત્રના સાહસોના વાર્ષિક સર્વેક્ષણને પાયાના સુધારા તરીકે સામેલ કરવામાં આવશે. જોકે, મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને સાવચેત કરતા જણાવ્યું હતું કે, અનૌપચારિક પ્રવૃત્તિઓનું માપન વૈશ્વિક સ્તરે અઘરું છે, કારણ કે નાના ઉદ્યોગસાહસિકો ઘણીવાર તેમના વ્યક્તિગત અને વ્યવસાયિક ખાતા વચ્ચે સ્પષ્ટ તફાવત જાળવતા નથી.

## ભારત સંરક્ષણ વ્યૂહાત્મક ખનિજ ક્ષેત્રે આત્મનિર્ભર બનીને રાષ્ટ્રીય સુરક્ષા અભેદ્ય બનાવશે

નવી દિલ્હી: દેશની રાષ્ટ્રીય સુરક્ષા અને લશ્કરી તાકાતને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે ભારત હવે વ્યૂહાત્મક ખનિજો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. દેશની રાજધાનીમાં તાજેતરમાં આયોજિત 'ટેક ટોક' ગોળમેજી પરિષદમાં સંરક્ષણ નિષ્ણાતો અને નીતિ નિર્ધારકોએ સ્પષ્ટ કર્યું છે કે, આધુનિક સંરક્ષણ પ્રણાલીઓના નિર્માણ માટે મહત્વપૂર્ણ ખનિજો હવે રાષ્ટ્રીય શક્તિના પાયા સમાન છે. આ બેઠકમાં ખાસ કરીને "ખનિજો જે મહત્વ ધરાવે છે: ભૌગોલિક રાજનીતિ, સાર્વભૌમત્વ અને મૂલ્ય સાંકળ" વિષય પર ગહન ચર્ચાઓ કરવામાં આવી હતી.સંકલિત સંરક્ષણ સ્ટાફના વડા એર માર્શલ આશુતોષ દીક્ષિતે તેમના મુખ્ય સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, જેટ એન્જિન, મિસાઈલ, સચોટ દારૂગોળો, રડાર, સેટેલાઈટ અને સેમિકન્ડક્ટર જેવા આધુનિક યુદ્ધ સાધનો સંપૂર્ણપણે અમુક ખાસ ખનિજો પર નિર્ભર છે. તેમણે ચેતવણી આપી હતી કે, આ ખનિજોની વૈશ્વિક પુરવઠા સાંકળ હાલમાં કેટલાક ગણ્યાગાંઠ્યા દેશોના હાથમાં કેન્દ્રિત છે, જે ભારત જેવી ઉભરતી મહાશક્તિ માટે વ્યૂહાત્મક નબળાઈ બની શકે છે. આયાત પરની વધુ પડતી નિર્ભરતા ઘટાડીને જ ભારત પોતાની સાર્વભૌમત્વ જાળવી શકશે. ભારત સરકારના 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત ૨૦૪૭' ના વિઝનને સાકાર કરવા માટે સુરક્ષિત ખનિજ પુરવઠો અનિવાર્ય છે. એર માર્શલે નોંધ્યું હતું કે, સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભરતા અને ઓપરેશનલ સજ્જતા ખનિજ પુરવઠા સાંકળથી અલગ કરી શકાય તેમ નથી. આ દિશામાં સરકારના તાજેતરના પ્રયાસો, જેવા કે 'નેશનલ ક્રિટિકલ મિનરલ મિશન' ની સ્થાપના અને મહત્વપૂર્ણ ખનિજોની ઓળખ, ભારતને વૈશ્વિક દબાણ સામે ટકી રહેવામાં મદદ કરશે.

### 10 મિનિટ ડિલિવરી એપના 2025ના આંકડા

## રૂ. 4.3 લાખના આઈફોન, 1.06 લાખના કોન્ડમ, 15 લાખનું સોનું

મુંબઈ : ૨૦૨૫માં ૧૦ મિનિટ ડિલિવરી એપ્સની ધૂમ રહી હતી. આ એપ્સે વેચાણના આંકડા સાથે સૌને ચોંકાવ્યા છે. એક જાણીતી કંપનીએ તેની ૧૦ મિનિટ ડિલિવરી એપના ૨૦૨૫ આંકડા જારી કર્યા છે. જેમાં, ચોંકાવનારી માહિતી સામે આવી છે. હૈદરાબાદના એક યુઝરે એક સાથે રૂ. ૪.૩ લાખના આઈફોન ઓર્ડર કર્યા હતા. ચેન્નઈના એક યુઝરે વર્ષમાં ૨૨૮ વખત ઓર્ડર કરીને કુલ રૂ. ૧,૦૬,૦૯૮ના કોન્ડમ મંગાવ્યા હતા. મુંબઈના એક યુઝરે વર્ષ દરમિયાન રૂ. ૧૫.૧૬ લાખનું સોનું ખરીદ્યું હતું. બેંગલુરુમાં સૌથી નાનો ઓર્ડર રૂ. ૧૦ની પ્રિન્ટઆઉટનો રહ્યો હતો.

રિપોર્ટ મુજબ, લખનઉમાં બે મિનિટની અંદર જ ઈન્સ્ટન્ટ નૂડલ્સનો ઓર્ડર ડિલિવર કરવામાં આવ્યો હતો. જ્યારે, અમદાવાદ અને પૂણેમાં ત્રણ મિનિટની અંદર મોંઘાદાટ આઈફોન ૧૭ની ડિલિવરી કરવામાં આવી હતી. રાજકોટમાં ડિલિવરી એપ્સના ઓર્ડર્સમાં ૧૦ ગણો વધારો થયો હતો. જ્યારે, લુધિયાણામાં સાત ગણો વધારો થયો હતો. સોમવારના દિવસે સૌથી વધુ ગિફ્ટ મોકલવામાં આવી હતી. વેલેન્ટાઈન્સ ડેના દિવસે દર મિનિટે ૬૬૬ ગુલાબના ઓર્ડર આવ્યા હતા. ચીઝની જગ્યાએ પનીર ભારતીયોની પહેલી પસંદ રહ્યું હતું. ચેન્નઈના એક વ્યક્તિએ ડોગ માટે રૂ. ૨.૪૧ લાખનો સામાન ખરીદ્યો હતો. જ્યારે, નોઈડાના એક વ્યક્તિએ રૂ. ૨.૮ લાખની ૧,૩૪૩ પ્રોટીનની વસ્તુઓ મંગાવી હતી.

## લાલ નિશાનમાં માર્કેટ બંધ, સેન્સેક્સ 82,186 અંકે બંધ




મુંબઈ : કારોબારી સપ્તાહના બીજા દિવસે શેરબજાર લાલ નિશાને બંધ થયું છે. સેન્સેક્સ અને નિફ્ટી બંને લાલ નિશાનમાં બંધ થયું. 65.43 પોઈન્ટના ઘટાડા સાથે 85502.05 અંકે બંધ થયો જ્યારે નિફ્ટી 6.35 પોઈન્ટના 26,166.05 અંકે બંધ થયો. ઉલ્લેખનીય છે કે મંગળવારે ભારતીય શેરબજાર મિશ્ર વલણ સાથે ખુલ્યું અને નકારાત્મક સંકેતો સાથે ટ્રેડ થઈ રહ્યું છે. IT અને રિયલ્ટી ક્ષેત્રોમાં વેચવાલીથી પાછલા બે સત્રોનો ફાયદો ભૂંસાઈ ગયો સવારે 9:20 વાગ્યે, નિફ્ટી 50 ઈન્ડેક્સ 7.5 પોઈન્ટ અથવા 0.04% ઘટીને 26,164.20 પર ટ્રેડ થઈ રહ્યો હતો. સેન્સેક્સ 50.96 પોઈન્ટ અથવા 0.06% ઘટીને 85,516.52 પર ટ્રેડ થઈ રહ્યો હતો. ત્યારે 9.30 કલાકની વાત કરીએ તો, સેન્સેક્સ 141.65 પોઈન્ટના ઘટાડા સાથે 85,425.83 અંકે ખૂલ્યો જ્યારે નિફ્ટી 36.85 પોઈન્ટના ઘટાડા સાથે 26,135.55 અંકે ખૂલ્યો. એશિયાઈ બજારોમાં પણ તેજી જોવા મળી. જાપાનનો નિક્કી 225 મોટાભાગે સ્થિર રહ્યો, જ્યારે દક્ષિણ કોરિયાનો KOSPI 0.73% અને ઓસ્ટ્રેલિયાનો S&P ASX 200 0.42% વધ્યો. રજાના ટૂંકા સપ્તાહ દરમિયાન યુએસ બજારોમાં પણ સકારાત્મક વેપાર થયો. S&P 500 0.64%, Nasdaq Composite 0.52% અને Dow Jones Industrial Average 0.47% વધ્યો, ખાસ કરીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સંબંધિત કંપનીઓના શેરમાં ઉછાળાને કારણે.રોકાણકારો આજે યુએસ Q3 GDP વૃદ્ધિ, ઓક્ટોબર-નવેમ્બર ઔદ્યોગિક ઉત્પાદન અને ઉત્પાદન આઉટપુટ ડેટા પર નજર રાખશે. આ ડેટા બજારની દિશા નક્કી કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે.

## જીએસટી ૨.૦ આર્થિક સુધારા દ્વારા દેશમાં સ્થાનિક વપરાશ અને જીડીપીમાં મોટો ઉછાળો

નવી દિલ્હી: વર્ષ ૨૦૨૫ માં વૈશ્વિક વ્યાપારમાં સર્જાયેલી અડચણો અને અનિશ્ચિતતા વચ્ચે ભારતનું નવું ટેક્સ માળખું 'જીએસટી ૨.૦' અર્થતંત્ર માટે સંજીવની સાબિત થયું છે. એક તાજેતરના અહેવાલ મુજબ, સપ્ટેમ્બર ૨૦૨૫ ના અંતમાં અમલી બનેલા આ કર સુધારાએ દેશમાં સ્થાનિક વપરાશને પ્રોત્સાહન આપવામાં અને આર્થિક વૃદ્ધિને ટકાવી રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. આ સુધારાના પરિણામે ટેક્સના પાંચ અલગ-અલગ સ્લેબને ઘટાડીને માત્ર બે મુખ્ય દરોમાં રૂપાંતરિત કરવામાં આવ્યા છે, જેણે વેપાર કરવાની સરળતામાં અભૂતપૂર્વ વધારો કર્યો છે.મીડિયા અહેવાલ અનુસાર, જીએસટી ૨.૦ અંતર્ગત જીવન જરૂરિયાતની વસ્તુઓ માટે ૫ ટકા અને અન્ય મોટાભાગની વસ્તુઓ તથા સેવાઓ માટે ૧૮ ટકાનો દર નક્કી કરવામાં આવ્યો છે. આ ફેરફારને કારણે વ્યવસાયો માટે પાલન ખર્ચમાં ઘટાડો થયો છે અને કાર્યક્ષમતામાં સુધારો જોવા મળ્યો છે.

## હ્યુંડાઇ મોટર પુરુષો અને મહિલાઓની ટુર્નામેન્ટ્સ માટે આઈસીસી પ્રીમિયર પાર્ટનર બની

અમદાવાદ ; હ્યુંડાઈ મોટર કંપનીએ આજે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) સાથે વૈશ્વિક ભાગીદારીની જાહેરાત કરી હતી. કંપની 2026થી 2027 સુધી તેની પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ્સ માટે પ્રીમિયર પાર્ટનર બની છે. પ્રીમિયર પાર્ટનર તરીકે હ્યુંડાઈ મોટરે આઈસીસીના આગામી ઈન્ટરનેશનલ ક્રિકેટ કેલેન્ડર માટેના એક્સક્લુઝિવ અધિકારો અને તકો મેળવી લીધી છે, જેમાં પુરુષોના ક્રિકેટ વર્લ્ડ કપ 2027નો પણ સમાવેશ થાય છે. આ અધિકારોમાં મેચના દિવસે સિક્કો ઉછાળવા જેવી મહત્વની ક્ષણોમાં ભાગ લેવા, સ્ટેડિયમમાં અગ્રણી બ્રાન્ડિંગ સુરક્ષિત કરવા અને ચાહકોને અદ્વિતીય અનુભવો ઓફર કરવા જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આ ભાગીદારી રમતજગત માટે તેના સહિયારા જુસ્સા થકી વિશ્વભરના અલગ અલગ વર્ગના લોકો સાથે વધુ



ગહન સંબંધો બનાવવાની હ્યુંડાઈ મોટરની પ્રતિબદ્ધતા દર્શાવે છે. તે ભારત જેવા મુખ્ય બજારોમાં બ્રાન્ડની હાજરીની પણ પુનઃપુષ્ટિ કરે છે, જ્યાં ક્રિકેટને તેની સંસ્કૃતિનો એક ભાગ ગણવામાં આવે છે. હ્યુંડાઈ મોટર કંપનીના પ્રેસિડેન્ટ અને સીઈઓ જોસ મ્યુનોઝે જણાવ્યું હતું કે, "ક્રિકેટ અને હ્યુંડાઈ બંને સુધારો લાવવા માટે અથાક મહેનત અને દરેક પડકારનો સામનો કરવા માટેની સ્થિતિસ્થાપકતા ધરાવે છે. આઈસીસી સાથે ભાગીદારી કરતા તથા વિશ્વભરના બે અબજથી વધુ ઉત્સાહી ચાહકો સાથે જોડાતા અમે ગર્વાન્વિત છીએ. ભારત જેવા મહત્વના બજારોમાં, જ્યાં ક્રિકેટને જીવનનો એક માર્ગ ગણવામાં આવે છે, આ ભાગીદારી એવા ગ્રાહકો અને સમુદાયો સાથે અમારા જોડાણને વધુ ગહન બનાવે છે જેઓ અમારા દરેક કામ માટે પ્રેરણા આપે છે. અમે આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ્સમાં યાદગાર અનુભવો બનાવવા માટે આતુર છીએ."

## હાયોસંગ હેવી ઈન્ડસ્ટ્રીઝ કરાર દ્વારા બ્રિટનના વિન્ડ પાવર પ્રોજેક્ટને મળશે વેગ

સોલ: દક્ષિણ કોરિયાની અગ્રણી કંપની હાયોસંગ હેવી ઈન્ડસ્ટ્રીઝે વૈશ્વિક ઉર્જા ક્ષેત્રે પોતાની મજબૂત પકડ જમાવતા બ્રિટન સાથે એક મોટો સોદો પાર પાડ્યો છે. બ્રિટનના મહત્વાકાંક્ષી વિન્ડ પાવર પ્રોજેક્ટને સમર્થન આપવા માટે કંપનીએ અંદાજે 82 મિલિયન યુએસ ડોલર એટલે કે 120 બિલિયન વોનનો કરાર કર્યો છે. આ સમજૂતી હેઠળ કંપની બ્રિટનને અત્યાધુનિક અલ્ટ્રા-હાઈ-વોલ્ટેજ ટ્રાન્સફોર્મર પૂરા પાડશે, જે દેશના પુનઃપ્રાપ્ય ઉર્જાના માળખાને મજબૂત બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવશે.આ મહત્વપૂર્ણ કરાર સ્કોટિશ પાવરના એક વિભાગ 'એસપી એનર્જી નેટવર્ક' સાથે કરવામાં આવ્યો છે. બ્રિટન જ્યારે તેના નેટ-ઝીરો ઉત્સર્જનના લક્ષ્યાંકો તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે, ત્યારે આ ટ્રાન્સફોર્મર પાવર ગ્રીડની સ્થિરતા વધારવામાં મહત્વનું યોગદાન આપશે. મીડિયા અહેવાલ મુજબ, હાયોસંગ હેવી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા પૂરા પાડવામાં આવનારા આ સાધનો સમગ્ર યુકેમાં ફેલાયેલા વિવિધ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે કરોડરજ્જુ સમાન સાબિત થશે.

## એક્સિસ બેંકે MSME માટે ડિજિટલ મર્ચન્ટ કેશ એડવાન્સ લોન રજૂ કરી

(એજન્સી) મુંબઈ | તા 23

ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંકો પૈકીની એક એક્સિસ બેંકે ડિજિટલ મર્ચન્ટ કેશ એડવાન્સ લોન લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ એક ઉદ્યોગનું સૌપ્રથમ, કેશ-ફ્લો આધારિત ધિરાણ સોલ્યુશન છે જેને સમગ્ર ભારતમાં લઘુ અને નાના કદના વ્યવસાયો માટે ખાસ બનાવવામાં આવ્યું છે. આ નવીનતમ તથા સંપૂર્ણ ડિજિટલ પ્રોડક્ટ રૂ. 2 લાખથી રૂ. 20 લાખ સુધીની અસુરક્ષિત લોન ઓફર કરે છે, જેનાથી વેપારીઓ, ખાસ કરીને નાની કરિયાણાની દુકાન ધરાવનારાઓને ઝડપથી ધિરાણ મળી શકે છે અને તેમના વેપારમાંથી રોકડ આવતી રહે તે મુજબ રોજબરોજના હપ્તા ચૂકવવા સાથે લોન ભરપાઈ કરી શકે છે.આ સોલ્યુશન સંપૂર્ણપણે ડિજિટલ છે, જેમાં પરંપરાગત ફાઈનાન્શિયલ સ્ટેટમેન્ટ્સના બદલે કેશ ફ્લોની સમજ અને અન્ય પરિમાણો દ્વારા ગ્રાહક પાત્રતા ધરાવે છે કે કેમ તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે. લોનની યાત્રાના ભાગ રૂપે, ગ્રાહકોને એક્સિસ બેંકની ચાલુ ખાતાની સેવાઓ પણ આપવામાં આવશે, જે ઓનબોર્ડિંગથી વિતરણ સુધીનો સરળ વ્યક્તિગત અનુભવ સુનિશ્ચિત કરશે.

AXIS BANK

અરજદારોને મિનિટોમાં જ તાત્કાલિક ધિરાણની જાણ કરાય છે અને થોડા દિવસોમાં જ તેમને ફંડ આપી દેવાય છે. ચુકવણીઓ દૈનિક હપ્તાઓ દ્વારા ઓટોમેટિક રીતે એકત્રિત કરવામાં આવે છે, જેનાથી વેપારીઓ મોટી રકમના ઈએમઆઈને બદલે વાસ્તવિક વેચાણના આધારે ચુકવણી કરી શકે છે. આ રોજિંદા હપ્તા (EDI) મોડેલ ચુકવણીની સુગમતા પ્રદાન કરે છે અને સ્થિર કાર્યકારી મૂડી જાળવવામાં મદદ કરે છે. આ લોન્ચ અંગે એક્સિસ બેંકના કોમર્શિયલ બેંકિંગ ગ્રુપના હેડ અને પ્રેસિડેન્ટ વિજય શેટ્ટીએ જણાવ્યું હતું કે, "ડિજિટલ મર્ચન્ટ કેશ એડવાન્સ લોન તાત્કાલિક ક્રેડિટ સુવિધા અને ચાલુ ખાતાને એક સરળ, ડિજિટલ સોલ્યુશનમાં સાથે લાવે છે, જે વેપારીઓની વ્યવસાયિક જરૂરિયાતોને અનુરૂપ ફ્લેક્સીબલ રોજબરોજની ચુકવણી દ્વારા સમર્થિત છે. રોકડ-પ્રવાહ-આધારિત અંડરરાઈટિંગનો લાભ લઈને, અમે એમએસએમઈ માટે સમયસર ફંડ્સને વધુ સુલભ બનાવવાનો ઉદ્દેશ્ય રાખીએ છીએ. આ લોન્ચ અમારા ડેટા-આધારિત ધિરાણને આગળ વધારવા અને ભારતના એમએસએમઈને સરળ, ઝડપી અને વિશ્વસનીય ધિરાણ સાથે સશક્ત બનાવવાની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે."

**અંતિમ નિર્ણય અને રાહ** | **કેબિનેટની મંજૂરી બાદ જ મળશે એરિયર્સ**

## પહેલી જાન્યુઆરીથી આઠમું પગાર પંચ, 2026માં કેટલું વધશે સરકારી કર્મચારીઓનું વેતન?

(એજન્સી) નવી દિલ્હી | તા 23

કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો માટે 31 ડિસેમ્બર, 2025ની તારીખ અત્યંત નિર્ણાયક સાબિત થશે, કારણ કે આ દિવસે સાતમા પગાર પંચની મુદત સત્તાવાર રીતે સમાપ્ત થઈ રહી છે. આ સાથે જ આઠમા પગાર પંચની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. નોંધનીય છે કે ઑક્ટોબર 2025માં કેન્દ્ર સરકારે 8મા પગાર પંચની સંદર્ભ શરતોને મંજૂરી આપી દીધી છે. આ પંચને નવેમ્બર 2025થી લગભગ 18 મહિનાનો સમય આપવામાં આવ્યો છે, જેમાં તે પગાર, ભથ્થાં અને પેન્શન સંબંધિત પોતાની ભલામણો સરકારને સોંપશે.જોકે 1 જાન્યુઆરી, 2026એ નવા પગાર માળખા માટેની સત્તાવાર તારીખ હશે, પણ કર્મચારીઓના ખાતામાં આ વધારો આવતા થોડો સમય લાગી શકે છે. ઈતિહાસ પર નજર કરીએ તો, અમલીકરણની તારીખ અને ખરેખર પગાર મળવા વચ્ચે હંમેશા




મોટો અંતર રહે છે. 7મા પગાર પંચ વખતે પણ પગાર જાન્યુઆરી 2016થી લાગુ થયો હતો, પરંતુ કેબિનેટની લીલી ઝંડી જૂન મહિનામાં મળ્યા બાદ જ કર્મચારીઓને એરિયર્સ અને વધેલો પગાર મળવાની શરૂઆત થઈ હતી. હવે સવાલ એ છે કે 8મા પગાર પંચમાં પગાર કેટલો વધી શકે છે. હાલમાં કોઈ સત્તાવાર આંકડો નથી, પરંતુ જૂના પગાર પંચોના આધારે અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. **6ઠ્ઠું પગાર પંચ:** સરેરાશ 40% જેટલો વધારો થયો હતો. **7મું પગાર પંચ:** વધારો આશરે 23-25% રહ્યો હતો, જેમાં ફિટમેન્ટ ફેક્ટર 2.57 હતું.

**8મું પગાર પંચ:** પ્રાથમિક અંદાજ મુજબ 20%થી 35% સુધીનો વધારો થઈ શકે છે. ફિટમેન્ટ ફેક્ટર 2.4થી 3.0ની વચ્ચે રહેવાની શક્યતા છે, જેનાથી ખાસ કરીને નીચલા સ્તરના કર્મચારીઓને સારો ફાયદો મળી શકે છે.જોકે, અંતિમ નિર્ણય આગામી મહિનાઓમાં મોંઘવારીનું સ્તર, સરકારની આર્થિક સ્થિતિ, ટેક્સની આવક અને રાજકીય સંતુલન જેવી બાબતો પર નિર્ભર રહેશે. જાણકારોનું માનવું છે કે સરકાર કર્મચારીઓને 'ફીલ-ગુડ' અનુભવ કરાવતો વધારો આપવાનો પ્રયત્ન કરશે, પરંતુ ભથ્થાં અને DA(મોંઘવારી ભથ્થા)માં ફેરફારો ખૂબ વિચારીને કરશે. હાલમાં એટલું નક્કી મનાય છે કે જાન્યુઆરી 2026 માત્ર સંદર્ભ તારીખ હશે, જ્યારે વાસ્તવિક પગાર વધારો અને એરિયર્સ સંભવતઃ 2026-27 દરમિયાન મળશે. એટલે કે, કર્મચારીઓએ આશા રાખવી જોઈએ, પરંતુ થોડી રાહ જોવા પણ તૈયાર રહેવું પડશે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, પોષ સુદ-04

# દિલ્હીમાં વાયુ પ્રદુષણ બેકાબુ

દિલ્હીમાં પ્રદૂષણ અંગે દેશ અને દુનિયાભરમાં વ્યાપક ચિંતા છે, પરંતુ આ સમસ્યા ફક્ત દિલ્હી પૂરતી મર્યાદિત નથી. રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રના હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના ઘણા શહેરો પણ પ્રદૂષણથી પ્રભાવિત છે. આકાશમાં ધુમ્મસની મોટી ચાદર છવાઈ ગઈ. એર કવોલિટી અર્લી વોર્નિંગ સીસ્ટમ ફોર દિલ્હી મુજબ મંગળવારે સવારે રાજધાનીનું એવરેજ કવોલિટી ઈન્ડેકસ- એકયુઆઈ 413 નોંધાયો છે. જે ખૂબજ ખરાબ શ્રેણીમાં આવે છે. જે હવાની ગંભીર શ્રેણી છે. કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ- સીપીસીબીના સવારના 7 વાગ્યાના આંકડા મુજબ રાજધાની દિલ્હીના અલીપુરમાં એકયુઆઈ 408, આનંદ વિહારમાં 466, અશોક વિહારમાં 444, આયાનગરમાં 367, બવાનામાં 427, બુરાડીમાં 390 ચાંદની ચોક વિસ્તારમાં 425 એકયુઆઈ નોંધાયું છે. વધુમાં, લખનૌ, વારાણસી, જયપુર, પટના, મુઝફ્ફરપુર, કાનપુર અને દેશભરના અન્ય શહેરોમાં પ્રદૂષણ સંકટ પણ લોકોના સ્વાસ્થ્ય માટે જોખમી છે. જ્યારે આ શહેરોમાં કટોકટી દિલ્હી જેટલી ગંભીર નથી, ત્યારે સમગ્ર દેશ માટે લાંબા ગાળાના આયોજનની જરૂર છે. દિલ્હીમાં 450 નો સતત હવા ગુણવત્તા સૂચકાંક, જે વિશ્વના સૌથી પ્રદૂષિત શહેરોમાં ત્રીજા ક્રમે છે, તે ચોક્કસપણે એક ચેતવણી સંકેત છે. ઉત્સર્જન ધોરણોનું ઉલ્લંઘન કરતા વાહનો પર પ્રતિબંધ, ઓફિસોમાં ઘરેથી કામ, શાળાઓમાં ઓનલાઈન વર્ગો અને તોડી પાડવા અને બાંધકામ પર પ્રતિબંધ મૂકવાના દિલ્હી સરકારના પગલાં છતાં, અપેક્ષિત પરિણામો પ્રાપ્ત થયા નથી. દરમિયાન, ચીની દૂતાવાસે દિલ્હીમાં પ્રદૂષણ નિયંત્રણમાં સહાયની ઓફર કરી છે. ચીની દૂતાવાસે X પર એક પોસ્ટમાં સ્ક્રીનશોટ શેર કર્યા, જેમાં દિલ્હીમાં 447 અને બેઈજિંગમાં 67 નો AQI દર્શાવવામાં આવ્યો છે. નિઃશંકપણે, ભારત અને ચીન બંને ઝડપી શહેરીકરણના પડકારોનો સામનો કરી રહ્યા છે. જોકે, ચીને શિયાળા દરમિયાન તેના ઘણા શહેરો ધુમ્મસમાં છવાયેલા રહેતા હતા તે પરિસ્થિતિને વ્યવસ્થિત રીતે સંબોધી છે. સામ્યવાદી ચીન અને લોકશાહી ભારત વચ્ચે નીતિ અમલીકરણમાં મૂળભૂત તફાવતો હોવા છતાં, ચીનની સફળતામાંથી શીખી શકાય છે. છેલ્લા બે દાયકામાં, ચીને આક્રમક રીતે ઈલેક્ટ્રિક વાહનો અપનાવ્યા છે, વાહનોના ઉત્સર્જનને નિયંત્રિત કર્યું છે, લાઈસન્સ પ્લેટ લોટરી અને ઓડ-ઈવન યોજનાઓ દ્વારા વાહન ટ્રાફિક ઘટાડ્યો છે. તેણે મોટા મેટ્રો અને બસ નેટવર્કનો વિસ્તાર કરીને જાહેર પરિવહનને મજબૂત બનાવ્યું છે. બેઈજિંગ અને આસપાસના શહેરોમાંથી લગભગ 3,000 ભારે ઉદ્યોગોને સ્થાનાંતરિત કરવામાં આવ્યા છે. એક મોટી સ્ટીલ કંપનીને દૂર કરવાથી હાનિકારક કણોમાં 20% ઘટાડો થયો છે. કોલસા આધારિત પાવર પ્લાન્ટ અને ઉદ્યોગો પર પ્રતિબંધ મૂકવા પર મોટો ભાર મૂકવામાં આવ્યો છે. વધુમાં, બાંધકામ સ્થળોએ ધૂળની જાળી લગાવવા, પાણી છંટકાવ અને સફાઈ કરવા, ખેડૂતોને સ્ટબલ ભથ્થાં આપવા અને પ્રદૂષણના પીક સમયગાળા દરમિયાન બાંધકામ પર પ્રતિબંધ મૂકવા માટે પગલાં લેવામાં આવ્યા હતા. ત્યાં વૃક્ષારોપણને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. નિઃશંકપણે, બેઈજિંગ અને દિલ્હીના સંજોગો અલગ છે, પરંતુ બેઈજિંગ મોડેલને ધ્યાનમાં લેવું જોઈએ. દિલ્હીની ભૌગોલિક સ્થિતિ બેઈજિંગ કરતા અલગ છે; તે એક ભૂમિગત પ્રદેશ છે જેનો નજીકમાં કોઈ દરિયાકાંઠો નથી. જો કે, કોલસા આધારિત પ્લાન્ટ બંધ કરવા જોઈએ, જાહેર પરિવહનને મજબૂત બનાવવું જોઈએ અને ઔદ્યોગિક સંસ્થાઓને રાજધાનીની સરહદોની બહાર સ્થાનાંતરિત કરવી જોઈએ. આ કાર્ય માટે ખાસ બજેટ પણ ફાળવવું જોઈએ. એ પણ ચિંતાનો વિષય છે કે દિલ્હીના 300 કિલોમીટરના ત્રિજ્યામાં, અગિયાર કોલસા આધારિત પાવર પ્લાન્ટ છે, જે સૌથી વધુ પ્રદૂષક સ્ત્રોત માનવામાં આવે છે. જો કે, લાંબા ગાળાના નીતિ વિકાસ અને આ નિર્ણયોના કડક અમલીકરણની જરૂર છે. દિલ્હી-એનસીઆરમાં પ્રદૂષણની સ્થિતિ અત્યંત ચિંતાજનક છે. મુખ્ય વિસ્તારોમાં AQI ખૂબ જ ખરાબથી ગંભીર શ્રેણીમાં નોંધાયા છે. દિલ્હીનો AQI 580, શાહદરાનો 784, દરિયાગંજનો 736 અને શાસ્ત્રીનગરનો AQI 643 હતો. સમગ્ર દિલ્હી-એનસીઆરમાં, AQI 700 થી 800 ની વચ્ચે રહ્યો, જેના કારણે શ્વસન રોગોનું જોખમ વધ્યું. છેલ્લા 24 કલાકમાં ઘણા વિસ્તારોમાં દ્રશ્યતા 100 મીટરથી ઓછી થઈ ગઈ છે, જે ગાઢ ધુમ્મસ અને પ્રદૂષણની સંયુક્ત અસરોને પ્રતિબિંબિત કરે છે.

## રાજપીપળા નગરપાલિકા દ્વારા નક્ષત્ર ગાર્ડન ખાતે વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરાયું



ભરત શાહ | નર્મદા તા.23

તા.૨૩/૧૨/૨૦૨૫ ને મંગળવારના રોજ "Women For Tree Campaign " ની કામગીરીનો રાજ્ય કક્ષાએ શુભારંભ કાર્યક્રમ મંત્રી (રાજ્ય કક્ષા) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અધ્યક્ષ સ્થાને ધોળકા ખાતે કાર્યક્રમનુ આયોજન કરવામા આવેલ . જે અન્વયે રાજપીપળા નગરપાલિકા દ્વારા આજરોજ વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન રાશિ નક્ષત્ર ગાર્ડન ખાતે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ ધર્મિષ્ઠાબેન પટેલ , સામાજિક અગ્રણી જયોતિબેન સથવારા તેમજ સ્વ સહાય જુથના બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને તેઓ દ્વારા 100 જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું.

# મહાનગરપાલિકા,જૂનાગઢ દ્વારા "વુમન ફોર ટ્રી" કાર્યક્રમનો શુભારંભ કરાવતા મેયરશ્રી

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.23

શહેરી વિકાસ વર્ષની ઉજવણીના ભાગ રૂપે આવાસ અને શહેરી બાબતો મંત્રાલય,ભારત સરકાર દ્વારા અમૃત ૨.૦ અંતર્ગત 'વુમન ફોર ટ્રી' કાર્યક્રમનો શુભારંભ માન. મંત્રીશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ(રાજ્ય કક્ષા) ના અધ્યક્ષ સ્થાને ધોળકા ખાતે આયોજિત છે.જેના અનુસંધાને મહાનગર પાલિકા જૂનાગઢ દ્વારા તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે ખામધ્રોળ ચોકડી, ત્રી મંદિર પાસે, ગામઠી હોટલની પાછળ, મીયાવાકી પ્લોટ ખાતે મેયરશ્રી ધર્મેશ પોંશીયા,કમિશનરશ્રી તેજસ પરમાર,સ્થાયી સમિતિ ચેર પર્સનશ્રી પલ્લવીબેન ઠાકર, નાયબ કમિશનરશ્રી ડી.જે.જાડેજા, કોર્પોરેટરશ્રી જમકુબેન છાયા, શ્રી કલ્પેશભાઈ ટોલિયા, શ્રી હાજાભાઈ ચુડાસમા,શ્રી ગીરાબેન જોષી, શ્રી વિરલભાઈ જોષી વગેરે મહાનગરપાલિકા, જૂનાગઢના અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો.આ તકે સ્વ સહાય જૂથના ૧૭૯ બહેનો દ્વારા અમૃત મિત્ર તરીકે વૃક્ષા રોપણ કરવામાં આવેલ.જેમાં મહાનગરપાલિકા,જૂનાગઢનો ૧,૨૮,૦૦૦ (એક લાખ અઠ્ઠાવીસ હજાર) રોપાઓનું વૃક્ષા રોપણ કરવાનો લક્ષ્યાંક છે.જેમાંથી આજ દિન સુધીમાં શહેરમાં અંદાજીત ૮૦,૦૦૦ (એંસી હજાર) રોપાઓનું વૃક્ષા રોપણ કરવામાં આવેલ છે. જૂનાગઢ શહેરને હરિયાળું બનાવવા માટે મહાનગરપાલિકા,જૂનાગઢ દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.તેમજ શહેરીજનોમાં પર્યાવરણ પ્રત્યે જન જાગૃતિ લાવવા માટે વુમન ફોર ટ્રી કેમ્પેઈન,એક પેડ માં કે નામ,વૃક્ષા રોપણ જેવા અનેક અભિયાન કાર્યરત કરવામાં આવેલ છે તેમ એક યાદીમાં જણાવ્યું છે.

## રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના નેતૃત્વમાં ઘેલા સોમનાથથી શરૂ થયેલી પદયાત્રાનું સોરઠની ભૂમિમાં ભાવભેર સ્વાગત- અભિવાદન

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.23

રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના નેતૃત્વમાં ઘેલા સોમનાથથી શરૂ થયેલી પદયાત્રાનું સોરઠની ભૂમિ પર સર્વ સમાજના સ્થાનિક અગ્રણીઓ અને પદાધિકારીઓએ ભાવભેર સ્વાગત- અભિવાદન કર્યું હતું. જનકલ્યાણ શિવવંદના પદયાત્રાએ બપોરનો પડાવ ચોકી ખાતેના ગંગામાં આશ્રમ ખાતે કર્યો હતો, અહીં મંત્રીશ્રીએ શ્રી રામદેવજી મહારાજના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે જનસભાને સંબોધતા કેબિનેટ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, ઘેલા સોમનાથથી તા.૨૦ ડિસેમ્બરે પૂજ્ય સાધુ સંતોની ઉપસ્થિતિમાં અને ઘેલા સોમનાથ મહાદેવની પૂજા અર્ચના સાથે શરૂ થયેલી પદયાત્રા સોરઠની પાવનભૂમિ પર પહોંચી છે, ભગવાન ભોળાનાથ ની પ્રેરણાથી રાજ્ય અને રાષ્ટ્રની ઉન્નતિ તથા જનકલ્યાણની નેમ સાથે શરૂ થયેલી જન કલ્યાણ શિવ વંદના પદયાત્રા દ્વારા કેન્દ્ર - રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાઓ લોકો સુધી પહોંચે, સામાજિક સમરસતા કેળવાઈ, આ સાથે જ યાત્રા દરમિયાન જુદા જુદા વિસ્તાર અને સમાજના લોકોને મળવાથી તેમની રજૂઆતો અને જનસામાન્યની મુશ્કેલીઓ જાણવાનો અવસર પ્રાપ્ત થયો છે. જેથી રાજ્યની જનતાના સુખાકારી અને સેવા કાર્યોને વેગ આપી શકાય. તેમણે એમ પણ કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો દેશને વિકાસની નવી ઊંચાઈ પર લઈ જવાના સંકલ્પ છે. તેમાં જન ભાગીદારી પણ એટલી જ જરૂરી છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, શ્રદ્ધા લાગણી અને પવિત્ર ભાવ સાથે શરૂ થયેલી પદયાત્રાનો ચોથો દિવસ છે તેમ છતાં ઉર્જા ઓછી નહીં પરંતુ વધી છે. તેમણે પદયાત્રીકો ના ઉત્સાહને પણ બિરદાવ્યો હતો, ઉપરાંત ટ્રાફિક નિયમન અને સ્વચ્છતા જાળવવા અને પોતાના સ્વાસ્થ્યની કાળજી લેવા પણ પદયાત્રીકોને અનુરોધ કર્યો હતો.

## પોરબંદર લોકસભાના સાંસદ ખેલ મહોત્સવ- ૨૦૨૫ના ફિનાલેમાં આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓ રમતવીરોને પ્રોત્સાહિત કરશે

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.23

રમતવીરોને પ્રોત્સાહન આપવા માટે જૂનાગઢના સરદાર પટેલ રમત સંકુલ ખાતે પોરબંદર લોકસભા વિસ્તારનો સાંસદ ખેલ મહોત્સવ - ૨૦૨૫ નો ભવ્ય ફિનાલે તા.૨૫- ૧૨- ૨૦૨૫ના રોજ યોજાશે, જેમાં રમતવીરોને પ્રોત્સાહિત કરવા માટે પોરબંદરના સાંસદ અને કેન્દ્રીય રમત ગમત મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓ પણ ઉપસ્થિત રહેશે. આ સંદર્ભે જરૂરી જાણકારી આપતા ઈન્ચાર્જ કલેક્ટર અને કમિશનરશ્રી તેજસ પરમારે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ માં રમતવીરોને પ્રોત્સાહિત કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ રાષ્ટ્રવ્યાપી વર્ચ્યુઅલી સંબોધન કરશે. ૧૧- પોરબંદર લોકસભા વિસ્તાર હેઠળના તાલુકામાં જુદી જુદી સ્પર્ધાઓ યોજાયો બાદ અંતિમ તબક્કો જૂનાગઢ ખાતે યોજવામાં આવશે. આ સાંસદ ફીનાલેમાં સાત વિધાનસભાના ખેલાડીઓ અને ટીમો વચ્ચે જુદી જુદી ૭ જેટલી પરંપરાગત રમતો સહિતની સ્પર્ધાઓ જુદી જુદી ચાર જુથમાં યોજાશે. જેમાં ૧૮૦૦ જેટલા ખેલાડીઓ ફાઈનલ સ્પર્ધાઓમાં ભાગ લેશે.આ સાંસદ ખેલ મહોત્સવથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં પણ રમતગમત પ્રવૃત્તિઓને ખૂબ વેગ અને પ્રેરણા મળશે. ઉપરાંત રાજ્યમાં અમદાવાદ ખાતે કોમનવેલ્થ ૨૦૩૦ યોજાશે તથા ઓલમ્પિક ૨૦૩૬ માટે દાવેદારી કરી રહ્યા છીએ, ત્યારે યુવા શક્તિને રમત ગમત ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રેરણા મળશે.

## પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ સંચાલિત ગુજરાત ડુંગરાળ વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ અને ખડક ચઢાણ બેઝિક કોર્સ યોજાયો

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.23

રાજય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ઉપક્રમે કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ગાંધીનગર આયોજીત અને પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ સંચાલિત ગુજરાત ડુંગરાળ વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ અને ખડક ચઢાણ બેઝિક કોર્સ પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ ખાતે યોજાયો હતો. જેમાં ગુજરાત ડુંગરાળ વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમમાં વિવિધ ૦૮ જીલ્લાના ૩૦ જેટલા ભાઈઓ અને બહેનો અને ખડક ચઢાણ બેઝિક કોર્સમાં ૫૦ જેટલા ભાઈઓ જોડાયા હતા. શિબિરના છેલ્લા દિવસે સમાપન સમારોહ યોજાયો હતો જેમાં કાર્યક્રમના અધ્યક્ષ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર, ઉપસચિવશ્રી કિનલ ડી.ખરાડી, જિલ્લા યુવા વિકાસ અધિકારી જૂનાગઢ શ્રી નીતાબેન ડી. વાળા, જૂનાગઢ શહેર જીલ્લા વ્યાયામ શિક્ષક સંઘ પ્રમુખ જીગ્નેશભાઈ ચાવડા, કોર્ષ ઈનચાર્જ તથા પૂર્વ પ્રિન્સીપાલ કે.પી.રાજપૂત, SVIM માઉન્ટ આબુ, ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ રાઠોડના હસ્તે શિબીરાર્થીઓ તથા માનદ ઈન્સ્ટ્રક્ટરોને પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષશ્રી કિનલ ડી. ખરાડીએ પોતાના અનુભવો જણાવતા કહ્યું હતું કે, પહાડોના પથ્થર પણ જીવનમાં સ્થિર થવાનું શીખવે છે અને પ્રકૃતિમાં આવી સાહસિક પ્રવૃતિ કરવાથી જીવનમાં શાંતિ અને આનંદની અનુભૂતિ થાય છે. તેમજ સર્વે માનદ ઈન્સ્ટ્રક્ટર તથા સ્ટાફની કામગીરીની ખુબજ સરાહના કરી હતી. જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન ડી. વાળાએ જણાવ્યું હતું કે 'જીવનમાં સંઘર્ષ વિના સફળતા નહી' , પોતાના અભ્યાસ સાથો સાથ રાષ્ટ્રને ઉપયોગી એવો ગોલ નક્કી કરીને આવી શોખની પ્રવૃતિ સતત ચાલુ રાખી પોતાના માતાપિતાનું નામ રોશન કરવું જોઈએ. કોર્ષ ઈનચાર્જ તથા પૂર્વ પ્રિન્સીપાલ કે.પી.રાજપૂતે શિબિર વિશેની માહિતી આપતા જણાવ્યુ કે વન વિભાગની પરવાનગી અને પાબંધી સાથે કેન્દ્રનો સ્ટાફ, રસોડાનો સ્ટાફ, તાલીમી સ્ટાફ, વન વિભાગ , પ્રાથમિક શિક્ષણ વિભાગ જૂનાગઢ સાથે સંકલનથી કામ કરીને આ શિબિર સફળતા પૂર્વક પૂર્ણ કરી હતી.

## જૂનાગઢની બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજમાં ઊર્જા સંરક્ષણ ક્ષેત્રે સ્ટાર્ટઅપની તકો પર વ્યાખ્યાન યોજાયું

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.23

બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજના ઈનોવેશન ક્લબ અને સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP)ના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસની ઉજવણીના ભાગરૂપે એક મહત્વપૂર્ણ માર્ગદર્શન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનનો વિષય હતો "ઊર્જા સંરક્ષણ ક્ષેત્રે રહેલ સ્ટાર્ટઅપની નવીન તકો". આ કાર્યક્રમમાં પ્રકૃતિમાં ઉપલબ્ધ વિવિધ ઊર્જા સ્ત્રોતોનું જતન, સંરક્ષણ અને સંવર્ધન કરવા માટેના નવીન વિચારોને સ્ટાર્ટઅપમાં રૂપાંતરિત કરવાની વિવિધ તકો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

## દબાણકર્તા દુકાનધારકોએ ગટરનાં સ્લેબમાં ગાબડા પાડયા..

સુશીલ પવાર | ડાંગ તા.23

ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં શામગહાન ખાતે રાજ્ય ધોરીમાર્ગની બન્ને સાઈડે સ્થાનિક દબાણકર્તાઓની મનમાનીનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં રાજ્ય ધોરીમાર્ગની બંને બાજુએ વાહનચાલકો અને રાહદારીઓની સુવિધા માટે અંદાજે 60 લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ કરવામાં આવેલી સ્લેબ ડ્રેનેજ ગટરને માત્ર એક જ અઠવાડિયામાં દબાણકર્તાઓએ તોડી પાડતા ભારે રોષ જોવા મળી રહ્યો છે.પ્રાપ્ત વિગતો અનુસાર, રાજ્ય ધોરીમાર્ગ પેટા વિભાગ વઘઈ દ્વારા આ ગટરનું કામ હજુ ગત અઠવાડિયે જ પૂર્ણ કરવામાં આવ્યું હતુ.જોકે, માર્ગને અડીને બેફામ બનેલા દુકાનદારો અને દબાણકર્તાઓએ પોતાના સ્વાર્થ માટે આ નવી નકોર ગટરનાં સ્લેબ



પર 40 ટન વજન ધરાવતા ટ્રક અને જેસીબી જેવા ભારે વાહનો ચડાવી દીધા હતા. ગટરનું બાંધકામ હજુ પૂરતું મજબૂત થાય તે પહેલાં જ તેના પર ક્ષમતા કરતા વધુ વજન ચઢાવવામાં આવતા ગટરના સ્લેબ તૂટીને બેસી ગયા છે. જેના કારણે સરકારના લાખો રૂપિયા જાણે ખાડામાં ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.સ્થાનિકોના જણાવ્યા અનુસાર, દબાણકર્તાઓના આ કૃત્યને કારણે અત્યારે ત્યાં ગંભીર અકસ્માત થવાનો ભય સેવાઈ રહ્યો છે. ગટર તૂટી જવાથી રસ્તાની બાજુમાં જ જોખમી ખાડા પડી ગયા છે. જો કોઈ રાહદારી કે રાત્રિના સમયે વાહન ચાલક આ ખાડામાં ખાબકે અને મોટી જાનહાનિ થાય તો તેની જવાબદારી કોની? તેવો વેધક સવાલ લોકો ઉઠાવી રહ્યા છે.આ મામલે હવે શામગહાનની જનતામાં ઉગ્ર લોકરોષ જોવા મળી રહ્યો છે.

# 'અરવલ્લી બચાવો' સભામાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાની ગર્જના

આપ | અરવલ્લી તા.23

ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ ખાતે આયોજિત "અરવલ્લી બચાવો" સભામાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ હાજરી આપી હતી. આમ આદમી પાર્ટીના યુવા નેતા યુવરાજસિંહ જાડેજા સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ, કાર્યકર્તાઓ, અરવલ્લી વિસ્તારના હજારો નાગરિકો, ખેડૂત, આદિવાસી સમાજ અને પર્યાવરણપ્રેમીઓ ધારાસભ્ય ચૈતર વસાવાની આગેવાની હેઠળ યોજાયેલી આ સભામાં જોડાયા હતા. સભાને સંબોધતા ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે ભાજપ સરકાર ઉદ્યોગપતિઓ અને ખનીજ માફિયાઓના દબાણ હેઠળ અરવલ્લી પર્વતમાળાની વ્યાખ્યા બદલી રહી છે. આ ફેરફારનો હેતુ માત્ર અને માત્ર ખનીજ માફિયાઓને અરવલ્લી સોંપવાનો



છે. ભાજપ સરકારે ખનીજ માફિયાઓ માટે લાલ જાજમ પાથરીને અરવલ્લીમાં ખનન કરવા ખુલ્લું આમંત્રણ આપ્યું છે, જે રાજ્ય અને દેશના ભવિષ્ય માટે ગંભીર ખતરો છે. ભાજપ સરકાર જળ, જંગલ અને જમીનને લૂંટાવા માગે છે. સરકારને સ્પષ્ટ શબ્દોમાં જણાવવા માગીએ છીએ કે આ પહાડો સરકાર દ્વારા બનાવેલા નથી, પરંતુ હજારો વર્ષોથી અડીખમ ઉભેલા કુદરતી પહાડો છે, અને તેમને નષ્ટ કરવાની કોઈને પણ છૂટ આપવામાં નહીં આવે. ચૈતર વસાવાએ દ્રઢતા સાથે કહ્યું કે અમે પહાડો અને જંગલોને ક્યારેય લૂંટાવા દઈશું નહીં. અરવલ્લી પર થતું અતિક્રમણ માત્ર વિસ્તાર માટે નહીં, પરંતુ સમગ્ર માનવ જાતિ માટે વિનાશકારી સાબિત થશે. અરવલ્લી પર્વતમાળા વાતાવરણને સંતુલિત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને જો અરવલ્લી નહી બચે તો નદીઓ પણ સુકાઈ જશે, જેના કારણે પાણીનું ગંભીર સંકટ ઊભું થશે.

## શિક્ષણ વ્યવસ્થા રામભરોસે : ૧૪૧ બાળકો વચ્ચે માત્ર ૨ શિક્ષકો!.શિક્ષણ સ્તરનું ઉત્તમ ઉદાહરણ..



સુશીલ પવાર | ડાંગ તા.23

ગુજરાત સરકાર રાજ્યના છેવાડાના આદિવાસી વિસ્તારોમાં શિક્ષણના સ્તરને ઊંચું લાવવા માટે 'કન્યા કેળવણી' અને 'શાળા પ્રવેશોત્સવ' જેવા મસમોટા અભિયાન પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરી રહી છે. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે. ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના દગડીઆંબા પ્રાથમિક શાળામાં શિક્ષણની કથળતી સ્થિતિ જોઈને સવાલ થાય છે કે શું આદિવાસી બાળકોના ભવિષ્યની કોઈને ચિંતા છે?ચોંકાવનારી બાબત એ છે કે આ દગડીઆંબા ગામ ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખનો મત વિસ્તાર ગણાય છે.જે નેતાના શિરે આખા જિલ્લાના વિકાસની જવાબદારી હોય, તેમના જ મત વિસ્તારમાં આવેલી શાળામાં શિક્ષણ વ્યવસ્થા વેન્ટિલેટર પર હોય તે અત્યંત શરમજનક બાબત છે.દગડીઆંબા પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૮માં કુલ ૧૪૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. નિયમ મુજબ અહીં પૂરતા શિક્ષકો હોવા જોઈએ, પરંતુ વાસ્તવિકતા અહીં વેગળી જ જોવા મળી રહી છે.કારણ કે અહીં ૬ શિક્ષકો માટેનું મહેકમ મંજૂર થયેલ છે અને હાજર માત્ર ૦૨ શિક્ષકો જ છે.મુખ્ય શિક્ષક (આચાર્ય) પણ વારંવાર ગેરહાજર રહેતા હોવાના સ્થાનિકો દ્વારા ગંભીર આક્ષેપો કરવામાં આવી રહ્યા છે.

### ગંદકી કરનાર સામે દંડકીય કાર્યવાહી કરાઈ

# પાલનપુર નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કાર્યવાહી

મહેશ સોલંકી | પાલનપુર તા.23

બનાસકાંઠાના હૃદય સમાન પાલનપુરની સવાર આજે કંઈક અલગ જ હતી. જ્યારે શહેરના લોકો ચા-નાસ્તાની લારીએ ગરમાગરમ સમોસા અને ચાની ચુસ્કી લઈ રહ્યા હતા, ત્યારે પાલનપુર નગરપાલિકાના મુખ્ય અધિકારી જીગરભાઈ પટેલ પોતાની ટીમ સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ કોઈ સામાન્ય મુલાકાત નહોતી, પણ શહેરના ગૌરવને પુનઃસ્થાપિત કરવા માટેનું એક યુદ્ધ હતું. 'સ્વચ્છ ભારત અભિયાન' માત્ર કાગળ પર નહીં પણ જમીન પર દેખાય તે માટે વહીવટી તંત્ર આજે રૌદ્ર સ્વરૂપમાં જોવા મળ્યું હતું.

## બનાસકાંઠા જિલ્લા પંચાયત નવીન ભવન નિર્માણ દરમિયાન વૈકલ્પિક કચેરી વ્યવસ્થાઓ ઊભી કરાઈ

પાલનપુર: બનાસકાંઠા જિલ્લાના વહીવટનું કેન્દ્ર ગણાતી પાલનપુર સ્થિત જિલ્લા પંચાયત કચેરી હવે ટૂંક સમયમાં નવા અને આધુનિક અવતારમાં જોવા મળશે. જોકે, આ ભવ્ય નિર્માણ કાર્ય દરમિયાન વહીવટી ગતિ જળવાઈ રહે અને જૂની ઈમારતમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે તંત્રએ રાતોરાત મોટો નિર્ણય લીધો છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલી અખબારી યાદી મુજબ, સુરક્ષાના કારણોસર ત્રીજા અને ચોથા માળની કચેરીઓને તાત્કાલિક અસરથી અન્યત્ર ખસેડવામાં આવી છે. કઈ શાખા હવે ક્યાં મળશે? જાણો સમગ્ર વિગત સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, ખેતીવાડી અને પશુપાલન શાખા હવે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના હોલમાં કાર્યરત થશે. જ્યારે, આરોગ્ય, મેલેરિયા અને કુટુંબ કલ્યાણ જેવી અતિ મહત્વની શાખાઓને સરકારી બંગલા નંબર 1 માં સ્થાન આપવામાં આવ્યું છે. શિક્ષણ જગત સાથે સંકળાયેલા લોકોએ હવે લક્ષ્મીપુરા નવી પ્રાથમિક શાળાનો સંપર્ક કરવો પડશે.

## સંત સુરદાસ યોજના: હવે 60% દિવ્યાંગતા ધરાવતા દરેક વ્યક્તિને મળશે આર્થિક કવચ

પાલનપુર: બનાસકાંઠાની ધરતી પરથી આજે એક એવા સમાચાર વહેતા થયા છે જે હજારો પરિવારોના આંસુ લૂછવાનું કામ કરશે. રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ નાગરિકોને સમાજમાં સન્માનજનક સ્થાન આપવા અને તેમની રોજિંદી જરૂરિયાતો પૂરી કરવા માટે 'સંત સુરદાસ યોજના' માં ક્રાંતિકારી ફેરફારો કર્યા છે. આ યોજના હવે માત્ર કાગળ પરની સહાય નથી, પરંતુ અંધકારમય જીવનમાં ઉજાસ પાથરવાનો એક નમ્ર પ્રયાસ છે. જિલ્લાના હજારો દિવ્યાંગો જેઓ અત્યાર સુધી આર્થિક તંગીના કારણે પરેશાન હતા, તેમના માટે આ એક દિવાળી જેવો અવસર બનીને આવ્યો છે. નવા માપદંડો અને પેન્શનની વિગત સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ચાલુ નાણાકીય વર્ષથી સરકારે દિવ્યાંગતાના માપદંડોમાં ઉદારતા દાખવી છે.

### લાખો પ્રવાસીઓની સુરક્ષા અને સગવડ સર્વોપરી

# જૂનાગઢના ગઢ ગુંજ્યા: વિધાનસભાની ખાતરી સમિતિએ ઉપરકોટના કાંગરેથી લીધું નિરીક્ષણ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.23

ગિરનારની ગોદમાં વસેલું જૂનાગઢ આજે પ્રશાસનિક હલચલનું કેન્દ્ર બન્યું હતું. ગુજરાત વિધાનસભા સચિવાલયની ખાતરી સમિતિના સભ્યો જ્યારે જૂનાગઢના ઐતિહાસિક ઉપરકોટ કિલ્લાના પગથિયાં ચડી રહ્યા હતા, ત્યારે વાતાવરણમાં એક અલગ જ ગંભીરતા અને ગૌરવની અનુભૂતિ હતી. સમિતિના અધ્યક્ષ અને વરિષ્ઠ ધારાસભ્ય શ્રી કિરીટસિંહ રાણાની આગેવાનીમાં આ ઉચ્ચસ્તરીય ટીમે શહેરની સાંસ્કૃતિક ધરોહર અને પ્રવાસન ધામોની કાયાપલટનું જાત-નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત માત્ર શિષ્ટાચાર નહોતી, પણ સરકાર દ્વારા અપાયેલી ખાતરીઓ જમીન પર કેટલી ઉતરી છે તેની તપાસ હતી. ઐતિહાસિક વિરાસત જોઈ સભ્યો થયા અભિભૂત સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, સમિતિના સભ્યો સર્વશ્રી ભગવાનભાઈ બારડ, કિરીટસિંહ ડાભી, સુખાજી ઠાકોર અને કિરિટભાઈ પટેલે ઉપરકોટ કિલ્લાની ભવ્યતા નિહાળી હતી. કિલ્લાના નવીનીકરણ અને પ્રવાસીઓ માટે ઊભી કરવામાં આવેલી આધુનિક સુવિધાઓ જોઈને સમિતિના સભ્યો આશ્ચર્યચકિત થયા હતા. ઉપરકોટ એ માત્ર પથ્થરોની ઈમારત નથી, પણ ગુજરાતના અસ્મિતાનું પ્રતીક છે. સમિતિએ અહીં આવતા લાખો સહેલાણીઓ માટે પીવાનું પાણી, શૌચાલય અને સુરક્ષા વ્યવસ્થાની ઝીણવટભરી તપાસ કરી હતી.

સક્કરબાગમાં સિંહની ગર્જના અને વ્યવસ્થાની સમીક્ષા ઉપરકોટ બાદ સમિતિએ એશિયાના સૌથી જૂના પ્રાણી સંગ્રહાલયોમાંના એક એવા સક્કરબાગની મુલાકાત લીધી હતી. ગુજરાતના ગૌરવ સમાન ડાલામથ્થા સિંહોના સંવર્ધન અને વન્યજીવોની સારસંભાળની સમીક્ષા કરવામાં આવી હતી. જાણકારોનું કહેવું છે કે, સમિતિના સભ્યોએ ત્યાં હાજર પ્રવાસીઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો અને તેમની મુશ્કેલીઓ વિશે પૂછપરછ કરી હતી. પ્રવાસીઓના પ્રતિસાદ બાદ અધિકારીઓને સ્થળ પર જ જરૂરી સૂચનો આપી કામગીરીમાં વેગ લાવવા આદેશો કરાયા હતા.

### મોંઘવારીનું ગ્રહણ, ગરીબોની થાળીમાંથી ટામેટા ગાયબ થયા...

## રાજપીપળામાં આસમાને પહોંચેલ શાકભાજી હવે સસ્તું થયુ પરંતુ ટામેટાના ભાવ આસમાને



ભરત શાહ | નર્મદા તા.23

રાજપીપળા શહેર માં ઘણા સમયથી શાકભાજી ના ભાવ આસમાને પહોંચતા મધ્યમ ગરીબ વર્ગ ડુંગળી બટાટા પર નિર્ભર રહ્યા હતા જોકે હાલ માં શાકભાજી ના ભાવ ઘટતા રાહત થઈ છે. મળતી માહિતી મુજબ કમોસમી વરસાદ અને વાતાવરણ માં પલટા ના કારણે નર્મદા જિલ્લામાં શાકભાજી મોંઘુ થયું હતું જેનું કારણ સ્થાનિક પાક બગડી જતાં બહાર થી શાકભાજી આવતા ટ્રાન્સપોર્ટ નો ચાર્જ વધુ લાગતાં રાજપીપળા માં આવતા શાકભાજી નો ભાવ બમણો થયો હતો જેમાં દરેક શાકભાજી 150 રૂપિયે કિલો ની આસપાસ વેચાણ થતું હતું જેમાં મધ્યમ અને ગરીબ વર્ગ ના લોકો મુશ્કેલી માં મુકાયા હતા અને શાકભાજી છોડી ડુંગળી બટાટા ખાતા થયા હતા ત્યારે હાલ માં વાતાવરણ સ્થિર થતા શાકભાજી ના ભાવ ઘટતા હાલ માં 80 રૂપિયે કિલો જેવો થતા લોકો એ રાહત અનુભવી છે, પરંતુ હજુ પણ ટામેટા નો ભાવ બમણો થયો છે જેમાં ટામેટા 160 રૂપિયે કિલો ના ભાવે મોંઘા થતા ગરીબો ની થાળી માંથી ટામેટા ગાયબ થયા છે.

### ધાર્મિક કાર્યક્રમોની રમઝટ: ભક્તોએ લીધો દર્શનનો લ્હાવો

# સોનલ બીજે ભક્તિનો મહાસાગર ઉમટ્યો : ચાણસ્મા અને રૂપપુર-કારોડા જયઘોષથી ગાજ્યા

નિતીન ઠાકર | ચાણસ્મા તા.23

પાટણની પવિત્ર ધરતી અને ચાણસ્મા પંથકમાં આજે આસ્થાનો સૂર્યોદય થયો હતો. પોષ સુદ-2 એટલે આઈ શ્રી સોનલ માતાજીની બીજ, જે ભક્તો માટે કોઈ મહોત્સવથી ઓછી નથી. આ પવિત્ર દિવસે ચાણસ્માના સિનેમા રોડ પર આવેલા રામાપીરના મંદિરે અને ગ્રામ્ય વિસ્તારોમાં સવારથી જ શ્રદ્ધાળુઓનો મહેરામણ ઉમટ્યો હતો. વાતાવરણમાં ગુલાલની છોળો અને 'જય બાબારી'ના નાદ સાથે આખું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. લોકો પોતાના હૃદયમાં અતૂટ શ્રદ્ધા લઈને આઈ સોનલ અને રામદેવજીના ચરણોમાં શીશ ઝુકાવવા પહોંચ્યા હતા. રૂપપુર અને કારોડામાં ભક્તિનો ઉમંગ સ્થાનિક સૂત્રોના



જણાવ્યા મુજબ, રૂપપુર રામાપીર મંદિરે વિશેષ પાટ પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી શરૂ થયેલા ભજન-સત્સંગમાં ભક્તો એવા તો લીન થયા કે સમયનું ભાન ભૂલી ગયા હતા. બીજી તરફ, કારોડા રામદેવ મંદિરે જે દ્રશ્યો સર્જાયા તે જોઈને ગ્રામજનો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. રામામંડળના કલાકારોએ રામાપીરના વેશ પરિધાન કરી, પરંપરાગત રીતે દેગ ઉતારી હતી. આ ધાર્મિક વિધિ નિહાળવા માટે આખું ગામ ઉમટી પડ્યું હતું, જાણે ભક્તિનો કોઈ મેળો જામ્યો હોય! કારોડાનું મંદિર જાણકારોનું કહેવું છે કે, કારોડાનું આ રામાપીર મંદિર માત્ર પથ્થરોનું નથી, પણ આખા ગામની એકતાનું પ્રતીક છે. કારોડા રામામંડળના સભ્યોએ ગામે-ગામ રામાપીરના આખ્યાન રજૂ કરીને જે આવક મેળવી, તેમાંથી આ ભવ્ય મંદિરનું નિર્માણ કર્યું છે. આ વાત સ્થાનિક લોકો માટે ગર્વનો વિષય છે. આજે સોનલ બીજના દિવસે જ્યારે આ મંદિરે દીપમાળા પ્રગટી અને ભજનની રમઝટ બોલી, ત્યારે ભક્તોની આંખોમાં આસ્થાના આંસુ અને હોઠ પર સ્મિત હતું.

# માતાના વિરહમાં પુત્રએ પોઈચા બ્રિજ પરથી મારી છલાંગ: શું થયું..


પાલિકાની ટીમ દ્વારા શોધખોળ

પોલીસમાં જાણ કરનાર જીગરભાઈના જણાવ્યા મુજબ કુદકો મારતા પહેલા તેમના ભાઈ એ તેમના મોબાઈલ ઉપર મેસેજ કર્યો અને જણાવ્યું કે મને મમ્મીની બહુ યાદ આવે છે માટે હું આપઘાત કરવા જાઉં છું, પપ્પાનું ધ્યાન રાખજે, ત્યારબાદ મોટા ભાઈ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા પણ એ પહેલા નાનો ભાઈ કૂદી પડ્યો હતો

ભરત શાહ | નર્મદા

સંખેડા તાલુકાના દિવાળીપુરા ગામના યુવાને પોઈચા પુલ પરથી કૂદકો મારતા તેની શોધખોળ ચાલી રહી છે. મળતી માહિતી મુજબ જીગરભાઈ સુરેશભાઈ વસાવા ઉ.વ.૨૨ ધંધો.મજુરી રહે. દિવાળીપુરા તા.સંખેડા જી. છોટાઉદેપુર નાઓ એ પોલીસ ને જાણ કર્યા મુજબ તેમના નાના ભાઈ હાર્દીકભાઈ સુરેશભાઈ વસાવા ઉ.વ.૨૦ રહે.દિવાળીપુરા તા.સંખેડા જી.છોટાઉદેપુર નાઓ તેમની માતા નાનપણથી મૃત્યુ પામેલ હોય જે વાતનું મનમાં લાગી આવતા તા.૨૨/૧૨/૨૦૨૫ ના દિવસે પોઈચા બ્રીજ ઉપરથી નદીના પાણીના પ્રવાહમાં કુદી જતા તેની શોધખોળ કરતા મળી નહી આવી ગુમ થતા પરિવારજનો યુવાન મળવાની રાહ જોઈ રહ્યા છે. રાજપીપળા પોલીસે આ માટે નોંધ લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે, કુદકો મારનાર યુવાન વડોદરા નોકરી કરતો હોય ત્યાં જવા નિકળ્યો અને આ પગલું ભર્યું.

# ઓરી ગામ પાસે ઈજાગ્રસ્ત કપીરાજની મદદે બજરંગ સેનાની ટીમ આવી

ભરત શાહ | નર્મદા

નાંદોદ તાલુકાના ઓરી ગામ બાજુ અજાણ્યો પીકઅપ ડ્રાઈવર એક કપીરાજને ટક્કર મારી ભાગી ગયેલ હતો આ ધટનાની શ્રી બજરંગ સેનાના પ્રેમ રાજપૂતને જાણ થતા તેઓના સાથી કાર્યકર્તા રેનીશભાઈ અને પલકબેનને બોલાવીને પ્રાથમિક ઈલાજ કરીને કપીરાજને સ્થળ પરથી ફોર વ્હીલર દ્વારા રાજપીપળા વન્ય જીવોના ડોક્ટર પાસે લઈ જઈ ત્યાં સાથે રહીને સારવાર કરાવી. કપીરાજને અકસ્માતના કારણે માથા તથા ખભાના ભાગે પંદર ટાંકા લેવા પડેલા હતાં. ઈલાજ બાદ કપીરાજને સુરક્ષિત જગ્યા પર લઈ જવાયેલ. હાલમાં કપીરાજ સુરક્ષિત છે અને પલકબેન, રેનીશભાઈ તથા પ્રેમભાઈ છેલ્લા



છ દિવસથી સવાર સાંજ દૂધ અને ફળફળાદી ખવડાવીને સારવાર કરી રહ્યાં છે. આ સમગ્ર ધટનામાં એક વાત જીવદયા ની જોવા મળી કે પલકબેન આ ગંભીર ઈજાગ્રસ્ત કપીરાજને પોતાનુ



કોઈ સ્વજન હોય એ રીતે ફોર વ્હીલ ગાડી માં પોતાના ખોળામાં લઈને બેસી સારવાર માટે લઈ ગયા હતાં. આમ નર્મદા જીલ્લામાં જીવદયા પ્રેમીઓ ગાય તથા અન્ય અબોલા જીવોના મુશ્કેલીનાં સમયમાં અવિરત સેવાઓ આપતા રહે છે.

## ડભોઈ-કેવડિયા રોડ પર બાઈકમાં અચાનક આગ,ગમોડ ગામ પાસે ધુમાડા બાદ બળીને ખાખ



ભરત શાહ, નર્મદા : ડભોઈ કેવડિયા રોડ ઉપર તિલકવાડા તાલુકાના પહાડ ગમોડ ગામ પાસે મુખ્ય માર્ગ ઉપર ચાલુ મોટરસાયકલ માં ધુમાડા નિકળ્યા બાદ અચાનક આગ ભભૂકી ઊઠી જેમા ગણતરીની મિનિટોમાં જ મોટરસાયકલ આગમાં બળીને ભઢ્ઢુ થઈ ગઈ હતી, બાઈક ચાલક અને સ્થાનિક લોકો ના આ દ્રશ્ય જોઈ જીવ તાળવે ચોટી ગયા હતા. જોકે બાઈક ચાલક બાઈક ઉપરથી ઉતરી જતા આબાદ બચાવ થયો હતો.

## રાજપીપળામાં રોગચાળો ના વકરે માટે રાજપીપળા નગરપાલિકા દ્વારા જંતુ નાશક દવાનો છંટકાવ

**ડેન્ગ્યુ, મેલેરિયા જેવા મચ્છરથી થતા રોગો માટે પાલિકા ટીમ દ્વારા શહેરમાં નાળામાં પાણી રોકાયું હોય જ્યાં મચ્છરોનો ઉપદ્રવ હોય ત્યાં દવાનો છંટકાવ કરાયો**



ભરત શાહ | નર્મદા

હાલમાં શિયાળાની ઋતુ ચાલુ છે અને રાજપીપળા શહેરમાં મચ્છરો નું પ્રમાણ વધતા કોઈ મોટો રોગચાળો ના વકરે તેની તકેદારી ભાગરૂપે રાજપીપળા નગરપાલિકા ટીમ દ્વારા શહેર માં જંતુનાશક દવા છાંટવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.હાલમાં રાજપીપળા શહેરમાં મચ્છરોનો ત્રાસ વધતા શહેરીજનો પણ કંટાળી ગયા છે



માટે રાજપીપળા નગરપાલિકા પ્રમુખ ,મુખ્ય અધિકારી ની સૂચના હેઠળ પાલિકા ની ટીમ દ્વારા શહેર ના મુખ્ય માર્ગ સહિત આખા શહેર માં જંતુનાશક દવા નો છંટકાવ અને ફોગિંગ ની કામગીરી કરવામાં આવી છે. આમ શહેરીજનો ના સ્વાસ્થ્યની ચિંતા કરી પાલિકા દ્વારા આ કામગીરી થતા શહેરીજનોને રાહત થશે અને કોઈ મોટો રોગચાળો નહીં ફેલાઈ.

**ગુજરાત શહેરી આજીવિકા મિશન. તેમજ ભારત સરકાર પુરસ્કૃત અમૃત 2.0 અન્વયે**

# ચાણસ્મા પાલિકા દ્વારા women for tree campaign વિષય સંલગ્ન ચાણસ્મા ખાતે વૃક્ષારોપણ કરાયું

નિતીન ઠાકર | ચાણસ્મા

રાજ્ય સરકાર દ્વારા લોકોને શુદ્ધ હવા મળી રહે પર્યાવરણની સંતુલના જળવાય તે માટે વિવિધ સંસ્થાઓનો સહયોગ લઈ વૃક્ષારોપણ થકી વૃક્ષારોપણ વધારે માં વધારે વૃક્ષારોપણ થાય અને વૃક્ષોનું જતન થઈ શકે તે માટે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવે છે ત્યારે ગુજરાત શહેરી આજીવિકા મિશન અને ભારત સરકારના અમૃત..૨ .૦ વુમન ટ્રી કંમ્પેઈન અંતર્ગત ચાણસ્મા પાલિકા દ્વારા મંગળવારે, Day Nulam નીચે સ્વસહાય જૂથો દ્વારા ચાણસ્મા નગરમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં



આવ્યો હતો જેમાં પ્રાથમિક તબક્કે અલગ અલગ ૫૦ છોડવાઓ થકી. વૃક્ષારોપણ કરાયું હતું. હાલના સમયમાં વાહનોના ધૂમાડા ફેકટરીઓમાંથી નીકળતો કચરો જેના કારણે હવામાન પર વિશેષ અસર વર્તાઈ રહી છે જેથી પર્યાવરણ સંતુલન ગુમાવતાં જેની સીધી અસર પર્યાવરણ અને જનજીવન પર પડી રહી છે ત્યારે વૃક્ષો જ પર્યાવરણ પર પડતી આડ અસરને બચાવી શકતા હોવાથી વૃક્ષોનું જતન કરવા પર પાલિકા પ્રમુખ પ્રતિક્ષાબેને ભાર મૂક્યો હતો આ પ્રસંગે પાલિકા પ્રમુખ પ્રતિક્ષાબેન પટેલ ચીફ ઓફિસર પ્રેરક પટેલ ઉપપ્રમુખ આંશુ પટેલ સહિત સ્વસહાય જૂથો ની મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જીયાપરના અગ્રણીની વિદાય



મહેશ એલ. સોની | નખત્રાણા

જીયાપર તા.નખત્રાણા ના વડીલ અગ્રણી રતનશીભાઈ પોકારનું ૯૭ વર્ષની ઉંમરે અવસાન થતા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી મગનભાઈ ચોપડા કવિ પંખીએ જણાવ્યું હતું કે રતનશીબાપા હમેશા ભક્તિ ભાવ મય પોતાનું જીવન વિતાવ્યું હતું તેમને હંમેશા નાના બાળકો પ્રત્યે ખૂબ જ લગાવ હતો તેઓ હંમેશા તમામ સાથે પ્રેમ ભાવ રાખતા તેમના અવસાનથી જીયાપર તેમજ આજુબાજુ ના વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી જીયાપર સત્સંગ મંડળ દ્વારા તેમના નિવાસ્થાને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં રામભાવ ભજન પ્રવીણભાઈ ચોપડા મગનભાઈ ચોપડા હંસરાજભાઈ રામજીયાણી નંદુભાઈ જબુઆણી કૃષ્ણકાંત પંડ્યા એ રજૂ કર્યા હતા કાર્યક્રમમાં રવજીભાઈ કરસન મંગલભાઈ વાળંદ સાથે પરિવારના વસ્તાભાઈ હરિભાઈ નંદુભાઈ સાથે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો હાજર રહ્યા હતા કાર્યક્રમનું સંચાલન શામજીભાઈ રામજીયાણીએ કર્યું હતું. એવું હિરેન ભાઈ ભાનુશાલી નખત્રાણાએ જણાવ્યું હતું.

# દીન દયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના વિષય પર સમી કોલેજમાં વ્યાખ્યાન

નિતીન ઠાકર | ચાણસ્મા

સમી ખાતે આવેલી સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજમાં ઉદીશા ક્લબ, NSS યુનિટ અને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM - સમી)ના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય વિષય હતો "દીન દયાલુ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના" (DDU-GKY), જે ગ્રામીણ વિકાસ મંત્રાલય હેઠળ ચાલતી રાષ્ટ્રીય યોજના છે.આ યોજનાનો હેતુ ગ્રામીણ વિસ્તારોના ગરીબ પરિવારોના યુવાનોને કૌશલ્ય તાલીમ આપીને તેમને રોજગારલક્ષી અને આત્મનિર્ભર બનાવવાનો છે. તે સમાવેશી વિકાસને પ્રોત્સાહન આપે છે અને ગ્રામીણ યુવાનોને આધુનિક બજારની માંગ અનુસાર તૈયાર કરે છે.વિશેષ વક્તા તરીકે સમી તરફથી હિમાંશુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને યોજના વિશે માહિતી આપી. તેમણે જણાવ્યું કે ગ્રામીણ યુવાનોને રોજગારમાં અડચણો આવે છે જેમ કે શિક્ષણ અને કૌશલ્યનો અભાવ. DDU-GKY આ અંતર પૂરવા વૈશ્વિક ધોરણોની તાલીમને



ભંડોળ પૂરું પાડે છે. યોજના પ્લેસમેન્ટ, રીટેન્શન, કારકિર્દી પ્રગતિ અને વિદેશી પ્લેસમેન્ટ પર ભાર મૂકે છે. આ યોજના રિટેલ, હોસ્પિટાલિટી, હેલ્થકેર, કન્સ્ટ્રક્શન, ઓટોમોટિવ, ઈલેક્ટ્રિકલ, પ્લમ્બિંગ, જેમ્સ-જ્વેલરી સહિત ૨૫૦થી વધુ વેપારોમાં તાલીમ આપે છે. તાલીમ માંગ આધારિત હોય છે અને ઓછામાં ઓછા ૭૫% તાલીમાર્થીઓને પ્લેસમેન્ટની ખાતરી આપવામાં આવે છે.કાર્યક્રમમાં ૧૧ અધ્યાપકો, ૯૦ વિદ્યાર્થીઓ અને ૧૦૦થી વધુ લાભાર્થીઓ હાજર રહ્યા હતા. આચાર્ય ડૉ. ટી.પી. આનંદના માર્ગદર્શન હેઠળ ઉદીશા કો-ઓર્ડીનેટર વિજયભાઈ જોષીએ આયોજન કર્યું. NSS ઓફિસર ડૉ. જાગૃતિબેન પ્રજાપતિએ સંચાલન અને ડૉ. આરતી પ્રજાપતિએ આભારવિધિ કરી. વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો અને પ્રશ્નો પૂછીને યોજના વિશે જાણકારી મેળવી. આવા કાર્યક્રમો યુવાનોમાં જાગૃતિ લાવે છે અને ગ્રામીણ વિકાસમાં યોગદાન આપે છે. આ કાર્યક્રમ સફળ રહ્યો અને તમામને પ્રેરણા આપી.

# શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ, જૂનાગઢ દ્વારા આયોજિત સ્નેહમિલન કાર્યક્રમ જ્ઞાતિજનોની બહોળી હાજરી સાથે સંપન્ન કર્યો

નરેન્દ્ર દવે | જૂનાગઢ

બાલાજી ફાર્મ, બાયપાસ રોડ, જૂનાગઢ ખાતે તા.૨૦/૧૨/૨૫ને શનિવારના રોજ અક્ષર નિવાસી શ્રી ધીરુભાઈ ગોહેલની દ્વિતીય પુણ્યતિથિના દિવસે શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ, જૂનાગઢ દ્વારા આયોજિત સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં જૂનાગઢ મહાનગરમાં વસતા સમાજના પરિવારજનો તથા આજુબાજુના 50 થી વધુ ગામોમાં વસતા સમાજના પ્રમુખો તથા આગેવાનો, મહેમાનો એ ઉત્સાહભેર હાજરી આપી હતી, સતાધાર ની જગ્યાના મહંતશ્રી વિજય બાપુ તથા સ્વામિનારાયણ ગુરુકુળ, વંથલીના કોઠારીશ્રી પ્રેમસ્વરૂપ સ્વામી ઉપસ્થિતિમાં તમામ પધારેલા લોકોમાં અનેરા ઉત્સાહની ઉર્જાનો સંચાર થયો હતો આ સમયે પૂજ્ય આપા ગીગા અને પૂજ્ય શામજી બાપુના જય ઘોષ સાથે પુષ્પ વૃષ્ટિ કરી ઉપસ્થિત તમામ જ્ઞાતિજનો દ્વારા મહેમાનોનુ અદકેરું સ્વાગત કરવામાં આવેલ, તથા પૂજ્યશ્રી વિજય બાપુ તથા પૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામીને મોટા વિશિષ્ટ સુશોભન વાળા હાર પહેરાવવામાં આવેલ. અક્ષર નિવાસીશ્રી ધીરૂભાઈ ગોહેલે ખાડામાંથી શ્રી શ્યામ વાડી, શ્યામ



ખંડનું નિર્માણ કરવામાં આવેલ તેનું એલ.ઈ.ડી. ઉપર શ્રી શ્યામ યુવક મંડળ દ્વારા માઈક્રો પ્લાનિંગ સાથે તૈયાર કરેલ શ્યામવાડી નિર્માણ અંગેની ડોક્યુમેન્ટરી તૈયાર કરવામાં આવેલ જે કાબિલેદાદ હતી તથા આ વાડીમાં જેમણે પણ દાનની સરવાણી વરસાવેલ એમના નામ સુવર્ણ અક્ષરે લખાય એવી સ્વ.ધીરૂભાઈની મહેચ્છાને સર્વે ટ્રસ્ટી ગણ દ્વારા મૂર્તિમંત કરવામાં આવેલ. સાથો સાથ આ તકતીનું ડિજિટલ અનાવરણ પણ પૂજ્ય વિજય બાપુના હસ્તે કરવામાં આવેલ, સતાધારના મહંત પરમ પૂજ્ય વિજય બાપુ દ્વારા આશિર્વચન આપતા જણાવવામાં આવેલ કે આ સમયમાં સંપ એ જ તાકાત છે. પૂજ્ય ધીરૂભાઈને યાદ કરતાં જણાવ્યું કે સમાજ પ્રત્યેની એમની સમર્પણની ભાવના અતુટ હતી તથા વર્તમાન પ્રમુખશ્રી વિવેકભાઈને પણ એમના પગલે આગળ વધવા આશિર્વચન પાઠવેલ. પૂજ્ય બાપુ દ્વારા સમાજમાં શિક્ષણ, સંસ્કાર અને ટેકનોલોજી સાથે અપડેટેડ રહેવા અપીલ કરવામાં આવેલ. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના જમાનામાં અને રોબોટિક્સ સાયન્સના યુગમાં દિવસે દિવસે સમાજમાં પ્રગતિ થાય તે બાબત અપેક્ષિત છે. જાહેર જીવન અને લોક જીવનમાં શિક્ષણ અને સંસ્કાર થકી નામના મળે એ બાબત સમયની તાતી જરૂરિયાત છે. સમજણ, સંપ અને સંસ્કાર થી જ ઘડતર શક્ય છે એવી ઉમદા અને મનનીય આશિર્વચન આપવામાં આવેલ. શ્રી પ્રેમસ્વરૂપ સ્વામી દ્વારા જ્યાં આસ્થા અને પ્રેરણાનું પ્રતિક છે તેવા સતાધાર ધામના પરમ વંદનીય સંત શિરોમણી ભક્ત ભૂષણ પૂજ્ય શામજીબાપુની કુંભના મેળાની યશ ગાથા સાથે આ સમાજમાં આપણા તમામનો જન્મ થયો છે એ બાબત આપણા સૌ માટે ગૌરવપ્રદ છે. આજે, કાલે ભૂતકાળમાં કે ભવિષ્યમાં વાત એક જ રહેશે કે જ્યાં સંપ હશે ત્યાં જ પ્રગતિ દીપી ઉઠશે.

## ૩૫ ગુજરાત બટાલિયન NCC દ્વારા સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી કરાઈ



માહિતી બ્યુરો, પાલનપુર : ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ૩૫ ગુજરાત બટાલિયન એનસીસી, પાલનપુર દ્વારા ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં ભવ્ય અને પ્રેરણાદાયી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં કુલ ૩૬૦ એનસીસી કેડેટ્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉજવણી અંતર્ગત મોડેલ સ્કૂલ નીલપુર, ગાયત્રી વિદ્યાલય થરાદ, જી.વી. આર્ટ્સ કોલેજ દિયોદર, જેગોલ સ્કૂલ તેમજ કોદરામ સ્કૂલ ખાતે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. તમામ સંસ્થાઓમાં એનસીસી કેડેટ્સ દ્વારા સરદાર પટેલના રાષ્ટ્રનિર્માણમાં આપેલા યોગદાન, રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા અંગેના વિચારોને લોકો સુધી પહોંચાડવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# આત્મનિર્ભર ગુજરાત ઔદ્યોગિક નીતિ ૨૦૨૨ હેઠળ પાલનપુરના સ્ટાર્ટઅપને નવી દિશા અને ગતિ મળી

માહિતી બ્યુરો | પાલનપુર

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના દૃષ્ટિકોણને સાકાર કરવા રાજ્ય સરકારશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલી આત્મનિર્ભર ગુજરાત ઔદ્યોગિક નીતિ ૨૦૨૨ ગુજરાતના યુવા ઉદ્યોગસાહસિકો માટે નવી આશાનું કિરણ બની છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ અમલમાં આવેલી આ યોજનાના માધ્યમથી ઉદ્યોગોને વ્યાજ સબસિડી, SGST રિઈમ્બર્સમેન્ટ, EPF રિઈમ્બર્સમેન્ટ તેમજ ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીમાં છૂટ જેવા મહત્વપૂર્ણ લાભો મળી રહ્યા છે. પરિણામે રાજ્યમાં નાના અને મધ્યમ ઉદ્યોગો મજબૂત બન્યા છે અને સ્થાનિક સ્તરે રોજગારીના અનેક અવસર સર્જાયા છે. આ યોજનાનો લાભ મેળવનાર પાલનપુર સ્થિત કોચ ઈન્ટરનેશનલ ટેકનીક પ્રાઈવેટ લિમિટેડ સ્ટાર્ટઅપના નિર્દેશકશ્રી પ્રદીપ પટેલ જણાવે છે કે, આત્મનિર્ભર ગુજરાત સ્કીમ ૨૦૨૨ હેઠળ અમને કેપિટલ સહાય, વ્યાજ સહાય તથા SGST સહાય મળી છે. સરકારશ્રી તરફથી મળેલી આ સહાયથી અમારા સ્ટાર્ટઅપને નવી દિશા અને ગતિ મળી છે. આર્થિક સહાયના કારણે ઉત્પાદન ક્ષમતામાં વધારો થયો છે અને વ્યવસાયનો વ્યાપ વિસ્તારી શકાયો છે. હાલ અમારી કંપની દ્વારા ૧૦૦થી વધુ સ્થાનિક લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૫માં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા અમને બેસ્ટ MSME એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા છે.

## બનાસની ધરતી પર સાહિત્યનો મહોત્સવ : બનાસ સાહિત્ય ઉત્સવનો પ્રારંભ કરાયો

માહિતી બ્યુરો | પાલનપુર

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ડૉ.ભાગ્યેશ જહાના અધ્યક્ષસ્થાને તથા પાલનપુર ધારાસભ્યશ્રી અનિકેતભાઈ ઠાકરની પ્રેરક ઉપસ્થિતિમાં વિદ્યામંદિર સ્કુલ પાલનપુર ખાતેથી બનાસ સાહિત્ય ઉત્સવનું બે દિવસીય આયોજન કરાયું છે. આ બનાસ સાહિત્યમાં પ્રથમ અને બીજા દિવસે થઈને કુલ આઠ સત્રમાં આયોજન કરાયું છે. જેના પ્રથમ દિવસે વિદ્યામંદિર હોલ ખાતે કાર્યક્રમનું ઉદ્ઘાટન કરાયા બાદ સત્ર ૧ અંતર્ગત કનુભાઈ મેહતા હોલ ખાતે રંગ મેઘાણી એકત્વ ગૃપ (રાષ્ટ્રીય શાયર મેઘાણીજીનાં જીવન-કવન સાહિત્ય પર મલ્ટીમીડીયા શૉ)નું આયોજન કરાયું હતું.બનાસ સાહિત્ય ઉત્સવના બીજા દિવસે ગુજરાતી બાળવાર્તાઓ (બાળકો માટે), રંગ રંગ વાદળિયાં, ઉત્તર ગુજરાતનાં સર્જકોની ઉત્તમ વાર્તાઓ રેડિયો પાલનપુર અને આંગિકમ ગૃપ દ્વારા વાચિકમ્, પાલનપુરી ગઝલે મિરાત, ગઝલપર્વ મુશાયરો, પશલાની અસલી નાટક, બનાસને તીરે લોકસંગીત જેવા કાર્યક્રમોનું આયોજન કરાશે.

# પપૈયા ના ફળ



- રુપાલી દવે

પપૈયા ના ફાયદાઓ ગણાવવા બેસું ને તો ફાયદાઓ પુષ્કળ પ્રમાણ છે ને ગેરફાયદા નહિવત સમજો. શિયાળા અને ઉનાળામાં ની ઋતુ માં પપૈયા નું વાવેતર થાય છે ને માત્ર ત્રણ જ વર્ષમાં ફળ પણ થવા લાગે છે. શિયાળાની ઋતુ માં પપૈયા નું સેવન એ ફાયદેમંદ સાબિત થાય છે કેમકે એન્ટિઓક્સિડન્ટ થી ભરપુર પપૈયા ના ફળ માં રોગપ્રતિકારક શક્તિ વધારે હોય છે. શિયાળા ની ઋતુ માં એલર્જી ને લગતા રોગો થી રાહત થાય છે. ફ્લાઉ વૃક્ષ પપૈયા નું વૈજ્ઞાનિક નામ "કેરીકા પપાયા" છે આ વૃક્ષ ની સૌપ્રથમ ખેતી મેક્સિકો ની સ્થાપના થઈ એ પહેલા થઈ હતી. ખેડૂત બે પ્રકાર ના લાલ ગર વાળા અને પીળા ગર વાળા પપૈયા ના ઝાડ નું વાવેતર કરતા હોય છે. ભારત માં પીળા ગર વાળા પપૈયા દેશી અને લાલ ગર વાળા ને વિદેશી નામથી ઓળખાય છે.જે રીતે લાલ અને પીળા ગર વાળા પપૈયા નું માર્કેટ છે એજ રીતે લીલા કાચા પપૈયા ની પણ ખપત માર્કેટ માં વધારે છે. ગુજરાત માં ગ ાઠ ય ા સાથે કાચા લીલા પપૈયા ની ચટણી ની રેસીપી નો સ્વાદિષ્ટ આવિષ્કાર થયો છે. પપૈયા ની ચટણી ની માફક જ ઉતર પ્રદેશ માં કાચા લીલા પપૈયા નું ભરતું બને છે. જો તમે કાચા પપૈયા નું શાક ન ખાધું હોય તો અચૂક બનાવી ને ખાજો સ્વાદ માં બેસ્ટ અને હેલ્થ માટે સુપર ડુપર સાબિત થશે.

પપૈયા નો ઉપયોગ માત્ર ફળ,રસોઈ અને શાક માંજ નથી થતો અન્ય ઉપયોગ પણ છે

૧) પપૈયા ની ડાળીઓ અને છાલ નો ઉપયોગ દોરડા બનાવવા માં થતો હોય છે.

૨) આયુર્વેદ ની મોટાભાગ ની દવાઓ માં અને પારંપરિક ઉપચાર માં પપૈયાનો ઉપયોગ ભરપુર થતો હોય છે.

૩) આપણે બધા જાણીએ છીએ કે ડેન્ગ્યુ અને ચિકન ગુનિયા જેવા ભયાનક રોગો માં સતત ઘટતા પ્લેટલેટ ને બે બુંદ પપૈયા ના પાન નો રસ વધારતો હતો.


૪) વિશ્વ ના અમુક દેશો માં મેલેરિયા ના રોગ મટાડવા માટે પપૈયા ના પાન ની ચા ને અકસીર ઈલાજ માન્યો છે.

૫) કાચા પપૈયા અને એના વૃક્ષ માં પેપાઈન નું પ્રમાણ વિપુલ માત્રા મા હોય છે એટલે પગ માં ચીરા પડવા,ડંખ થવો, છાલા વગરે સમસ્યા માટે અસરકારક ઔષધિ છે.

૬) કાચા પપૈયા માં કુદરતી રીત ગર્ભપાત થાય એવું તત્વ હોય છે એટલે તો સદીઓથી ભારત,બાંગ્લાદેશ અને પાકિસ્તાન માં કાચા પપૈયાનો દેશી ઘરગથ્થુ ઉપયોગ કરવામાં આવે છે. વેસ્ટ ઈન્ડિઝ માં ગુલામ મહિલાઓ પોતાના બાળકો ગુલામ બની ને ન જન્મે એ માટે કાચા પપૈયા નો ઉપયોગ કરતી હતી.

પોષક તત્વો થી ભરપૂર કાચા અને પાકા પપૈયા માં વિ ટા મિ ન





સી, વિ ટા મિ ન એ,પેપાઈન,નિયાસિન,મેગ્નેશિયમ, ફોલેટ, કેલ્શિયમ,કોપર અને ફાઈબર નામના પોષકતત્વો ઉપલબ્ધ હોય છે. જન્મ્યા બાદ કરતા ખાલી પેટ પપૈયું ખાવાના ફાયદા ઓ ઘણા છે.

૧)પપૈયા ની અંદર ઉપલબ્ધ પપૈન નામનું એન્ઝાઈમ એ પાચન તંત્ર માં જમા થયેલ પ્રોટીન ને તોડી ને ખોરાક ને પચાવે છે. આના કારણે કબજિયાત,ગેસ,એસિડિટી વગેરે જેવી પાચન તંત્ર ની સમસ્યા માં ઝડપી રાહત મળે છે.

૨) કુદરતી રીતે પપૈયા માં ડિટોક્સિફાઈંગ એજન્ટ હોય છે ફાયબર અને વિટામિન સી શરીર ની અંદર ન ઝેરી તત્વો ને દૂર કરે છે.આ કારણોસર સવારે ખાલી પેટે પપૈયું ખાવાથી ફાયદો થાય છે.

૩) ફાઈબર થી ભરપુર પાકા પપૈયા માં કેલરી નું પ્રમાણ નહિવત હોવાથી ખાલી પેટે ખાવાથી પેટ ભરેલું લાગે છે એટલે દિવસ દરમિયાન ભૂખ પણ ઓછી લાગતા વજન માં ઝડપભેર ઘટાડો થાય છે.

૪) ખાલી પેટે પાકું પપૈયું ખાવાથી ચહેરા પર કરચલીઓ થી લઈને ખીલ,ડાઘ, ધબ્બા થતા નથી.પપૈયા માં ઉપલબ્ધ વિટામિન એ ત્વચાને વૃદ્ધ થવા દેતું નથી સદા યુવાન રાખવા માં મદદરૂપ થાય છે.

૫) પાકું પપૈયું ખાવાથી ઘણી બીમારીઓના વાયરસ શરીર માં પ્રવેશતા પ્રથમ જ નાશ પામતા હોય છે. એન્ટિઓડિડન્ટ,વિટામિન એ,કેલ્શિયમ અને વિટામિન ઈ શરીર ની ઈમ્યૂન પ્રોસેસ વધારે છે.

૬) કેરીટિનોઈડ લ્યુટી નામક તત્વ એ ડીઝીટલ ઉપકરણો માંથી નીકળતી બ્લુ લાઈટ સામે આંખ ને રક્ષણ આપે છે. આ તત્વ પપૈયા માં ભરપૂર માત્રા મા ઉપલબ્ધ છે.

## પપૈયું ખાવાના ગેર ફાયદા

૧) જો તમને લેટેક્ષ અને પપૈન ની એલર્જી હોય તો પાકું પપૈયું ખાવાનું ટાળવું જોઈએ.

૨) ડાયાબિટીસ ના રોગ ધરાવતી વ્યક્તિ એ ખાલી પેટે પપૈયું ખાવાનું ટાળવું જરૂરી છે.

૩) ગર્ભવતી સ્ત્રીઓ એ ગર્ભાવસ્થા ના સમય ગાળા દરમિયાન કાચું કે પાકું પપૈયું ખાવાથી ગર્ભપાત ની સંભાવના સો ટકા રહેશે.

## કોની સાથે ન ખવાય



૧) પપૈયા ના સલાડ માં લીંબુ નો રસ,નમક કે ચાટ મસાલો નાખી ને ખાવો જોઈએ નહી.

૨) સંતરા, કિવી અને મોસંબી ના સલાડ સાથે ખાવાથી ફાયદા કરતા નુકશાન વધારે થશે.

૩) ભૂલ થી ભૂલમાં દહીં માં પપૈયા નું રાયતું બનાવશો નહી મતલબ દહીં અને પપૈયું સાથે ખાવાનું ટાળવું.

ભારત માં કાચા પપૈયા ની વાનગીઓ પુષ્કળ બને છે કાચા પપૈયા નું સલાડ અને કોફતા,પપૈયા ની ફ્રુટ ડીશ, પાકા પપૈયા નો શેક વગેરે વગરે બને છે. ભારત ની માફક દેશ વિદેશ માં પણ સ્વાસ્થ્ય અને કિચન ની ખાસ રેસીપી પપૈયો છે દક્ષિણ પૂર્વ એશિયા માં કાચા,પાકા પપૈયા માંથી બનતી વિવિધ રેસ્પીઓ ફેમસ છે.જો તમે થાઈલેન્ડ ગયા હશો તો ત્યાંની ફેમસ વાનગી સોમટેમ વાનગી અચૂક ખાધી હશે.આ વાનગી એ કાચા પપૈયા માંથી બને છે. ઈન્ડોનેશિયા માં લાલબ નામનો સલાડ એ પાંદડા અને કાચા પપૈયા ઉકાળી ને બનાવવામાં આવે છે. ત્યાંની મીનહસન નામની વાનગી એ પપૈયા ની કળીઓને તેલ માં સોટ કરીને મરચા અને કાચા સાથે તળી ને બને છે. કાચા પપૈયા માં પેક્ટિક નું પ્રમાણ વધારે હોવાથી એનો જેલી બનાવવા માં પણ ઉપયોગ વધારે થાય છે. ખૂબ ઓછા લોકો ને ખબર હશે કે પપૈયા ના બીજ નો પણ મરી ની જેવો જ ઉપયોગ થાય છે. પપૈયા ના બીજ સ્વાદે ખુબ તીખા હોવાથી એનો પાવડર બનાવી ને મરી પાવડર ની જગ્યા એ પણ વાપરવા માં આવે છે.

## પપૈયું ક્યારે અને કોની સાથે ન ખવાય

**સવાર ના સમયે ખાલી પેટ ઉઠતાવેંત પપૈયું ખાવાથી એમાં રહેલ પોષકતત્વો નો લાભ થાય છે. ફાયબર થી ભરપુર પપૈયું જમ્યા બાદ ખાવાથી પાચન ની સમસ્યા થઈ શકે છે.**

# વેવાણની પાર્ટીમાં નીતા અંબાણીએ રોલો પાડ્યો!

## ₹30 કરોડનો દુર્લભ હીરાનો હાર પહેરીને પહોંચ્યાં, શાહી ઠાઠ સાથે મોંઘેરી બ્યૂટીનો જાદુ વિખેર્યો

વિશ્વની સૌથી ધનિક મહિલાઓમાંનાં એક નીતા અંબાણી ઘણીવાર પોતાનાં અમૂલ્ય ઘરેણાંથી લોકોને મોહિત કરી દે છે. તેમની પાસે દુર્લભ હીરા, કીમતી માણેક અને નીલમણિ જેવી ખાસ અને ખૂબ જ મોંઘી વસ્તુઓ છે. તાજેતરમાં તેમણે એક દુર્લભ બ્રાઝિલિયન પેરાઈબા ટૂરમાલાઈન ગળાનો હાર પહેર્યો હતો, જેની ચમકે ચકાચોંધ કરી દીધા હતા.

વેવાણના બર્થ-ડેમાં નીતા અંબાણીનો મહારાણી લુક નીતા અંબાણી તેની મોટી પૂત્રવધુ શ્લોકા મહેતા અંબાણીની માતા મોના મહેતાના 60મા બર્થ-ડેની પાર્ટીમાં પહોંચ્યાં હતાં. નીતા અંબાણી તેમના શાહી ઠાઠમાઠ સાથે દર વખતની જેમ લાઈમલાઈટમાં રહ્યાં. તેમણે ફ્લોરલ અને લીફ પ્રિન્ટ સોફ્ટ સાડી પહેરી હતી, જેના પર ગોલ્ડથી હેન્ડ પેન્ટ કરવામાં આવ્યું હતું. તેમનાં ઘરેણાંએ તેમની સાડીને વધુ શાહી લુક આપ્યો. મુકેશ અંબાણીની પત્નીએ બ્રાઝિલિયન પેરાઈબા ટૂરમાલાઈન પેન્ડન્ટ સાથે લાંબો હીરા જડિત નેકલેસ પહેર્યો હતો. જ્વેલરી નિષ્ણાતોના મતે કીમતી પથ્થરનું વજન 20 કેરેટથી વધુ છે, જ્યારે હાઈ જ્વેલરી બ્લોગર બેબે બક્ષી કહે છે કે આ પેરાઈબા ટૂરમાલાઈન 60 કેરેટથી વધુ વજનનો હશે. એની કિંમત અંદાજિત 30 કરોડ રૂપિયા માનવામાં આવી રહી છે. આ અદભુત હાર સાથે નીતા અંબાણીએ મોટા ઓવલ અને કુશન-કટ હીરાના ઈયરિંગ અને પીઅર-કટ હીરાની વીંટી પહેરી હતી. આ શો-સ્ટોપર જ્વેલરીને ફ્લોરલ પ્રિન્ટવાળી સાડી અને પાછળના ભાગે બો-ડિટેલવાળા સુંદર બ્લાઉઝ સાથે સ્ટાઈલ કરવામાં આવી હતી, જેણે લુકને સોફ્ટ છતાં વૈભવી ફિનિશ આપ્યું હતું.



બ્રાઝિલિયન પારાઈબા ટૂરમાલાઈન દુર્લભ રત્ન પારાઈબા ટુમલીન એ વિશ્વના સૌથી દુર્લભ અને સૌથી વાઈબ્રન્ટ રત્નોમાંથી એક છે. તે તેના બ્રાઈટ, નિયોન જેવા વાદળી-લીલા રંગો માટે ખૂબ જ મૂલ્યવાન છે. આ રત્નની શોધ 1989માં બ્રાઝિલના ખાણકામ કરનાર હેઈટોર ડિમસ બાર્બોસા દ્વારા પારાઈબા રાજ્યમાં કરવામાં આવી હતી, તેથી તેનું નામ 'પારાઈબા ટૂરમાલાઈન' પડ્યું. પારાઈબા ટૂરમાલાઈન મોઝામ્બિક અને નાઈજીરિયામાં પણ મળી આવે છે, જોકે બ્રાઝિલમાં મળેલા મૂળ પથ્થરોને સર્વોચ્ચ ગુણવત્તા માટે સૌથી વધુ પ્રીમિયમ મળે છે.

બ્લાઉઝ પર હનુમાનજી-ગણેશજીની છબિ, પાલવમાં શ્લોક તાજેતરમાં રિલાયન્સના સ્વદેશી બ્રાન્ડના ફ્લેગશિપ સ્ટોર માટે યોજાયેલા ક્રિસમસ સેલિબ્રેશનમાં પણ તેમનો શાહી ઠાઠ જોવા મળ્યો હતો.

તેમણે શ્રદ્ધા, વારસો અને સ્વદેશીના ત્રિવેણી સંગમ સમાન ભારતીય પોશાક પહેર્યો હતો. નીતા અંબાણીએ આ ખાસ પ્રસંગે બનારસી સાડી પહેરી હતી. બનારસના કઢુઆ વણાટવાળી આ ઘેરા બ્લૂ રંગવાળી આ સાડીમાં મિણાકારી, ઝીણવટપૂર્વકની એમ્બ્રોઈડરીથી મોર બનાવેલા હતા.

### 100 વર્ષ જૂનાં ઘરેણાંએ સાડીની શોભા વધારી

નીતા અંબાણીએ આ સુંદર સાડી સાથે 100 વર્ષ જૂનાં ઘરેણાં પહેર્યાં હતાં. તેમણે એન્ટિક કુંદન પોલકી ઈયરરિંગ્સ પહેરી હતી, જે 100 વર્ષ જૂની છે, સાથે જ તેમણે હાથેથી બનેલી સ્વદેશ જડાઉ બર્ડ (પક્ષી) રિંગ પહેરી હતી. એમાં પણ તેમના માતાના જ્વેલરી કલેક્શનમાંથી પહેરેલા 'હાથ ફુલે' સૌનું ધ્યાન ખેંચ્યું હતું. તેમણે લાલ ચાલ્લો અને સફેદ ફૂલો સાથે શૃંગાર પૂરો કર્યો હતો.

# બર્થ-ડે પહેલા સલમાને ફ્લોન્ટ કરી બોડી!

## ફોટો શેર કરીને લખ્યું- કાશ! હું 60 વર્ષનો થાઉં ત્યારે આવો જ દેખાઉં; ફેન્સે કહ્યું- તમે જૂનો દારૂ જેવા છો

બોલિવૂનો દબંગ ખાન 27 ડિસેમ્બરે 60 વર્ષનો થવા જઈ રહ્યો છે. આ ઉંમરે પણ સલમાન પોતાની ફિટનેસને લઈને ચર્ચામાં રહે છે. 60મા જન્મદિવસ પહેલા સલમાને ચાહકો માટે ફિટનેસ સંબંધિત કેટલીક તસવીરો શેર કરી છે. તસવીરો જોઈને કોઈ અનુમાન લગાવી શકતું નથી કે 6 દિવસ પછી તે 60 વર્ષના થઈ જશે.


એક્ટરે પોતાના સોશિયલ મીડિયા પર ફોટો સાથે મજેદાર કેપ્શન પણ લખ્યું છે. તે લખે છે- 'કાશ હું 60 વર્ષની ઉંમરે પણ આવો જ દેખાઉં! બસ 6 દિવસ બાકી છે.'

આ તસવીરોમાં સલમાન બ્લેક ઓફ શોલ્ડર ટી-શર્ટ અને બ્લુ શોર્ટ્સ પહેરીને જીમમાં જોવા મળી રહ્યા છે. ક્લીન શેવ લુકમાં તેમણે પોતાની જબરદસ્ત ટોન્ડ બોડી બતાવી છે. સલમાનનો આ લુક ફેન્સને ખૂબ પસંદ આવી રહ્યો છે.

ફેન્સ તેમની પોસ્ટ પર ખૂબ પ્રેમ વરસાવી રહ્યા છે. તેમના એક ફેને લખ્યું - 'તમે હજી ફક્ત 30 વર્ષના થયા છો, તમારા જેવું બીજું કોઈ નથી.' અન્ય એક ફેને કોમેન્ટ કરી- 'ફિટનેસ આઈકોન.' એક ફેને લખ્યું- 'જાણે જૂની દારૂની જેમ વધુ સારા થતા જાય છે અને બાઈસેપ્સ એવા કે સમયને જ બેન્ચ-પ્રેસ કરી દે'



# અહાન માટે અનીતની ઈમોશનલ પોસ્ટ...



'સૈયારા' ફેમ એક્ટર અહાન પાંડે આજે 28 વર્ષના થયા છે. આ ખાસ અવસરે તેમની રૂમર્ડ ગર્લફ્રેન્ડ અને 'સૈયારા' કો-સ્ટાર અનીત પડ્ડાએ ભાવુક અંદાજમાં તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. અનીત પડ્ડાએ ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી અહાન પાંડેના બાળપણથી લઈને 'સૈયારા'ના સેટની ઘણી તસવીરો શેર કરી છે. આ સાથે તેણે લખ્યું,

*મેં ભવિષ્ય જોઈ લીધું છે. મેં જોયું છે કે જ્યારે તમે જોરથી હસો છો, ત્યારે રસ્તા પરથી પસાર થતા લોકો પણ સ્મિત કરવા લાગે છે, ઈચ્છા હોવા છતાં પોતાને રોકી શકતા નથી. મેં જોયું છે કે દુનિયાના રંગ બદલાઈ જાય છે, જ્યારે તમે ખોવાયેલા મનથી કોઈ વૃદ્ધ મહિલાને છોડને પાણી આપતા નિહાળો છો, તે બેખબર રહે છે. આગળ અનીત લખે છે, 'મેં તારી નોટબુકના તે અવ્યવસ્થિત સ્કેચ જોયા છે, જેમાં એક અનોખા, દુર્લભ અને જાદુઈ મગજની વિચારસરણી કેદ છે. મેં તારા કેમેરાનો લેન્સ બદલતા જોયો છે, જે સામાન્ય વસ્તુઓમાં પણ સુંદરતા શોધવા પર અડગ રહે છે. મેં તને અત્યંત નિસ્વાર્થ જોયો છે.'*

# હૈદરાબાદમાં થયેલી ધક્કામુક્કી બાદ સામંથા હેમખેમ મુંબઈ પહોંચી

સામંથા રૂથપ્રભુ કૂલ અને કમ્ફી લુકમાં એરપોર્ટ પરથી બહાર નીકળતી જોવા મળી હતી. તેણે વ્હાઈટ ટી-શર્ટ અને ગ્રીન સ્વેટર સાથે ડેનિમ પહેર્યું હતું. એક્ટ્રેસે તેને બ્લેક ફૂટવેર, બ્લેક બેગ અને ડાર્ક સનગ્લાસિસ સાથે પેર કર્યું હતું. સામંથાને લેવા માટે તેનો પતિ રાજ નિદિમોરુ જાતે ડ્રાઈવ કરીને આવ્યો હતો. એરપોર્ટ પરથી બહાર નીકળ્યા બાદ સામંથા કારમાં બેઠી. આ દરમિયાન સામંથા શરમાઈ ગઈ હતી.

નોંધનીય છે કે, સામંથા રૂથપ્રભુ રવિવારે એક સાડીના શોરૂમના ઉદ્ઘાટન માટે હૈદરાબાદ ગઈ હતી. અહીં તેને જોવા માટે ભારે ભીડ એકઠી થઈ ગઈ.

જોતજોતામાં ભીડ એટલી વધી ગઈ કે એક્ટ્રેસ ભીડમાં ફસાઈ ગઈ. ધક્કા-મુક્કી અને ખેંચતાણ વચ્ચે સામંથા માંડ-માંડ સ્ટેજ સુધી પહોંચી. સ્ટેજ પરથી ઉતર્યાં બાદ પણ પોતાની કાર સુધી જવામાં તેને ભારે હાલાકી વેઠવી પડી હતી.

સામંથા રુથપ્રભુએ 1 ડિસેમ્બરે રાજ નિદિમોરુ સાથે કોયમ્બટૂરના મંદિરમાં પ્રાચીન રીતિ-રિવાજથી લગ્ન કર્યાં. તેમણે પરિવાર અને અંગત મિત્રોની હાજરીમાં લગ્ન કર્યાં હતાં, જેમાં 30 લોકો જ સામેલ હતા.

50 વર્ષના રાજ નિદિમોરુ ફિલ્મમેકર છે. તેની અને ડીકે (કૃષ્ણા દસરાકોઠાપલ્લી)ની ફિલ્મમેકર જોડી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણી લોકપ્રિય છે. બંનેએ યુકેમાંથી સોફ્ટવેર એન્જિનિયરિંગ કર્યા પછી 2002ની ફિલ્મ શાદી ડોટ કોમથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કરિયરની શરૂઆત કરી હતી. ત્યારબાદ બંનેએ વર્ષ 2003થી સ્વતંત્ર ફિલ્મમેકર તરીકે ફિલ્મ 99 લખી, પ્રોડ્યુસ કરી અને ડિરેક્ટ કરી.

ત્યારબાદ બંનેએ 'શોર ઈન ધ સિટી', 'ગો ગોવા ગોન', 'હેપ્પી એન્ડિંગ', 'અ જેન્ટલમેન' જેવી ફિલ્મો લખવાની સાથે-સાથે તેનું ડિરેક્શન પણ કર્યું. વર્ષ 2019થી રાજ અને ડીકેએ OTTમાં પ્રવેશ કર્યો અને મનોજ બાજપેયી અભિનીત સિરીઝ 'ધ ફેમિલી મેન'નું ડિરેક્શન-પ્રોડક્શન કર્યું. આગળ તેમણે 'ફરઝી', 'સિટાડેલ' અને 'ગન્સ એન્ડ ગુલાબ' જેવી સિરીઝ બનાવી.

રાજ અને ડીકેની જોડીએ જ શ્રદ્ધા કપૂર અને રાજકુમાર રાવ અભિનીત ફિલ્મ 'સ્ત્રી' લખી અને નિર્માણ કરી છે. રાજ નિદિમોરુએ વર્ષ 2015માં શ્યામાલી ડે સાથે લગ્ન કર્યાં હતાં.

2022માં તેમના છૂટાછેડા થઈ ચૂક્યા છે. સામંથા રૂથપ્રભુ અને નાગા ચૈતન્ય ફિલ્મ 'યે માયા ચેસાવે'માં સાથે જોવા મળ્યાં હતાં. આ ફિલ્મના સેટ પર બંને એકબીજાને પસંદ કરવા લાગ્યા અને રિલેશનશિપમાં આવ્યા. 7 વર્ષ સુધી રિલેશનશિપમાં રહ્યા પછી સામંથાએ સાઉથ સ્ટાર નાગા ચૈતન્ય સાથે વર્ષ 2017માં લગ્ન કર્યાં હતાં.

**પતિ રાજ નિદિમોરુ જાતે ડ્રાઈવ કરી પત્નીને લેવા આવ્યો, કેમેરા જોઈને એક્ટ્રેસ શરમાઈ ગઈ**



# 'ધુરંધર'ના ગીતમાંથી તમન્ના ભાટિયા રિજેક્ટ થઈ હતી?

તાજેતરમાં એવા અહેવાલો આવ્યા હતા કે 'ધુરંધર' ફિલ્મના ગીત 'શરારત' માટે કોરિયોગ્રાફરની પહેલી પસંદ તમન્ના ભાટિયા હતી. પરંતુ ફિલ્મના ડિરેક્ટર આદિત્ય ધરે તમન્નાને રિજેક્ટ કરી દીધી હતી.

હવે ગીતના કોરિયોગ્રાફર વિજય ગાંગુલીએ આ અહેવાલોને ખોટા ગણાવ્યા છે. તેણે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર લખ્યું કે- તમન્નાને આ ભૂમિકા માટે ક્યારેય પસંદ કરવામાં આવી ન હતી.

તેના મતે, તમન્નાની જબરદસ્ત લોકપ્રિયતા અને સ્ટારડમ તે દ્રશ્યની માંગ કરતાં વધુ પ્રભાવશાળી બની શક્યું હોત. તેથી મેકર્સે બે પર્ફોર્મર્સને પસંદ કરવાનો નિર્ણય કર્યો, જેથી સીનમાં વાર્તાને જ કેન્દ્રમાં રાખી શકાય.

તેણે એ પણ જણાવ્યું કે કેવી રીતે શબ્દોને સનસનાટીભર્યા બનાવવા માટે રજૂ કરવામાં આવે છે અને રિજેક્શન જેવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે.

તેણે લખ્યું- 'મને સિનેમા અને તેને બનાવવાની પ્રક્રિયા સાથે જોડાયેલી વાતચીત ખૂબ જ ગમે છે. પરંતુ ઘણી વાર મેં પોતાને તેનાથી દૂર રાખ્યા છે, કારણ કે ઘણીવાર શબ્દોને પસંદગીપૂર્વક ઉઠાવીને ખોટા સંદર્ભમાં રજૂ કરવામાં આવે છે અથવા કલાને બદલે હેડલાઈન્સ માટે સનસનાટીભર્યા બનાવી દેવામાં આવે છે. તે દુર્ભાગ્યપૂર્ણ છે કે 'શરારત' ગીત અને તેના રચનાત્મક ઈરાદા પર વાત કરવાને બદલે, બે શ્રેષ્ઠ કલાકારોની સરખામણી થવા લાગી અને 'રિજેક્શન' જેવા મજબૂત પરંતુ ભ્રામક શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો, જ્યારે આવું ક્યારેય નહોતું.'

આગળ તેણે સ્પષ્ટ કર્યું કે- તમન્ના ભાટિયાને શરારત ગીત માટે કેમ વિચારવામાં ન આવ્યા. તેઓ લખે છે- 'સિનેમા એક સહયોગી કલા છે. તે સન્માન, સૂક્ષ્મતા અને સંદર્ભ પર આધારિત હોય છે. હું આશા રાખું છું કે આપણે ધ્યાન ત્યાં જ રાખીએ જ્યાં તે હોવું જોઈએ - કામ પર અને તે બધા લોકો પર જેઓ તેમાં દિલથી મહેનત કરે છે. સ્પષ્ટપણે કહેવા માંગુ છું કે તમન્ના ભાટિયાને ક્યારેય ધ્યાનમાં લેવામાં આવ્યા ન હતા, કારણ કે તેની સ્ટાર પાવર એટલી વધારે છે કે તે આ દ્રશ્યની ખાસ જરૂરિયાતો પર ભારે પડી શકતી હતી. 'ધુરંધર'માં સંગીત એક હાઈ-સ્ટેક્સ ક્ષણનો ભાગ છે.



# અજયની દ્રશ્યમ થ્રીની રીલિઝ ડેટ નક્કી, મોહનલાલની ઘોષણા બાકી

## મલયાલમનું શૂટિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે : હિંદી પહેલાં મલયાલમ વર્ઝન રીલિઝ કરાશે તેવી જાહેરાત અગાઉ થઈ ચૂકી છે

મુંબઈ : અજય દેવગણની હિંદી 'દ્રશ્યમ થ્રી'ની રીલિઝ ડેટ જાહેર કરી દેવાઈ છે. જોકે, મોહનલાલની મલયાલમ 'દ્રશ્યમ થ્રી'ની રીલિઝ ડેટની સત્તાવાર જાહેરાત હજુ બાકી છે.

અજય દેવગણની હિંદી ફિલ્મ આગામી બીજી ઓક્ટોબરે રીલિઝ કરાશે તેવી જાહેરાત કરાઈ છે. મોહનલાલના ચાહકોને આશા છે કે તેની મલયાલમ ફિલ્મની રીલિઝ ડેટ હવે વહેલી તકે જાહેર કરાશે.

અગાઉ એવી ચર્ચા હતી કે આ વખતે હિંદી અને મલયાલમ વર્ઝન એક જ દિવસે રીલિઝ કરવાનું પ્લાનિંગ થઈ રહ્યું છે. જોકે, મલયાલમ વર્ઝનના ડિરેક્ટર જીતુ જોસેફે આ ચર્ચા ફગાવી હતી. તેમણે કહ્યું હતું કે કરાર મુજબ મલયાલમ ફિલ્મ જ પહેલાં રીલિઝ થશે. તેના બે મહિના પછી જ હિંદી કે અન્ય ભાષાનાં વર્ઝન રીલિઝ થઈ શકશે.



# સની દેઓલ, અક્ષય ખન્નાની ઓટીટી ફિલ્મ ઈક્કાનું શૂટિંગ પૂર્ણ



મુંબઈ : સની દેઓલ અને અક્ષય ખન્નાની 'ઈક્કા'નું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે. આ એક્શન થ્રીલર ફિલ્મ આવતાં વર્ષે સીધી ઓટીટી પર રીલિઝ થવાની છે.

સની દેઓલ અને અક્ષય ખન્ના ૨૯ વરસ પછી એક ફિલ્મમા સાથે કામ કરશે. છેલ્લે તેઓ ૧૯૯૭માં જે પી દત્તાની 'બોર્ડર'માં સાથે જોવા મળ્યા હતા. આ ફિલ્મમાં સની દેઓલ, અક્ષય ખન્ના ઉપરાંત દિયા મિર્ઝા અને સંજીદા શેખ મુખ્ય ભૂમિકામાં હોવાનો દાવો પણ રિપોર્ટમાં કરવામાં આવ્યો છે. 'ગદર ટુ' પછી સની દેઓલ અને 'છાવા' તથા 'ધુરંધર' પછી અક્ષય ખન્નાની કેરિયરને નવો બૂસ્ટ મળ્યો છે. જોકે, તેમ છતાં આ નવી ફિલ્મ શરુઆતથી જ એક ઓટીટી પ્રોડક્શન હોવાથી તેને થિયેટરમાં રીલિઝ કરવામાં નહિ આવે તેમ કહેવાય છે.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## સૂરમા હોકી ક્લબ નેતૃત્વ હરમનપ્રીત સિંહ ફરી સંભાળશે પુરુષ ટીમની કમાન



નવી દિલ્હી | હોકી ઈન્ડિયા લીગ (HIL) ની આગામી રોમાંચક સીઝન માટે સૂરમા હોકી ક્લબ (SHC) એ પોતાની રણનીતિ સ્પષ્ટ કરી દીધી છે. ક્લબે જાહેરાત કરી છે કે તેઓ તેમની પુરુષ અને મહિલા ટીમો માટે અનુભવી નેતૃત્વને જ યથાવત રાખશે. ભારતીય નેશનલ ટીમના દિગ્ગજ ખેલાડી હરમનપ્રીત સિંહ કેપ્ટન તરીકે પુરુષ ટીમનું નેતૃત્વ કરવાનું ચાલુ રાખશે, જ્યારે મહિલા ટીમની જવાબદારી સ્ટાર ગોલકીપર સવિતા પુનિયા અને આક્રમક મિડફિલ્ડર સલીમા ટેટેને સહ-કેપ્ટન તરીકે સોંપવામાં આવી છે. સૂરમા હોકી ક્લબ નેતૃત્વનો આ નિર્ણય ટીમમાં સ્થિરતા અને આત્મવિશ્વાસ લાવશે તેમ મનાય છે. હરમનપ્રીત સિંહ: ડિફેન્સનો અભેદ કિલ્લો વિશ્વના શ્રેષ્ઠ ડ્રેગ-ફ્લિકર્સમાંના એક હરમનપ્રીત સિંહે ગયા વર્ષે સૂરમા ક્લબને ત્રીજા સ્થાને પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમની કેપ્ટન્સીમાં ભારતે ઓલિમ્પિક અને એશિયન ગેમ્સમાં મેડલ જીત્યા છે. હરમનપ્રીતે ફરીથી કેપ્ટન બનવા પર ખુશી વ્યક્ત કરતા કહ્યું કે, "ગયા વર્ષના પ્રદર્શનથી અમારો આત્મવિશ્વાસ વધ્યો છે અને અમે આ સીઝનમાં ટ્રોફી જીતવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છીએ." તેમની હાજરીથી ટીમના યુવા ખેલાડીઓને ઘણું શીખવા મળશે.

## નીરજ ગોયત પર હુમલો જીત બાદ મેડિકલ રૂમમાં અમેરિકન બોક્સરે હંગામો કર્યો



દુબઈ | સંયુક્ત આરબ અમીરાતના દુબઈમાં આયોજિત 'મિસફિટ્સ બોક્સિંગ ૨૩' માં ભારતીય સ્ટાર બોક્સર નીરજ ગોયતે અમેરિકાના એન્થોની ટેલરને ધૂળ ચટાડીને ઐતિહાસિક જીત મેળવી હતી. પરંતુ આ જીત બાદ રિંગની પાછળ જે ઘટના બની તેણે રમતગમત જગતને આંચકો આપ્યો છે. મેડિકલ રૂમમાં નીરજ ગોયત જ્યારે રિકવરી કરી રહ્યા હતા, ત્યારે હારથી બોખલાયેલા ટેલરે તેમના પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. આ સમયે નીરજ ગોયત પર હુમલો થતો રોકવા માટે તેમના મેનેજર વિપિન ગુલિયા ઢાલ બનીને વચ્ચે આવી ગયા હતા અને મોટી હોનારત ટાળી હતી. મેડિકલ રૂમમાં સર્જાયો હાઈ-વોલ્ટેજ ડ્રામા ૬ રાઉન્ડની મેચમાં નીરજ ગોયતે શાનદાર ફૂટવર્ક અને પંચિંગ કોમ્બિનેશનથી જજોના ૫૯-૫૫, ૫૮-૫૬ અને ૬૦-૫૪ ના સ્કોર સાથે સર્વાનુમતે જીત મેળવી હતી. મેચ પૂરી થયાની ગણતરીની મિનિટો બાદ જ્યારે નીરજ મેડિકલ રૂમમાં હતા, ત્યારે એન્થોની ટેલર ત્યાં ઘૂસી આવ્યો હતો.

## શ્રેયસ અય્યર નવો વનડે કેપ્ટન શુભમન ગિલની કેપ્ટનશીપ છીનવાશે?

નવી દિલ્હી | ભારતીય ક્રિકેટમાં અત્યારે કેપ્ટનશીપને લઈને મોટો ગણગણાટ શરૂ થયો છે. ખાસ કરીને ટી-20 વર્લ્ડ કપ 2026 માટે જાહેર થયેલી ટીમમાં શુભમન ગિલનું નામ ન હોવાથી ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો છે. હવે અહેવાલો એવા મળી રહ્યા છે કે ગિલ પાસેથી વન-ડે ટીમની કેપ્ટનશીપ પણ પાછી ખેંચવામાં આવી શકે છે. સૂત્રોના જણાવ્યા મુજબ, શ્રેયસ અય્યર નવો વનડે કેપ્ટન બની શકે છે. શ્રેયસ હાલમાં વન-ડે ટીમનો વાઈસ-કેપ્ટન છે અને તેનું તાજેતરનું ફોર્મ તેમજ કેપ્ટનશીપનો અનુભવ તેને આ રેસમાં સૌથી આગળ રાખે છે. ગિલનું નબળું ફોર્મ અને કેપ્ટનશીપનો ફ્લોપ શો શુભમન ગિલને આ વર્ષે જ ટેસ્ટ અને વન-ડે ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો, પરંતુ તેની આગેવાનીમાં ટીમ ઈન્ડિયાનો દેખાવ ખાસ રહ્યો નથી.



# રોહિત શર્મા વિશ્વકપ યાદો 2007ની જીતે અમને જીતવાની નવી રાહ બતાવી

### ૨૦૦૭ વિશ્વવિજેતા ભારતનો જોશ, ધોનીની શ્રેષ્ઠ કેપ્ટન્સી અને રોહિતનું યોગદાન

(એજન્સી) નવી દિલ્હી | તા. 23



ભારતીય ક્રિકેટ ટીમના વર્તમાન દિગ્ગજ અને ૨૦૨૪ ટી-૨૦ વિશ્વકપ વિજેતા કેપ્ટન રોહિત શર્માએ ભૂતકાળની યાદો તાજી કરી છે. રોહિતે ૨૦૦૭માં રમાયેલા પ્રથમ ટી-૨૦ વિશ્વકપની જીતને યાદ કરતા જણાવ્યું કે તે સમયે તેઓ માત્ર ૨૦ વર્ષના હતા અને ટીમમાં તેમનું પ્રથમ વર્ષ હતું. રોહિત શર્મા વિશ્વકપ યાદો વાગોળતા કહે છે કે એ ઐતિહાસિક જીત બાદ સમગ્ર ટીમને એવો આત્મવિશ્વાસ મળ્યો હતો કે અમે અમારી જીતની આ પરંપરાને સતત આગળ વધારી શકીશું. રોહિતના મતે એ જીતે જ ભારતીય ક્રિકેટમાં એક નવા યુગનો પાયો નાખ્યો હતો.

રોહિતનું એ મહત્વનું યોગદાન વર્ષ ૨૦૦૭ના એ વિશ્વકપમાં રોહિત શર્મા ભલે યુવા હતા, પણ તેમનું પ્રદર્શન અત્યંત પ્રભાવશાળી રહ્યું હતું. તેમણે માત્ર ત્રણ મેચમાં ૮૮ રન ફટકાર્યા હતા, જેમાં દક્ષિણ આફ્રિકા સામેની નિર્ણાયક ૫૦ રનની અણનમ ઈનિંગ અને પાકિસ્તાન સામેની ફાઈનલમાં અંતિમ ઓવરોમાં માત્ર ૧૬ બોલમાં ૩૦ રનનો ઝંઝાવત સામેલ હતો. સૂત્રો દ્વારા મળતા સમાચાર મુજબ, રોહિતની આ ઝડપી ઈનિંગને કારણે જ ભારત પાકિસ્તાન સામે પડકારજનક સ્કોર ઉભો કરી શક્યું હતું. ૨૦૦૭ વિશ્વવિજેતા ભારત માટે રોહિત એક ઉભરતો સિતારો સાબિત થયો હતો.

ધોનીની શ્રેષ્ઠ કેપ્ટન્સી અને શાંત નેતૃત્વ પૂર્વ ભારતીય ખેલાડી સંજય માંજરેકરે પણ એ સમયના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીના ભરપૂર વખાણ કર્યા છે. માંજરેકરે જણાવ્યું કે ધોનીની સફળતાનું સૌથી મોટું રહસ્ય તેમની 'શાંતિ' અને ધૈર્ય હતું. મોટા મંચ પર ધોની સામેના કેપ્ટન કરતા પોતાની નસો પર વધુ કાબૂ રાખતા હતા. મીડિયા અહેવાલ મુજબ, ધોની વિશ્વના એકમાત્ર એવા કેપ્ટન છે જેમણે આઈસીસીની ત્રણેય મોટી સફેદ બોલની ટ્રોફી (૨૦૦૭ ટી-૨૦ વિશ્વકપ, ૨૦૧૧ વન-ડે વિશ્વકપ અને ૨૦૧૩ ચેમ્પિયન્સ ટ્રોફી) જીતી છે. ધોનીના રમત બદલી નાખનારા નિર્ણયોએ તેમને 'કેપ્ટન કૂલ' બનાવ્યા.

જોહાનિસબર્ગની એ રોમાંચક ફાઈનલ જોહાનિસબર્ગના મેદાન પર રમાયેલી એ ફાઈનલ આજે પણ દરેક ભારતીયના હૃદયમાં જીવંત છે. ભારતે પાકિસ્તાનને માત્ર ૫ રનથી હરાવીને પ્રથમ ટી-૨૦ વિશ્વકપ કબજે કર્યો હતો. ભારત ઓસ્ટ્રેલિયા જેવી મજબૂત ટીમને સેમીફાઈનલમાં ૧૫ રનથી હરાવીને ફાઈનલમાં પહોંચ્યું હતું. રોહિતે આ જીતને યાદ કરતા કહ્યું કે ટીમના દરેક સભ્યમાં જીતવાની તમન્ના હતી. રોહિત શર્મા વિશ્વકપ યાદો શેર કરતા ભાવુક થયા હતા કારણ કે ૨૦૦૭માં તેઓ એક યુવા ખેલાડી તરીકે વિજેતા બન્યા હતા અને ૨૦૨૪માં એક કેપ્ટન તરીકે તેમણે દેશને ફરી વિશ્વવિજેતા બનાવ્યો.

ક્રિકેટ પ્રેમીઓ માટે પ્રેરણા ધોની ૨૦૦૭ના વિશ્વકપમાં ભારતના બીજા ક્રમના સૌથી વધુ રન બનાવનાર ખેલાડી પણ હતા. માંજરેકરના મતે ધોનીની મહાનતા એ હતી કે તેઓ દબાણની ક્ષણોમાં વિચલિત થયા વગર સચોટ નિર્ણયો લેતા હતા. રોહિત શર્મા પણ ધોનીના નેતૃત્વમાં જ તૈયાર થયા છે, જેની ઝલક ૨૦૨૪ના વિશ્વકપમાં જોવા મળી હતી. આજે પણ ૨૦૦૭ની એ જીત ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં એક સીમાચિહ્ન રૂપ ગણાય છે, જેણે આઈપીએલ જેવી મોટી લીગ અને આધુનિક ટી-૨૦ ક્રિકેટ માટે માર્ગ મોકળો કર્યો હતો.

નિષ્કર્ષ અને આભાર ભારતીય ક્રિકેટના આ બે યુગ - ૨૦૦૭ અને ૨૦૨૪ - વચ્ચે રોહિત શર્મા એક કડી સમાન છે. ધોનીના વારસાને રોહિતે જે રીતે આગળ વધાર્યો છે તે કાબિલે તારીફ છે. ૨૦૦૭ વિશ્વવિજેતા ભારત ની એ સફર આજે પણ કરોડો યુવાનોને ક્રિકેટર બનવા માટે પ્રેરણા આપે છે. રોહિતના શબ્દોમાં કહીએ તો, એ ટ્રોફીએ જ તેમને શીખવ્યું કે ભારત હંમેશા શ્રેષ્ઠ છે અને શ્રેષ્ઠ રહેશે.

**ટ્રોલિંગથી ટોચ સુધીની સફર: આંકડા જુઓ**

## હર્ષિત રાણા સૌથી સફળ બોલર આખું વર્ષ ટ્રોલ થયા બાદ 2025માં ભારતનો નંબર 1 બોલર બન્યો

### ભારત વનડે વિકેટ આંકડા 2025: કુલદીપ અને જાડેજાને પણ પછાડ્યા



નવી દિલ્હી | ભારતીય ક્રિકેટમાં વર્ષ 2025 અનેક ઉતાર-ચઢાવ વાળું રહ્યું છે. ટીમની પસંદગીને લઈને સોશિયલ મીડિયા પર સતત ચર્ચાઓ થતી રહી, પરંતુ આ બધાની વચ્ચે એક એવો ખેલાડી ઉભરીને આવ્યો જેણે નકારાત્મકતાને સફળતામાં ફેરવી દીધી. તે નામ છે હર્ષિત રાણા. વર્ષના શરૂઆતમાં જ્યારે હર્ષિતને ટીમમાં સામેલ કરવામાં આવ્યો ત્યારે તેને સોશિયલ મીડિયા પર ભારે ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો. જોકે, વર્ષ પૂરું થતા સુધીમાં હર્ષિત રાણા સૌથી સફળ બોલર બનીને ઉભર્યો છે, જેણે વનડે ફોર્મેટમાં ભારતના તમામ દિગ્ગજ બોલરોને પાછળ છોડી દીધા છે.

ડેબ્યૂથી લઈને શિખર સુધીની સફર હર્ષિત રાણાએ ફેબ્રુઆરી 2025માં ઈંગ્લેન્ડ સામે ભારત માટે વનડે ડેબ્યૂ કર્યું હતું. પોતાના પ્રથમ મુકાબલામાં જ તેણે 3 મહત્વની વિકેટો ઝડપીને શાનદાર શરૂઆત કરી હતી. આખું વર્ષ જાળવી રાખેલા સાતત્યના પરિણામે, તેણે 11 ઈનિંગ્સમાં કુલ 20 વિકેટ ઝડપી છે. તેની 25.55 ની સરેરાશ અને 6.01 ની ઈકોનોમી દર્શાવે છે કે તે મધ્યમ ઓવરોમાં વિકેટ લેવાની અદભૂત ક્ષમતા ધરાવે છે. ટ્રોલિંગથી ટોચ સુધીની સફર કરનાર હર્ષિતે સાબિત કર્યું કે મેદાન પરનું પ્રદર્શન જ શ્રેષ્ઠ જવાબ છે. દિગ્ગજ બોલરોને પણ આપી મ્હાત ભારતના સૌથી સફળ બોલરોની યાદીમાં હર્ષિત રાણા પછી ચાઈનામેન બોલર કુલદીપ યાદવનું નામ આવે છે, જેણે 11 ઈનિંગ્સમાં 19 વિકેટ ઝડપી છે. રવિન્દ્ર જાડેજા 12 વિકેટ સાથે ત્રીજા સ્થાને છે. આ યાદી જોતા સ્પષ્ટ થાય છે કે હર્ષિતે સ્થાપિત સ્પિનરો અને અનુભવી ફાસ્ટ બોલરો કરતા પણ વધુ પ્રભાવ પાડ્યો છે. ભારત વનડે વિકેટ આંકડા 2025 મુજબ, હર્ષિત રાણા અત્યારે વનડે ફોર્મેટમાં ટીમ ઈન્ડિયાનો 'ગો-ટુ' બોલર બની ગયો છે.

## BCCI મહિલા ક્રિકેટર ફી વધારો ઘરેલું ખેલાડીઓની મેચ ફીમાં અઢી ગણો બમ્પર વધારો

### મહિલા ક્રિકેટ માટે ક્રિસમસ ગિફ્ટ 20,000 થી વધીને 50,000 થઈ ફી

(એજન્સી) નવી દિલ્હી | તા. 23

ભારતીય મહિલા ક્રિકેટ ટીમે તાજેતરમાં વન-ડે વર્લ્ડકપ 2025નો ખિતાબ જીતીને સમગ્ર વિશ્વમાં ભારતનું નામ રોશન કર્યું છે. આ ઐતિહાસિક જીત બાદ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ એ દેશની સેંકડો મહિલા ક્રિકેટરોને ક્રિસમસ પહેલા એક શાનદાર ભેટ આપી છે. સોમવાર, 22 ડિસેમ્બરના રોજ મળેલી એપેક્સ કાઉન્સિલની બેઠકમાં BCCI મહિલા ક્રિકેટર ફી વધારો કરવાનો મહત્વનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. હવે ઘરેલું મહિલા ક્રિકેટરો પહેલા કરતા 2.5 ગણી વધુ કમાણી કરશે, જે તેને એક વ્યાવસાયિક કારકિર્દી તરીકે અપનાવવા માટે પ્રેરણારૂપ બનશે. સીનિયર ખેલાડીઓના પગારમાં મોટો ઉછાળો નવા નિર્ણય મુજબ, સીનિયર મહિલા ખેલાડીઓને અત્યાર સુધી પ્લેઈંગ ઈલેવનમાં સામેલ થવા બદલ પ્રતિ દિવસ 20,000 રૂપિયા મળતા હતા, જે હવે વધારીને 50,000 રૂપિયા કરી દેવામાં આવ્યા છે. આ પગલું મહિલા ક્રિકેટર્સને આર્થિક રીતે સધ્ધર બનાવવા માટે લેવાયું છે. સૂત્રો દ્વારા મળતા સમાચાર મુજબ, મહિલા ક્રિકેટ માટે ક્રિસમસ ગિફ્ટ સમાન આ વધારો 2021 પછીનો સૌથી મોટો સુધારો છે. આનાથી મહિલા ક્રિકેટરોમાં પણ ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.



રિઝર્વ ખેલાડીઓ અને જુનિયર ક્રિકેટને પણ લાભ બોર્ડે માત્ર પ્લેઈંગ ઈલેવન જ નહીં પરંતુ રિઝર્વ ખેલાડીઓનું પણ ધ્યાન રાખ્યું છે. સીનિયર રિઝર્વ ખેલાડીઓની ફી 10,000 થી વધારીને 25,000 રૂપિયા પ્રતિ દિવસ કરવામાં આવી છે. આ ઉપરાંત જુનિયર મહિલા ટૂર્નામેન્ટમાં પણ મોટો ફેરફાર કરાયો છે. જુનિયર પ્લેઈંગ ઈલેવનના ખેલાડીઓને હવે 10,000 ને બદલે 25,000 રૂપિયા મળશે. આ રીતે સમગ્ર ઘરેલું ક્રિકેટમાં નવો યુગ શરૂ થયો છે, જ્યાં ખેલાડીઓને તેમની મહેનતનું યોગ્ય વળતર મળશે. ટી-20 ફોર્મેટમાં પણ ફી સુધારો મીડિયા અહેવાલ મુજબ, ટી-20 મેચો માટે પણ નવું પગાર માળખું જાહેર કરાયું છે. સીનિયર મહિલા પ્લેઈંગ ઈલેવનને ટી-20 મેચ માટે પ્રતિ દિવસ 25,000 રૂપિયા અને રિઝર્વ ખેલાડીને 12,500 રૂપિયા મળશે. જય શાહના કાર્યકાળ દરમિયાન શરૂ થયેલી આ સુધારાની પ્રક્રિયા હવે મિથુન મન્હાસના અધ્યક્ષ પદ હેઠળ પણ તેજ ગતિએ આગળ વધી રહી છે.

**વિશ્વની નંબર ૧ બોલર બની દીપ્તિ, આઈસીસી મહિલા ક્રિકેટ રેન્કિંગમાં ભારતનો દબદબો**

## દીપ્તિ શર્મા રેન્કિંગમાં પ્રથમ ભારતીય સિતારાએ વિશ્વ ક્રિકેટમાં ઈતિહાસ રચ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા. 23



ભારતીય મહિલા ક્રિકેટ માટે આ વર્ષના અંતે અત્યંત ઉત્સાહજનક સમાચાર આવ્યા છે. ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાની ધારદાર બોલિંગ અને સચોટ લાઈન-લેન્થ માટે જાણીતી ઓલરાઉન્ડર દીપ્તિ શર્માએ આઈસીસી (ICC) બોલિંગ રેન્કિંગમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. દીપ્તિ શર્મા રેન્કિંગમાં પ્રથમ સ્થાને પહોંચતા ભારતીય રમતપ્રેમીઓમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. શ્રીલંકા સામેની ઘરઆંગણે રમાઈ રહેલી ટી-૨૦ શ્રેણીના પ્રથમ મુકાબલામાં કરેલા શાનદાર પ્રદર્શનના જોરે ૨૮ વર્ષની આ ખેલાડીએ પોતાની કારકિર્દીમાં પ્રથમ વખત આ સિદ્ધિ મેળવી છે.

શ્રીલંકા સામેના પ્રદર્શનથી મળ્યું મોટું ફળ વિઝાગ (વિશાખાપટ્ટનમ) ખાતે રમાયેલી શ્રીલંકા સામેની પ્રથમ ટી-૨૦ મેચમાં દીપ્તિ શર્માએ ચાર ઓવરમાં માત્ર ૨૦ રન આપીને ૧ વિકેટ ઝડપી હતી. આ કરકસરયુક્ત બોલિંગને કારણે દીપ્તિને પાંચ રેટિંગ પોઈન્ટનો ફાયદો થયો હતો. સૂત્રો દ્વારા મળતા સમાચાર મુજબ, દીપ્તિ હવે ઓસ્ટ્રેલિયાની એનાબેલ સધરલેન્ડને પછાડીને વિશ્વની નંબર ૧ બોલર બની ગઈ છે. સધરલેન્ડ ઓગસ્ટ મહિનાથી આ સ્થાન પર બિરાજમાન હતી, પરંતુ હવે દીપ્તિએ એક પોઈન્ટની પાતળી સરસાઈ સાથે ટોચનું સ્થાન કબજે કર્યું છે.

સ્મૃતિ મંધાનાના રેન્કિંગમાં થયો ઘટાડો બીજી તરફ, બેટિંગ રેન્કિંગમાં ભારતીય સ્ટાર ઓપનર સ્મૃતિ મંધાનાને નુકસાન વેઠવું પડ્યું છે. દક્ષિણ આફ્રિકાની કેપ્ટન લૌરા વોલવાર્ડ દ્વારા આયર્લેન્ડ સામેની શ્રેણીમાં બે શાનદાર સદી ફટકારવામાં આવતા તેણે મંધાના પાસેથી વન-ડે રેન્કિંગનું પ્રથમ સ્થાન છીનવી લીધું છે. મીડિયા અહેવાલ મુજબ, આઈસીસી મહિલા ક્રિકેટ રેન્કિંગમાં વોલવાર્ડે પોતાની કારકિર્દીના સર્વોચ્ચ રેટિંગ પોઈન્ટ મેળવ્યા છે, જેના કારણે મંધાના હવે બીજા ક્રમે સરકી ગઈ છે. જોકે, ટી-૨૦ બેટિંગ રેન્કિંગમાં મંધાના હજુ પણ ત્રીજા સ્થાને જળવાયેલી છે.

જેમિમા રોડ્રિગ્સની ટોપ-૧૦માં ધમાકેદાર એન્ટ્રી ભારતીય મધ્યમ ક્રમની બેટર જેમિમા રોડ્રિગ્સ માટે પણ આ અઠવાડિયું ખુશીઓ લઈને આવ્યું છે.

**વિજય હઝારે ટ્રોફી ૨૦૨૫ સુરક્ષા કારણો, ચિન્નાસ્વામી સ્ટેડિયમ સુરક્ષા સરકારે પરવાનગી ન આપી**

## વિરાટ કોહલીની મેચ બેંગલુરુના ચાહકો માટે માઠા સમાચાર મેચ 'ક્લોઝ ડોર' રમાશે

(એજન્સી) બેંગલુરુ | તા. 23

બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં બુધવારે વિજય હઝારે ટ્રોફીમાં આંધ્રપ્રદેશ સામે રમાનારી દિલ્હીની મેચમાં વિરાટ કોહલી અને ઋષભ પંત જેવા દિગ્ગજો મેદાને ઉતરવાના છે. જોકે, બેંગલુરુના ક્રિકેટ પ્રેમીઓ માટે અત્યંત નિરાશાજનક સમાચાર આવ્યા છે. કર્ણાટક સરકારે સુરક્ષાના કારણોસર આ મેચ પ્રેક્ષકો વગર એટલે કે 'બંધ બારણે' યોજવાનો નિર્ણય લીધો છે. વિરાટ કોહલીની મેચ જોવા માટે આતુર ચાહકોને હવે ટીવી અથવા ડિજિટલ પ્લેટફોર્મ પર જ સંતોષ માનવો પડશે. સુરક્ષા સમિતિનો તપાસ અહેવાલ જસ્ટિસ જોન માઈકલ ડી'કુન્હા કમિશનના અહેવાલ બાદ સ્ટેડિયમને મોટા પાયે કાર્યક્રમો માટે 'અયોગ્ય' જાહેર કરવામાં આવ્યું હતું. સોમવારે પોલીસ, જાહેર બાંધકામ અને અગ્નિશમન વિભાગના અધિકારીઓની સમિતિએ સ્ટેડિયમનું નિરીક્ષણ કર્યું હતું. આ સમિતિ મંગળવારે સત્તાવાર અહેવાલ સુપરત કરશે, પરંતુ પ્રાથમિક અહેવાલ મુજબ ચિન્નાસ્વામી સ્ટેડિયમ સુરક્ષા જોખમમાં મૂકાય તેમ હોવાથી પ્રેક્ષકોને મંજૂરી આપવી હિતાવહ નથી. ગત જૂન મહિનામાં આરસીબીની જીત બાદ થયેલી નાસભાગમાં ૧૧ લોકોના મોત થયા હતા, જે બાદ સ્ટેડિયમમાં ટોચની ક્રિકેટ મેચો યોજાઈ નથી.

હોલિડે સીઝન અને ભીડનું જોખમ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ક્રિસમસ અને રજાઓની સીઝનને કારણે શહેરમાં પહેલેથી જ ટ્રાફિકનું ભારણ છે. વિરાટ કોહલી અને ઋષભ પંત જેવા મોટા ખેલાડીઓની હાજરીને કારણે સ્ટેડિયમની બહાર હજારોની ભીડ ઉમટવાની શક્યતા હતી. મીડિયા અહેવાલ મુજબ, જો પોલીસ પરવાનગી નહીં મળે તો મેચને BCCI ના 'સેન્ટર ઓફ એક્સેલન્સ' ખાતે ખસેડવામાં આવી શકે છે. વિજય હઝારે ટ્રોફી ૨૦૨૫ ની આ મેચને આલુરથી ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં એટલા માટે ખસેડવામાં આવી હતી જેથી લોજિસ્ટિકલ પડકારો ન આવે, પણ હવે પ્રેક્ષકો જ નહીં હોય.



દિલ્હી ટીમમાં સિતારાઓનો જમાવડો દિલ્હીની ટીમ આ વખતે અત્યંત મજબૂત જણાઈ રહી છે. ઋષભ પંતની કેપ્ટનશીપ હેઠળ વિરાટ કોહલી, ઈશાંત શર્મા અને નવદીપ સૈની જેવા દિગ્ગજો ૨૦૨૫-૨૬ ની ઘરેલું સીઝનમાં રમતા જોવા મળશે. પંત માટે આ નેતૃત્વની ભૂમિકામાં વાપસી છે. KSCA એ શરૂઆતમાં ૨૦૦૦-૩૦૦૦ પ્રેક્ષકો માટે બે સ્ટેન્ડ ખોલવાની દરખાસ્ત મૂકી હતી, પરંતુ સરકારે સુરક્ષા અને કમ્પ્લાયન્સના મુદ્દે આ દરખાસ્ત ફગાવી દીધી છે. ઓગસ્ટમાં મહારાજા ટ્રોફી પણ સુરક્ષાના કારણોસર મૈસૂરમાં ખસેડવામાં આવી હતી.

ચાહકોમાં ભારે નિરાશા બેંગલુરુમાં વિરાટ કોહલીની લોકપ્રિયતા જગજાહેર છે.

**જુનિયર વર્લ્ડ કપનો હીરો // કર્ણાટકનો હોકી વારસો હવે સુનીલના ખભા પર, હોકી પ્રેમીઓમાં નવી આશા જન્માવી**

## સુનીલ પીબી હોકી સ્ટાર હોકીના મેદાનમાં રચ્યો ઈતિહાસ



(એજન્સી) બેંગલુરુ | તા. 23

કર્ણાટક રાજ્ય હંમેશા ભારતીય હોકીને મહાન ખેલાડીઓ આપવા માટે જાણીતું રહ્યું છે. એમ.પી. ગણેશ, અર્જુન હલપ્પા અને એસ.વી. સુનીલ જેવા દિગ્ગજોના વારસાને આગળ ધપાવવા માટે હવે એક નવો સિતારો ઉભરી રહ્યો છે. શિવમોગ્ગા જિલ્લાના અનાવટ્ટી ગામનો યુવાન સુનીલ પીબી હોકી સ્ટાર તરીકે ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે તૈયાર છે. તાજેતરમાં સંપન્ન થયેલા FIH મેન્સ જુનિયર હોકી વર્લ્ડ કપમાં ભારતીય ટીમને બ્રોન્ઝ મેડલ અપાવવામાં સુનીલની ભૂમિકા અત્યંત મહત્વની રહી હતી, જેણે રાજ્યના હોકી પ્રેમીઓમાં નવી આશા જન્માવી છે.

ખેત મજૂરના પુત્રની સંઘર્ષગાથા સુનીલનો જન્મ અત્યંત ગરીબ પરિવારમાં થયો હતો. તેના માતા-પિતા ખેતીમાં રોજિંદી મજૂરી કરીને ઘરનું ગુજરાન ચલાવે છે. ૧૦ વર્ષની નાની ઉંમરે હોકી હોસ્ટેલમાં જોડાયેલા સુનીલ માટે આ રમત માત્ર શોખ નહીં, પણ પરિવારની આર્થિક સ્થિતિ સુધારવાનું માધ્યમ બની છે. સૂત્રો દ્વારા મળતા સમાચાર મુજબ, વેદાંત કલિંગા લેન્સર્સ દ્વારા ૨ લાખ રૂપિયામાં ખરીદાયા બાદ સુનીલનો આત્મવિશ્વાસ વધ્યો છે. તે કહે છે કે, "વર્લ્ડ કપની સફળતા હવે વીતેલો સમય છે, હવે મારું ધ્યાન હોકી ઈન્ડિયા લીગ (HIL) માં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા પર છે."

વિશ્વના દિગ્ગજ ખેલાડીઓ પાસેથી શીખવાની તક હોકી ઈન્ડિયા લીગમાં સુનીલને બેલ્જિયમના ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ આર્થર વેન ડોરેન અને એલેક્ઝાન્ડર હેન્ડ્રિક્સ જેવા દિગ્ગજો સાથે રમવાની તક મળશે. એક ડિફેન્ડર તરીકે સુનીલ આ તકને સુવર્ણ માની રહ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, સુનીલ જણાવે છે કે, "વિશ્વના શ્રેષ્ઠ ડિફેન્ડર્સ પાસેથી મેદાન પરની ટેકનિકની સાથે સાથે મેચની તૈયારી અને શિસ્ત શીખવા માટે HIL થી સારું કોઈ પ્લેટફોર્મ નથી." આ અનુભવ તેને ભવિષ્યમાં સિનિયર રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવવા માટે મદદરૂપ થશે. કર્ણાટકનો હોકી વારસો અને જવાબદારી કર્ણાટકે ભારતને અનેક કેપ્ટન અને ઓલિમ્પિયન્સ આપ્યા છે. ૨૦૧૬ના રિયો ઓલિમ્પિકમાં કર્ણાટકના ચાર ખેલાડીઓ ભારતીય ટીમમાં હતા.

**એન્ડ્રુ મેકડોનાલ્ડનું નિવેદન: જોખમ લેવા માંગતા નથી**

## પેટ કમિન્સ એશેઝમાંથી બહાર કમરની ઈજાના કારણે બાકીની મેચો ગુમાવશે

(એજન્સી) મેલબોર્ન | તા. 23



ઓસ્ટ્રેલિયાની એશેઝ જીતના હીરો અને કેપ્ટન પેટ કમિન્સ હવે આ શ્રેણીની બાકીની મેચોમાં રમી શકશે નહીં. કમરની ઈજા ના કારણે મેડિકલ સ્ટાફ અને પસંદગીકારોએ કમિન્સને આરામ આપવાનો નિર્ણય લીધો છે. પેટ કમિન્સ એશેઝમાંથી બહાર થતાં હવે સ્ટીવ સ્મિથ મેલબોર્ન ખાતે રમાનારી બોક્સિંગ ડે ટેસ્ટમાં ટીમનું નેતૃત્વ કરશે. મંગળવારે સવારે આ સમાચારની પુષ્ટિ કરવામાં આવી હતી, જેનાથી ઓસ્ટ્રેલિયન ફેન્સમાં થોડી નિરાશા જોવા મળી છે.

ટી-૨૦ વિશ્વકપ ૨૦૨૬ પર સંકટ માત્ર એશેઝ જ નહીં, પણ ફેબ્રુઆરી ૨૦૨૬માં ભારત અને શ્રીલંકા દ્વારા આયોજિત થનારા ટી-૨૦ વિશ્વકપમાં પણ કમિન્સની ભાગીદારી પર અનિશ્ચિતતાના વાદળો છવાયા છે. એન્ડ્રુ મેકડોનાલ્ડનું નિવેદન સામે આવ્યું છે કે, અત્યારે કમિન્સની વિશ્વકપમાં રમવાની શક્યતા 'ગ્રે' છે. મેકડોનાલ્ડના જણાવ્યા મુજબ, આગામી થોડા સમયમાં કમિન્સના બેક સ્કેન કરવામાં આવશે અને ત્યારબાદ જ તેની ફિટનેસ અંગે કોઈ ચોક્કસ નિર્ણય લેવામાં આવશે. એડિલેડ ટેસ્ટમાં જોખમી વાપસી પેટ કમિન્સ વેસ્ટ ઈન્ડિઝના પ્રવાસ બાદ ઈજાગ્રસ્ત હતો, પરંતુ એશેઝ જેવી મોટી શ્રેણી માટે તેણે આક્રમક પુનર્વસન (Rehab) કાર્યક્રમ અપનાવ્યો હતો. તેણે એડિલેડ ટેસ્ટમાં શાનદાર વાપસી કરતા ૬ વિકેટ ઝડપી હતી અને ઓસ્ટ્રેલિયાને ૩-૦ થી અજેય સરસાઈ અપાવી એશેઝ જાળવી રાખવામાં મદદ કરી હતી.

### તેલ સંપન્ન દેશ રણમેદાન બનશે નક્કી, વૈશ્વિક મહાસત્તાઓ આમને સામને આવતા ફફડાટ

# અમેરિકા, રશિયા અને ચીનના 'યુદ્ધનું મેદાન' બનશે!

(એજન્સી) વોશિંગ્ટન । તા. 23

વિશ્વના સૌથી વધુ તેલના ભંડારો ધરાવતા દેશ વેનેઝુએલા પર હાલ યુદ્ધના કાળા વાદળો મંડરાઈ રહ્યા છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો વચ્ચેનો વિવાદ હવે પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. અમેરિકા વેનેઝુએલા તણાવ હવે માત્ર બે દેશો પૂરતો મર્યાદિત ન રહેતા, તેમાં રશિયા અને ચીન જેવી મહાસત્તાઓ પણ કૂદી પડી છે. સૂત્રો દ્વારા મળતા અહેવાલો મુજબ, દક્ષિણ અમેરિકાના આ ક્ષેત્રમાં જંગી સૈન્ય જહાજો અને મિસાઈલોની તૈનાતીને કારણે સમગ્ર વિશ્વમાં ત્રીજા વિશ્વયુદ્ધ જેવો ભય પેદા થયો છે.



ટ્રમ્પનો સીધો પ્રહાર અને માદુરોનો વળતો જવાબ સોમવારે ફ્લોરિડામાં પોતાના નિવાસસ્થાનેથી પત્રકારો સાથે વાતચીત કરતા ડોનાલ્ડ ટ્રમ્પે અત્યંત આક્રમક વલણ અપનાવ્યું હતું. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે જો નિકોલસ માદુરો સત્તા છોડી દે તો તે તેમના માટે 'સ્માર્ટ સ્ટેપ' હશે. તેલ સંપન્ન દેશ રણમેદાન બનશે તેવી શક્યતાઓ વચ્ચે ટ્રમ્પે ચેતવણી આપી છે કે આ માદુરો માટે કડકાઈ બતાવવાની છેલ્લી તક છે. સામા પક્ષે, નિકોલસ માદુરોએ પણ અમેરિકાને પોતાના કામમાં ધ્યાન આપવાની સલાહ આપી છે, જેના કારણે વૈશ્વિક મહાસત્તાઓ આમને સામને આવી ગઈ છે. આર્થિક નાકાબંધી અને સૈન્ય ઘેરાબંધી અમેરિકાએ વેનેઝુએલાની આર્થિક કમર તોડવા માટે તેની 'જીવન રેખા' સમાન તેલના વેપાર પર પ્રહાર કર્યો છે. પ્રમુખ ટ્રમ્પે વેનેઝુએલામાં આવતા-જતા તમામ પ્રતિબંધિત તેલ ટેન્કરોની સંપૂર્ણ નાકાબંધી કરવાનો આદેશ આપ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકન નૌકાદળ વેનેઝુએલાના દરિયાકાંઠાની નજીક સતત પોતાની હાજરી વધારી રહ્યું છે. આ નાકાબંધીને કારણે વેનેઝુએલાની અર્થવ્યવસ્થા પડી ભાંગવાની અણી પર છે, જેનો ઉપયોગ ટ્રમ્પ સત્તા પરિવર્તન માટે કરવા માંગે છે.

રશિયા અને ચીનની એન્ટ્રીથી ખતરો વધ્યો આ વિવાદમાં સૌથી મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે રશિયા અને ચીને વેનેઝુએલાના પક્ષમાં ઊભા રહેવાનો સંકેત આપ્યો. રશિયાએ વેનેઝુએલાને સૈન્ય સહાય અને વ્યૂહાત્મક ટેકો આપવાની જાહેરાત કરી છે, જ્યારે ચીન તેના આર્થિક હિતોના રક્ષણ માટે મક્કમ છે. જ્યારે આ સ્તર પર વૈશ્વિક મહાસત્તાઓ આમને સામને હોય, ત્યારે નાની એવી ભૂલ પણ મોટા સૈન્ય સંઘર્ષમાં પરિણમી શકે છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે રશિયન સલાહકારો વેનેઝુએલામાં પહેલેથી જ હાજર છે, જે અમેરિકા માટે સીધી ચિંતાનો વિષય છે.

ડ્રગ્સ તસ્કરીના આરોપ અને આતંકવાદી ટેગ અમેરિકાએ આ મોરચો શરૂઆતમાં ડ્રગ્સ તસ્કરીના ગંભીર આરોપો હેઠળ ખોલ્યો હતો. ગત અઠવાડિયે ટ્રમ્પ સરકારે માદુરોની સરકારને 'વિદેશી આતંકવાદી સંગઠન' તરીકે જાહેર કરી હતી.

### તુલસી ગબ્બાર્ડનો ધડાકો પશ્ચિમ બેનકાબ

## રશિયા યુક્રેન યુદ્ધ સત્ય રશિયા આખું યુક્રેન જીતી શકે તેમ નથી

(એજન્સી) વોશિંગ્ટન । તા. 23

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને લઈને વિશ્વભરમાં ફેલાવવામાં આવી રહેલી ભયની વાતો વચ્ચે અમેરિકાના ડાયરેક્ટર ઓફ નેશનલ ઈન્ટેલિજન્સ તુલસી ગબ્બાર્ડે એક અત્યંત મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે પશ્ચિમી દેશોના તે દાવાઓને સખત શબ્દોમાં નકારી દીધા છે જેમાં કહેવામાં આવતું હતું કે રશિયા યુક્રેન બાદ આખા યુરોપ પર કબજો જમાવી લેશે. રશિયા યુક્રેન યુદ્ધ સત્ય ઉજાગર કરતા તેમણે સ્પષ્ટ કર્યું છે કે રશિયા પાસે આખું યુક્રેન કબજે કરવાની પણ તાકાત નથી, તો યુરોપ જીતવાની વાત તો ક્યાંથી આવે?

યુદ્ધખોરો દ્વારા ફેલાવવામાં આવતું જુઠાણું તુલસી ગબ્બાર્ડે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને જણાવ્યું છે કે, રશિયા યુરોપ જીતી લેવા માંગે છે તેવા પશ્ચિમી મીડિયાના અહેવાલો તદ્દન વાહિયાત અને માત્ર યુદ્ધોત્માદ ફેલાવવા માટે જ વહેતા મુકવામાં આવ્યા છે. સૂત્રો દ્વારા મળતા સમાચાર મુજબ, ગબ્બાર્ડે આ અહેવાલો પાછળ એવા 'યુદ્ધખોર' જૂથોનો હાથ ગણાવ્યો છે જેઓ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવતા શાંતિ પ્રયાસોને ખોરવી નાખવા માંગે છે. તેમણે આવા અહેવાલોને 'હાડેતા' ગણાવીને તેની ટીકા કરી હતી.

ગબ્બાર્ડે જણાવ્યું કે, રશિયા પાસે લશ્કરી દ્રષ્ટિએ એટલી ક્ષમતા નથી કે તે યુક્રેન પર સંપૂર્ણ પ્રભુત્વ જમાવી શકે. પશ્ચિમના મીડિયા જે રીતે નાટો અને યુરોપિયન યુનિયનના ભયને પુષ્ટિ આપી રહ્યા છે તે પાયાવિહોણું છે. મીડિયા અહેવાલ મુજબ, આ પ્રકારના જુઠાણાં ફેલાવીને પશ્ચિમી દેશો પોતાનો રક્ષણ ખર્ચ અને હથિયારોના વેચાણને યોગ્ય ઠેરવવા માંગે છે. આ મોટો તુલસી ગબ્બાર્ડનો ધડાકો પશ્ચિમની યુદ્ધલક્ષી નીતિઓ પર સીધો પ્રહાર છે. પુતિને અહેવાલોને ગણાવ્યા મૂર્ખતાભર્યા બીજી તરફ, રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને પણ આ અઠવાડિયે સ્પષ્ટતા કરી હતી કે રશિયાની યુરોપ પર આક્રમણ કરવાની કોઈ જ ઈચ્છા નથી.

## ન્યૂઝ બ્રીફ

### મેયર વાઈરલ વીડિયો મેયર મોડા પડ્યા ને ટ્રેન ઉપડી ગઈ



જલિસ્કો | સામાન્ય રીતે આપણે જોઈએ છીએ કે કોઈ વીઆઈપી કે નેતાના આગમન માટે ટ્રેનો, બસો કે વિમાનો પણ થોભી જતા હોય છે. મેક્સિકોમાં નવી લાઈટ રેલ લાઈન ૪ ના ઉદ્ઘાટન પ્રસંગે શહેરના મેયર ક્વિરિનો વેલાઝક્વેઝ પોતે જ ટ્રેન ચૂકી ગયા હતા. આ સમગ્ર ઘટનાનો મેયર વાઈરલ વીડિયો અત્યારે સોશિયલ મીડિયા પર લાખો લોકોનું ધ્યાન ખેંચી રહ્યો છે અને વહીવટી શિસ્તના વખાણ થઈ રહ્યા છે. ઉદ્ઘાટન અને મેયરની રમુજી દોડ મેક્સિકોના દક્ષિણ પ્રદેશમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે ૨૧ કિલોમીટર લાંબી આઠ સ્ટેશનોને જોડતી રેલવે લાઈનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સમારોહમાં મેયર ક્વિરિનો વેલાઝક્વેઝ અને તેમની ટીમ હાજર હતી.

### પાકિસ્તાન પૂર પ્રભાવિત લાચારી સરકારની ઉદાસીનતાથી હજારો લોકો બેઘર

લાહોર | પાકિસ્તાનના દક્ષિણ પંજાબમાં ચોમાસાના ભારે વરસાદ બાદ આવેલી પૂરની આફતે સામાન્ય જનતાની કમર તોડી નાખી છે. પૂર ઓસરી ગયાના મહિનાઓ બાદ પણ પીડિત પરિવારો હજુ સુધી પુનઃવસન માટે વલખાં મારી રહ્યા છે. પાકિસ્તાન પૂર પ્રભાવિત લાચારી અત્યારે એવી સ્થિતિએ પહોંચી છે કે કડકડતી ઠંડીની શરૂઆત થઈ હોવા છતાં સેંકડો પરિવારો ખુલ્લા આકાશ નીચે સૂવા મજબૂર છે. પાકિસ્તાન માનવ અધિકાર પંચ દ્વારા કરવામાં આવેલા તાજેતરના નિરીક્ષણમાં આ અત્યંત ગંભીર પરિસ્થિતિનો ખુલાસો થયો છે, જે પંજાબ સરકારની નિષ્ફળતા છતી કરે છે. માનવ અધિકાર પંચનો પર્દાફાશ અને ગંભીર આરોપો નવેમ્બરમાં હાથ ધરાયેલા તથ્ય-તપાસ મિશન દરમિયાન જાણવા મળ્યું કે મુલતાનની બસ્તી લેંગ, બસ્તી શેર શાહ અને ઉચ શરીફની બસ્તી જાટ ખુરપામાં પૂરના કારણે વિનાશ વેર્યો હતો.

### પાપુઆ ન્યૂ ગિનીમાં ભયંકર ભૂકંપ, રિક્ટર સ્કેલ પર 6.4ની તીવ્રતા નોંધાઈ



પાપુઆ | પાપુઆ ન્યુ ગિની ક્ષેત્રમાં સોમવારે 6.4ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો છે. જર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓસાયન્સીસના જણાવ્યા અનુસાર, આ ભૂકંપ ભારતીય સમય મુજબ સોમવારે સવારે અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ જમીનથી અંદાજે 108.8 કિલોમીટરની ઊંડાઈએ હોવાનું જાણવા મળ્યું છે. યુ.એસ. જીઓલોજિકલ સર્વે દ્વારા પણ આ ભૂકંપની પુષ્ટિ કરવામાં આવી છે. તેમના રિપોર્ટ મુજબ, ભૂકંપનું ઉદ્ગમ સ્થાન ગોરોકા શહેરથી લગભગ 26 માઈલ ઉત્તર-પૂર્વમાં હતું. ભૂકંપના આંચકા ઘણા શક્તિશાળી હોવાથી સ્થાનિક પ્રશાસન દ્વારા સંભવિત નુકસાન અને ત્યારબાદ આવનારા આફ્ટરશોક્સ અંગે આકલન શરૂ કરી દેવામાં આવ્યું છે.

### રશિયાની ગંભીર સલાહ તણાવ ઓછો કરો, લઘુમતીઓ પર હિંસા અટકાવવા વૈશ્વિક દબાણ

# ભારત સાથે વહેલી તકે સમાધાન કરી લો તો સારું: બાંગ્લાદેશને રશિયા સલાહ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 23

બાંગ્લાદેશમાં ચાલી રહેલી રાજકીય અંધાધૂંધી અને ભારત વિરોધી ઉગ્ર દેખાવો વચ્ચે રશિયાએ અત્યંત મહત્વનું નિવેદન આપીને આંતરરાષ્ટ્રીય સમુદાયનું ધ્યાન ખેંચ્યું છે. દક્ષિણ એશિયામાં વધતી જતી અસ્થિરતા વચ્ચે રશિયાએ સ્પષ્ટ કર્યું છે કે ભારત બાંગ્લાદેશ સંબંધોમાં આવેલો તણાવ જેટલી વહેલી તકે દૂર થાય તેટલું બંને દેશો અને સમગ્ર ક્ષેત્ર માટે હિતાવહ છે. રશિયાના રાજદૂતે ૧૯૭૧ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભારતની મહત્વની ભૂમિકાને યાદ કરાવીને બાંગ્લાદેશને પોતાના મૂળિયાં ન ભૂલવાની ટકોર કરી છે.

રશિયાની દરમિયાનગીરી અને ભવિષ્યની ચિંતા ઢાકામાં રશિયાના રાજદૂત અલેક્ઝાન્ડર ગ્રિગોરીવિચ ખોજિને સોમવારે એક પ્રેસ બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું કે, ભારત અને બાંગ્લાદેશ વચ્ચે વિશ્વાસ અને ભરોસો કેળવવો અત્યંત અનિવાર્ય છે. ખાસ કરીને આગામી ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ યોજાનારી રાષ્ટ્રીય ચૂંટણીઓ પહેલા દેશમાં શાંતિપૂર્ણ વાતાવરણ હોવું જોઈએ. જોકે રશિયાએ તેને આંતરિક મામલો ગણાવ્યો છે, પરંતુ રશિયાની ગંભીર સલાહ એ છે કે પરિસ્થિતિ વધુ વણસે તે પહેલાં બંને દેશોએ સમજદારીપૂર્વક ઉકેલ લાવવો જોઈએ. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે બાંગ્લાદેશમાં ભારત વિરોધી વલણ ચરમસીમાએ છે.

હિંસા પાછળ સત્તા ટકાવવાનું ષડયંત્ર? બાંગ્લાદેશના આંતરિક રાજકારણમાં પણ હવે મોટા ધડાકા થઈ રહ્યા છે. પૂર્વ મંત્રી મોહિબુલ હસન ચૌધરીએ ચોંકાવનારો આક્ષેપ કર્યો છે કે ઢાકા અને ચટગાંવ જેવા શહેરોમાં જે અશાંતિ ફેલાયેલી છે, તે વર્તમાન સરકાર દ્વારા આયોજિત છે. તેમનો દાવો છે કે સત્તા પર ટકી રહેવા અને ચૂંટણીઓને પાછી ઠેલવા માટે કટ્ટરપંથી સંગઠનોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. લઘુમતીઓ પર હિંસા એ આ ખતરનાક ખેલનો એક ભાગ હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું. આ સ્થિતિમાં ભારત સાથેના સંબંધો બગાડવા તે આત્મઘાતી સાબિત થઈ શકે છે.




નિર્દોષ વિદ્યાર્થીઓનો ઉપયોગ અને ભ્રામક પ્રચાર મીડિયા અહેવાલ અને સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, બાંગ્લાદેશમાં જોવા મળતી ભારત વિરોધી લાગણીઓ કૃત્રિમ રીતે પેદા કરવામાં આવી છે. પૂર્વ મંત્રીના જણાવ્યા મુજબ, કટ્ટરપંથી સંગઠનો મદરેસાના નિર્દોષ વિદ્યાર્થીઓને ધમકાવીને વિરોધ પ્રદર્શનોમાં જોતરે છે. જો આ વિદ્યાર્થીઓ વિરોધમાં ન જોડાય, તો તેમની રહેવા-જમવાની સુવિધાઓ છીનવી લેવાની ધમકી આપવામાં આવે છે. આમ, જનતાનો અવાજ ગણાવતા આ દેખાવો ખરેખર મજબૂરી અને ભયનું પરિણામ છે, જેના કારણે ભારત બાંગ્લાદેશ સંબંધોમાં મોટી ખાઈ સર્જાઈ છે.

હિન્દુઓની સુરક્ષા અને ભારતની નારાજગી ભારત સરકારે બાંગ્લાદેશમાં રહેતા લઘુમતી હિન્દુઓ પર થતા અત્યાચારો અને ભારતીય દૂતાવાસ પર થયેલા હુમલાઓ અંગે આકરી પ્રતિક્રિયા આપી છે. આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે પણ તાજેતરમાં જણાવ્યું હતું કે હિન્દુઓએ પોતાની રક્ષા માટે એકજૂટ થવું પડશે અને ભારત સરકાર આ મુદ્દે સક્રિય ભૂમિકા ભજવી રહી છે. રશિયાએ પણ આ હિંસાની નિંદા કરી છે અને ૧૨ ફેબ્રુઆરીની ચૂંટણીમાં નિરીક્ષકો મોકલવાની તૈયારી બતાવી છે, જે બાંગ્લાદેશની વચગાળાની સરકાર પર નૈતિક દબાણ વધારશે.

### બાંગ્લાદેશ અસ્થિરતા અમેરિકા ચિંતા યુનુસે ટ્રમ્પની શરણમાં જઈ ટેકો માંગ્યો

ઢાકા | પાડોશી દેશ બાંગ્લાદેશ અત્યારે હિંસા, અરાજકતા અને અસ્થિરતાના અગ્નિમાં સળગી રહ્યો છે. નોબેલ વિજેતા મોહમ્મદ યુનુસના નેતૃત્વવાળી વચગાળાની સરકારના અંકુશમાંથી સ્થિતિ સંપૂર્ણપણે બહાર જતી હોય તેવું દ્રશ્ય દેખાઈ રહ્યું છે. આ ગંભીર સંકટ અને વધતી બાંગ્લાદેશ અસ્થિરતા અમેરિકા ચિંતા વચ્ચે, મોહમ્મદ યુનુસે અમેરિકાના શરણમાં જઈને ફેબ્રુઆરીમાં ચૂંટણી કરાવવાની લેખિત જેવી ખાતરી આપી છે. સૂત્રો દ્વારા મળતા સમાચાર મુજબ, બાંગ્લાદેશમાં શાંતિ ક્યારે સ્થપાશે તેની કોઈ સ્પષ્ટ ઝલક દેખાતી નથી, પરંતુ યુનુસ પોતાની સત્તા બચાવવા માટે પશ્ચિમી શક્તિઓ પર વધુ નિર્ભર બની રહ્યા છે. અમેરિકા સામે યુનુસનું સરેન્ડર અને ચૂંટણીની તારીખ સોમવારે મોહમ્મદ યુનુસે અમેરિકાના દક્ષિણ અને મધ્ય એશિયાઈ બાબતોના વિશેષ દૂત સર્જિયો ગોર સાથે અડધો કલાક લાંબી ફોન પર વાતચીત કરી હતી. આ વાતચીતમાં યુનુસે ખાતરી આપી છે કે બાંગ્લાદેશમાં ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સામાન્ય ચૂંટણીઓ યોજાશે.

### રશિયા-ચીનનું વધશે ટેન્શન

## 57 હજારની વસતી ધરાવતા દેશ પર કબજો કરવા ટ્રમ્પ તલપાપડ!



(એજન્સી) વોશિંગ્ટન । તા. 23

ગ્રીનલેન્ડને અમેરિકાનો હિસ્સો બનાવવા માટે ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની આ જીદ પર અડગ છે. ડેનમાર્કના અર્ધ-સ્વાયત્ત પ્રદેશ એવા ગ્રીનલેન્ડને કોઈ પણ ભોગે હસ્તગત કરવા માટે ટ્રમ્પ અત્યારે પૂરજોશમાં પ્રયત્ન કરી રહ્યા છે. ટ્રમ્પની આ વિસ્તારવાદી નીતિને કારણે યુરોપિયન દેશોમાં ફફડાટ ફેલાયો છે. ટ્રમ્પનું માનવું છે કે અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે ગ્રીનલેન્ડ પર કબજો મેળવવો અત્યંત અનિવાર્ય છે.

આ મિશનને ગંભીરતાથી આગળ વધારવા માટે ટ્રમ્પે લુઈસિયાનાના ગવર્નર જેફ લેન્ડ્રીને ગ્રીનલેન્ડ માટે 'વિશેષ દૂત' તરીકે નિયુક્ત કર્યા છે. લેન્ડ્રી પર આ આખા આઈલેન્ડને અમેરિકન વહીવટનો ભાગ બનાવવાની જવાબદારી સોંપવામાં આવી છે. ટ્રમ્પના આ નિર્ણયની ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ દ્વારા આકરી ટીકા કરવામાં આવી રહી છે.

ટ્રમ્પના દાવા પર નારાજગી વ્યક્ત કરતા ગ્રીનલેન્ડના પીએમ જેન્સ ફ્રેડરિક નીલસને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'ગ્રીનલેન્ડ અહીંના લોકોનું છે. કોઈ બીજો દેશ આંતરરાષ્ટ્રીય સુરક્ષાનું બહાનું કાઢીને આના પર કબજો કરી શકે નહીં.' તેમણે ગ્રીનલેન્ડને ખરીદવાની કે હડપવાની વાતને સદંતર ફગાવી દીધી છે.

ગ્રીનલેન્ડ પર કબજો મેળવવા પાછળ ડોનાલ્ડ ટ્રમ્પે મુખ્યત્વે તેના વ્યૂહાત્મક સ્થાન અને અખૂટ કુદરતી સંસાધનોને જવાબદાર ગણાવ્યા છે. ટ્રમ્પના મતે, ગ્રીનલેન્ડની આસપાસ ચીની અને રશિયન જહાજોની વધતી જતી સક્રિયતા અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા માટે મોટો ખતરો છે, જેને રોકવા માટે અમેરિકા ત્યાં પોતાની આધુનિક 'બેલિસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ' સ્થાપીને આ બંને શક્તિશાળી દેશોને સીધો પડકાર આપવા માંગે છે. વધુમાં, ગ્રીનલેન્ડ કિંમતી ખનીજ પદાર્થોનો વિશાળ ભંડાર ધરાવે છે.

## પેલેસ્ટાઈન વાહન દુર્ઘટના નાબ્લસ ચેકપોસ્ટ પર સૈન્ય કાર્યવાહીમાં 3 ઘાયલ

(એજન્સી) તેલ અવીવ । તા. 23

મધ્યપૂર્વમાં ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચેના સરહદી વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી તણાવ ચરમસીમાએ છે. મંગળવારે વહેલી સવારે નાબ્લસ નજીક એક સુરક્ષા ચેકપોસ્ટ પર શંકાસ્પદ હિલચાલને રોકવા જતાં મોટી પેલેસ્ટાઈન વાહન દુર્ઘટના સર્જાઈ હતી. આ ઘટનામાં કુલ ત્રણ વ્યક્તિઓ ઘાયલ થયા હોવાના અહેવાલ છે. સુરક્ષા એજન્સીઓના જણાવ્યા મુજબ, જ્યારે ઈઝરાયેલ સંરક્ષણ દળોએ તપાસ માટે વાહનને રોકવાનો પ્રયાસ કર્યો, ત્યારે ચાલકે નાસી જવાનો પ્રયત્ન કર્યો હતો, જે અંતે લોહીલુહાણ સંઘર્ષમાં પરિણમ્યો હતો. અડધી રાત્રે સર્જાયો હાઈ-વોલ્ટેજ ડ્રામા મીડિયા અહેવાલ મુજબ, આ ઘટના મંગળવારે રાત્રે આશરે ૩:૦૦ વાગ્યે બની હતી. નાબ્લસના પ્રવેશદ્વાર પર આવેલી સુરક્ષા ચેકપોસ્ટ પાસે એક પેલેસ્ટિનિયન વાહન શંકાસ્પદ હાલતમાં જણાયું હતું. જ્યારે ડ્યુટી પરના જવાનોએ વાહનને તપાસ માટે ઊભું રાખવા સંકેત આપ્યો, ત્યારે ચાલકે વાહનની ગતિ વધારી દીધી હતી. નાબ્લસ ચેકપોસ્ટ સંઘર્ષ ત્યારે વકર્યો જ્યારે ઈઝરાયેલ સૈન્યની ટુકડીએ પ્રોટોકોલ મુજબ 'શંકાસ્પદ ધરપકડ પ્રક્રિયા' શરૂ કરી. આ કાર્યવાહી દરમિયાન ચાલકે વાહન પરનું સંતુલન ગુમાવ્યું હતું અને વાહન રસ્તાની બાજુમાં આવેલી ઊંડી ખીણમાં ખાબક્યું હતું.



## ભારતમાં રિન્યૂ માટે આવેલા એચ-1બી વિઝાધારકો ફસાયા

નવી દિલ્હી | અમેરિકાની સરકારે વિઝાધારકો માટે સોશિયલ મીડિયા વેરિફિકેશનની નવી પૉલિસી લાગુ પાડી દીધી છે. તેના કારણે હવે એચ-૧બી વિઝાધારકોના વિઝા રિન્યૂઅલની પ્રોસેસ અટકી પડી છે. અસંખ્ય લોકોની વિઝા રિન્યૂની અપોઈન્ટમેન્ટ છ-આઠ મહિનાથી લઈને એક-એક વર્ષ સુધી લંબાઈ જતાં ભારતીયો સહિત અનેક વિદેશી નાગરિકો મુશ્કેલીમાં મૂકાયા છે. અમેરિકાના ઈમિગ્રેશન વિભાગે દુનિયાભરના દૂતાવાસોને એચ-૧બી વિઝાની અપોઈન્ટમેન્ટ પાછી ઠેલવાનો આદેશ આપ્યો છે. તેના કારણે અમેરિકાની આઈટી કંપનીઓમાં કાર્યરત ભારત સહિત દુનિયાભરના વિદેશી નાગરિકો મુશ્કેલીમાં મૂકાયા છે. અસંખ્ય એચ૧-બી વિઝાધારકોના વિઝાની સમયમર્યાદા પૂરી થઈ ગઈ છે અથવા તો આગામી મહિનાઓમાં પૂરી થવાની છે. એવા લોકો પોત-પોતાના દેશમાં વિઝા રિન્યૂ કરવા આવવા લાગ્યા હતા.

## ભારત બાંગ્લાદેશમાં ભયાનક અંધાધૂંધી જોઈ રહ્યું છે : શેખ હસીના

### બાંગ્લાદેશમાં અંધાધૂંધી આંતરરાષ્ટ્રીય સ્તરે બદનામી

(એજન્સી) નવી દિલ્હી । તા. 23

બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાએ એક અજ્ઞાત સ્થળેથી ઈ-મેઈલ દ્વારા આપેલા અત્યંત ખળભળાટ મચાવતા ઈન્ટરવ્યુમાં પાડોશી દેશની વર્તમાન સ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે શેખ હસીનાનો ખુલાસો એ વાતની સાક્ષી પૂરે છે કે ભારત અત્યારે બાંગ્લાદેશમાં પ્રવર્તી રહેલી ભયાનક અરાજકતા અને હિંસાને ખૂબ જ નજીકથી જોઈ રહ્યું છે. હસીનાના મતે, આ હિંસાચારને કારણે ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના વર્ષો જૂના મજબૂત સંબંધો હવે અસ્થિર બની રહ્યા છે અને એકદમ તળિયે પહોંચી ગયા છે. યુનુસ સરકાર પર આકરા પ્રહારો શેખ હસીનાએ બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસને આ અસ્થિરતા માટે સીધા જવાબદાર ઠેરવ્યા છે. તેમણે કટાક્ષ કરતા કહ્યું કે, બહુ-ધર્મીય દેશમાં તંત્ર કેવી રીતે ચલાવવું તેનું યુનુસને કોઈ ભાન જ નથી. બાંગ્લાદેશમાં અંધાધૂંધી ફેલાવનારા તત્વોને છૂટો દોર આપવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરતા તેમણે ઉમેર્યું કે દેશની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા હવે ધૂળમાં મળી ગઈ છે. મૂળભૂત વ્યવસ્થાઓ પડી ભાંગી છે અને જનતા ભયના ઓથાર હેઠળ જીવી રહી છે. લઘુમતીઓની સુરક્ષા અને દીપુ દાસની હત્યા આ મુલાકાત દરમિયાન શેખ હસીનાએ બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ પર થઈ રહેલા અત્યાચારો અંગે ઊંડો શોક વ્યક્ત કર્યો હતો. તાજેતરમાં થયેલી દીપુ દાસની નૃશંસ હત્યાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, ધર્મનિરપેક્ષતા એ જ બાંગ્લાદેશની સૌથી મોટી શક્તિ હતી.

**બરફવર્ષા** સાઉદી અરબ બરફવર્ષા ધગધગતા રણમાં હિમવર્ષાથી સફેદ ચાદર પથરાઈ

# આશ્ચર્યજનક કુદરતી નજારો જોવા ભીડ ઉમટી

(એજન્સી) રિયાધ । તા. 23

વિશ્વના સૌથી ગરમ અને રેતાળ પ્રદેશોમાં જેની ગણના થાય છે તે સાઉદી અરબ અત્યારે એક અકલ્પનીય કુદરતી ઘટનાનો સાક્ષી બની રહ્યું છે. ઉત્તરી અને મધ્ય સાઉદી અરબના અનેક પ્રાંતોમાં છેલ્લા ૨૪ કલાકથી થયેલી ભારે સાઉદી અરબ બરફવર્ષાએ સ્થાનિક રહેવાસીઓ અને હવામાનશાસ્ત્રીઓને સ્તબ્ધ કરી દીધા છે. સોમવાર રાતથી શરૂ થયેલા આ હિમપાતને કારણે ગોલ્ડન સેન્ડ એટલે કે સોનેરી રેતીના ઢગલાઓ પર સફેદ બરફની ચાદર પથરાઈ ગઈ છે. ૩૦ વર્ષ બાદ જોવા મળેલા આ ઐતિહાસિક દ્રશ્યો સોશિયલ મીડિયા પર વાયરલ થતા વિશ્વભરમાં તેની ચર્ચા જાગી છે.

તાબુક અને હૈલ પ્રાંતમાં બરફની ચાદર સૌથી વધુ અસર ઉત્તરી તાબુક પ્રાંતમાં જોવા મળી છે, જ્યાં જેબેલ અલ-લાઝ પર્વતમાળા બરફથી ઢંકાઈ ગઈ છે. લગભગ ૨,૬૦૦ મીટરની ઊંચાઈ પર સ્થિત આ શિખરો પર તાપમાન માઈનસ ૪ ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી ગયું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, હૈલ અને અલ-જૌફ વિસ્તારમાં પણ દુર્લભ હિમવર્ષા નોંધાઈ છે. આ આશ્ચર્યજનક કુદરતી નજારો માણવા માટે રિયાધ અને જેદ્દાહ જેવા શહેરોમાંથી લોકો ઉમટી પડ્યા છે, જેના કારણે પહાડી રસ્તાઓ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ છે.



જળવાયુ પરિવર્તન કે કુદરતનો પ્રકોપ? હવામાન નિષ્ણાંતો આ ઘટનાને સીધી રીતે ગ્લોબલ વોર્મિંગની અસર સાથે જોડી રહ્યા છે. સામાન્ય રીતે ૫૦ ડિગ્રી તાપમાન સહન કરતા દેશમાં આટલો મોટો હવામાન પલટો જળવાયુ પરિવર્તનના ખતરાની ઘંટડી વગાડે છે. મીડિયા અહેવાલ મુજબ, આર્ક્ટિક પ્રદેશમાંથી આવતી ઠંડી હવા અને અરબી સમુદ્રમાંથી આવતા ભેજવાળા પવનોના મિલનને કારણે આ સ્થિતિ સર્જાઈ છે. યુનાઈટેડ નેશન્સના રિપોર્ટ મુજબ, આરબ દેશો વિશ્વના અન્ય ભાગો કરતા બમણી ઝડપે ગરમ થઈ રહ્યા છે, જેના કારણે આવા વિષમ હવામાનની ઘટનાઓ વારંવાર બની રહી છે.

તંત્ર દ્વારા કડક સૂચના અને સુરક્ષા નેશનલ સેન્ટર ફોર મેટ્રોલોજી (NCM) એ ચેતવણી આપી છે કે હજુ આગામી ૪૮ કલાક સુધી ઠંડીની લહેર યથાવત રહેશે. રિયાધ, કાસિમ અને પૂર્વીય વિસ્તારોમાં હિમવર્ષાની સાથે મુશળધાર વરસાદ પણ થઈ રહ્યો છે, જેના કારણે પ્રશાસને શાળાઓમાં ઓનલાઈન શિક્ષણના આદેશ આપ્યા છે. સિવિલ ડિફેન્સે નાગરિકોને ખીણ વિસ્તારમાં ન જવાની અને પૂર પ્રભાવિત રસ્તાઓ પર સાવધાની રાખવાની અપીલ કરી છે.

## ભારતીય સોફ્ટવેર ડેવલપર રશિયામાં સફાઈ કર્મચારી બન્યો

(એજન્સી) મોસ્કો । તા. 23

ભારતમાં માઈક્રોસોફ્ટમાં સોફ્ટવેર ડેવલપર તરીકે કામ કરી ચૂકેલો સોફ્ટવેર ડેવલપર મુકેશ મંડલ રશિયામાં સફાઈ કર્મચારી તરીકે કામ કરી રહ્યો છે, તેનું કારણ ફક્ત એટલું જ છે કે તેને સફાઈ કર્મચારી તરીકે એક લાખ રૂબલ એટલે કે ૧.૧ લાખ રૂપિયા પગાર મહિને મળે છે, આ રકમ ભારતમાં પણ તેને સોફ્ટવેર ડેવલપર તરીકે મળતી રકમ કરતાં પણ વધારે છે, પછી ભલેને સફાઈ કર્મીનું કામ કેમ ન હોય.

૨૬ વર્ષના મુકેશ મંડલે જણાવ્યું હતું કે તે ભારતમાં સોફ્ટવેર ડેવલપર તરીકે કામ કરતો હતો. તે લગભગ ચાર મહિના પહેલાં રશિયા આવ્યો છે અને કોલોમ્યાઈકોયે નામની રસ્તાની જાળવણી કરતી કંપની માટે કામ કરી રહ્યા છે.

કંપની તેણે હાયર કરેલા શ્રમિકોનો ખર્ચ ઉઠાવી રહી છે. તેમા વિઝા સહિતની કાર્યવાહીથી લઈને શ્રમિકોને ત્યાં રાખવા સાથે તેમને રહેવાની સગવડ અને જમવાનું પણ પૂરુ પાડી રહી છે. ભારતથી કુલ ૧૭ શ્રમિકોનું જૂથ ત્યાં ગયુ છે અને આ જૂથ ૧૯થી ૪૩ વર્ષના લોકોનું છે. તેઓનું કહેવું છે કે કંપની રહેવા અને જમવાની સગવડની સાથે પરિવહનનો ખર્ચો આપતી હોવાથી તેમને બીજો કોઈ ખર્ચો કરવો પડતો ન હોવાથી નોંધપાત્ર બચત થાય છે. મુકેશ મંડલે જણાવ્યું હતું કે મેં માઈક્રોસોફ્ટ કંપનીમાં કામ કર્યુ છે. હું મુખ્યત્વે ડેવલપર છું. એન્જિનિયરિંગના અભ્યાસ છતાં રશિયા આવવાનું કારણ એ છે કે હું કામને બધા કરતાં ઉપર રાખું છું. હું ફક્ત એટલું જાણું છું કે હું ઘણી વધારે કમાણી કરી રહ્યો છું. મારું આયોજન વિદેશમાં કેટલાક વર્ષ કામ કરવાનું છે. હું હમેશા માટે રશિયા રહેવા માંગતો નથી.

# ભારતનો નવો મુક્ત વેપાર કરાર ખેતરોથી ફેક્ટરીઓ સુધી નોકરીઓ અને સમૃદ્ધિ વધારશે

ભારત-ન્યુઝીલેન્ડ મુક્ત વેપાર કરાર (FTA) એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વેપાર રાજદ્વારીમાં એક વ્યૂહાત્મક છલાંગ છે - રોજગાર સર્જનને વેગ આપવો, રોકાણને વેગ આપવો અને સમગ્ર ભારતમાં નાના વ્યવસાયો, વિદ્યાર્થીઓ, મહિલાઓ, ખેડૂતો અને યુવાનો માટે પરિવર્તનશીલ તકો ઊભી કરવી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી માનનીય ક્રિસ્ટોફર લક્સન દ્વારા સંયુક્ત રીતે જાહેર કરાયેલ, આ કરાર મોદી સરકાર દ્વારા વાટાઘાટો કરાયેલ સાતમો FTA છે અને 2025 માં યુનાઈટેડ કિંગડમ અને ઓમાન સાથે ઐતિહાસિક, વિન-વિન કરારો પછી પૂર્ણ થયેલ ત્રીજો મોટો વેપાર કરાર છે. નોંધપાત્ર રીતે, આ બધા FTA ભારત કરતા નોંધપાત્ર રીતે વધુ માથાદીઠ આવક ધરાવતા વિકસિત અર્થતંત્રો સાથે છે, જે વૈશ્વિક વેપાર વાટાઘાટોમાં ભારતની વધતી જતી શક્તિ અને વિશ્વસનીયતા પર ભાર મૂકે છે.દરેક કરાર પર તમામ હિસ્સેદારો સાથે વ્યાપક ચર્ચા કર્યા પછી વાટાઘાટો કરવામાં આવી છે, જેમાં સંતુલિત પરિણામો અને વિકસિત વિશ્વ સાથે ખરેખર ફાયદાકારક જોડાણ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

રોજગાર, વૃદ્ધિ અને બજાર પ્રવેશ : આ FTA નો મુખ્ય આધારસ્તંભ રોજગાર સર્જન છે. ન્યૂઝીલેન્ડ ભારતની 100% નિકાસ પર ઝીરો-ડ્યુટી એક્સેસ પ્રદાન કરશે, જે ભારતના કાપડ, વસ્ત્રો, ચામડાં, કપડાં, ફૂટવેર, દરિયાઈ ઉત્પાદનો, રત્નો અને ઘરેણાં, હસ્તકલા અને એન્જિનિયરિંગ માલ જેવા શ્રમ-સઘન ક્ષેત્રોને મોટું પ્રોત્સાહન આપશે. આનાથી ભારતીય કામદારો, કારીગરો, મહિલા ઉદ્યોગસાહસિકો, યુવાનો અને MSME ને સીધો ફાયદો થશે.ભારતે અત્યાર સુધીની શ્રેષ્ઠ બજાર પહોંચ અને સેવાઓ ઓફર પણ પ્રાપ્ત કરી છે, જેમાં ટેલિકોમ્યુનિકેશન, બાંધકામ, આઈટી, નાણાકીય સેવાઓ, મુસાફરી અને પર્યટન સહિત 118 સેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. આ વધેલી એક્સેસ ભારતીય વ્યાવસાયિકો અને વ્યવસાયો માટે નોંધપાત્ર રોજગાર અને નવા વિકાસના માર્ગો ખોલશે.

વ્યાવસાયિકો, વિદ્યાર્થીઓ અને યુવાનો માટે તકો : આ કરાર ભારતીય વ્યાવસાયિકો અને વિદ્યાર્થીઓ માટે પ્રવેશ અને રહેઠાણની સુધારેલી સુવિધાઓ પૂરી પાડે છે. તે અભ્યાસ દરમિયાન, અભ્યાસ પછી રોજગાર અને માળખાગત વર્કિંગ-હોલિડે વિઝા ફ્રેમવર્ક દરમિયાન કામની તકો પ્રદાન કરે છે. હવે, STEM સ્નાતકો અને અનુસ્નાતકો ત્રણ વર્ષ સુધી કામ કરી



પીયૂષ ગોયલ
કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી

શકે છે, જ્યારે ડોક્ટરલ વિદ્વાનો ચાર વર્ષ સુધી કામ કરી શકે છે, જે ભારતના યુવાનોને અભૂતપૂર્વ વૈશ્વિક અનુભવ અને કારકિર્દીના માર્ગો પ્રદાન કરે છે. એક નવીન ટેમ્પરરી એમ્પ્લોયમેન્ટ એન્ટ્રી વિઝા આંતરરાષ્ટ્રીય તકો શોધતા કુશળ ભારતીય વ્યાવસાયિકોને વધુ ટેકો આપે છે.

ખેડૂતોનો વિકાસ : પ્રધાનમંત્રી મોદીનું વિઝન સ્પષ્ટ છે: ભારતીય ખેડૂતોએ વૈશ્વિક મંચ પર અર્થપૂર્ણ ભૂમિકા ભજવવી જોઈએ. FTA આ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. આ કરાર સફરજન, કીવી અને મધને આવરી લેતી કૃષિ ઉત્પાદકતા ભાગીદારી સ્થાપિત કરે છે, જેનો ઉદ્દેશ્ય સ્થાનિક ઉત્પાદકતા વધારવા અને ખેડૂતોની આવક વધારવાનો છે. ન્યૂઝીલેન્ડ બાસમતી ચોખા માટે GI-સ્તરના રક્ષણ માટે પણ પ્રતિબદ્ધતા દર્શાવી છે, જે ભારતીય ચોખાના ખેડૂતોને મજબૂત ટેકો આપે છે. મહત્વપૂર્ણ વાત એ છે કે, ભારતે ખાતરી કરી છે કે ચોખા, ડેરી, ઘઉં, સોયા અને અન્ય મુખ્ય કૃષિ ઉત્પાદનો જેવા સંવેદનશીલ ક્ષેત્રો સંપૂર્ણપણે સુરક્ષિત રહે, અને કોઈ પણ બજાર ખુલશે નહીં જે સ્થાનિક આજીવિકાને નુકસાન પહોંચાડી શકે.

નવીનતમ FTAs અને રોકાણની પ્રતિબદ્ધતાઓ : આજે ભારતના FTAs ટેરિફ ઘટાડા સુધી મર્યાદિત નથી. તે ખેડૂતો, નાના અને મધ્યમ ઉદ્યોગો, મહિલાઓ અને યુવાનો માટે નવી તકો ખોલવાનું સાધન છે, સાથે સાથે રાષ્ટ્રીય હિતોનું પણ રક્ષણ કરે છે. વિવિધ વેપાર કરારો તાત્કાલિક અથવા ઝડપી ટેરિફ નાબૂદી દ્વારા ભારતીય નિકાસને લાભ આપે છે, જ્યારે ભારત દ્વારા તેનું બજાર ખોલવાનું માપાંકિત અને ક્રમિક છે. ન્યૂઝીલેન્ડે આગામી 15 વર્ષોમાં US$20 બિલિયન વિદેશી સીધા રોકાણનું વચન આપ્યું છે, જે EFTA દેશો - સ્વિટ્ઝર્લેન્ડ, નોર્વે, આઇસલેન્ડ અને લિક્ટેન્સ્ટાઇન સાથે ભારતના FTA માં નવીન રોકાણ-સંબંધિત જોગવાઈઓને અનુરૂપ છે. ન્યૂઝીલેન્ડ માટે, ભારતમાં સીધા વિદેશી રોકાણમાં આ એક નોંધપાત્ર ઉછાળો છે. છેલ્લા 25 વર્ષોમાં, ન્યૂઝીલેન્ડે ભારતમાં આશરે 643 કરોડનું રોકાણ કર્યું છે. નવી પ્રતિબદ્ધતા - 15 વર્ષમાં આશરે 1.8 લાખ કરોડ - એક નોંધપાત્ર વિસ્તરણ છે, જે રોકાણ લક્ષ્યો પૂર્ણ ન થાય તો ક્લોબેક મિકેનિઝમ દ્વારા સમર્થિત છે. આ રોકાણનો મોટાભાગનો ભાગ કૃષિ, ડેરી, MSME, શિક્ષણ, રમતગમત અને યુવા વિકાસને ટેકો આપશે, જે મોટા પાયે અને સમાવિષ્ટ વિકાસને સુનિશ્ચિત કરશે.

ભારતનો પ્રથમ મહિલા-આગેવાની હેઠળનો FTA: આ કરાર એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ પણ છે: તે ભારતનો પ્રથમ મહિલા-નેતૃત્વ હેઠળનો FTA છે. મુખ્ય વાટાઘાટકારથી લઈને માલ, સેવાઓ, રોકાણ માટેના નેતાઓ અને ન્યુઝીલેન્ડમાં અમારા રાજદૂત સુધીની લગભગ આખી વાટાઘાટ ટીમમાં મહિલાઓનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીના વિકાસ કાર્યસૂચિમાં આપણી મહત્વાકાંક્ષી મહિલાઓ વધુને વધુ નેતૃત્વની ભૂમિકા ભજવી રહી છે.

ભારતની FTA વ્યૂહરચના: ભારત-ન્યુઝીલેન્ડ FTA ભારતની સ્પષ્ટ વ્યૂહરચનાનું ઉદાહરણ આપે છે: ભારતીય ઉત્પાદનો સાથે અન્યાયી સ્પર્ધા કર્યા વિના પૂરક અર્થતંત્ર-સઘન ઉદ્યોગો માટે તેમના બજારો ખોલતા વિકસિત અર્થતંત્રો સાથે ભાગીદારી કરવી. મોદી સરકાર હેઠળના વેપાર કરારો ફક્ત વ્યવહારિક નથી - તે અર્થતંત્રને મજબૂત બનાવવા અને ભારતીયો, ખાસ કરીને ગરીબ લોકોનું જીવન સુધારવા માટેના મોટા મિશનનો ભાગ છે. આ વ્યૂહરચનાએ ભારતને 2014 માં 'નબળા પાંચ' દેશોમાં ગણાતું હતું તેમાંથી વૈશ્વિક વિકાસનું એન્જિન અને વિશ્વભરમાં વેપાર અને રોકાણ માટે પસંદગીનું ભાગીદાર બનાવ્યું છે.

### ચૂંટણી પ્રક્રિયા અને EVM પર સવાલ | જર્મનીમાં રાહુલ ગાંધીનું મોટું નિવેદન

# બંધારણ ખતમ કરવા માંગે છે ભાજપ, સંસ્થાઓ પર કબજો કર્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 23

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ જર્મનીના પ્રવાસ દરમિયાન ફરી એકવાર કેન્દ્ર સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. બર્લિનની હર્ટી સ્કૂલમાં વિદ્યાર્થીઓને સંબોધતા રાહુલે આરોપ લગાવ્યો હતો કે, 'ભાજપ દેશના બંધારણની મૂળભૂત ભાવનાને ખતમ કરવાનું કાવતરું ઘડી રહ્યું છે અને લોકશાહીની સ્વાયત્ત સંસ્થાઓ હવે સ્વતંત્ર રહી નથી.'કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પોતાના સંબોધનમાં ભારપૂર્વક જણાવ્યું કે, 'ભારતની લોકશાહી સંસ્થાઓ પર ભાજપે સંપૂર્ણ કબજો કરી લીધો છે. CBI અને ED જેવી એજન્સીઓનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ થઈ રહ્યો



છે. આ એજન્સીઓ માત્ર વિપક્ષી નેતાઓને નિશાન બનાવી રહી છે, જ્યારે ભાજપના નેતાઓ સામે કોઈ કાર્યવાહી થતી નથી. ભાજપ રાજ્યો, ભાષાઓ અને ધર્મોની સમાનતાના વિચારને નષ્ટ કરવા માંગે છે.હરિયાણા અને મહારાષ્ટ્રની ચૂંટણીઓ પર ફરી એકવાર શંકા વ્યક્ત કરતા રાહુલ ગાંધીએ દાવો કર્યો કે, 'હરિયાણાની ચૂંટણી અમે જીત્યા જ હતા, પરંતુ મતદાર યાદીમાં બ્રાઝિલિયન મહિલાનું નામ હોવા જેવી અનેક ગેરરીતિઓ જોવા મળી હતી. અમે જ્યારે ચૂંટણી પંચને આ બાબતે પ્રશ્ન પૂછ્યો, ત્યારે તેમણે કોઈ જવાબ આપ્યો નથી.' આ ઉપરાંત તેમણે મહારાષ્ટ્રની ચૂંટણીઓને પણ 'અન્યાયી' ગણાવી હતી.વૈશ્વિક રાજકારણ વિશે વાત કરતા રાહુલે કહ્યું કે, 'ભારતને અગાઉ અમેરિકાના પ્રભુત્વનો ફાયદો થયો હતો, પરંતુ હવે અમેરિકા લશ્કરી અને આર્થિક પડકારોનો સામનો કરી રહ્યું છે. ભારત રાજ્યોનો સંઘ છે અને કોઈ એક વ્યક્તિ આખા દેશનું ભવિષ્ય નક્કી કરી શકે નહીં.

## ડુંગરોમાં બરફવર્ષા અને મેદાનોમાં ધુમ્મસ, 28 ડિસેમ્બર સુધી રાહતની કોઈ શક્યતા નહીં

(એજન્સી) નવી દિલ્હી | તા 23

જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં ગાજવીજ સાથે વીજળી પડવાની પણ ચેતવણી આપવામાં આવી છે, જેના કારણે પ્રવાસન અને સ્થાનિક વાહનવ્યવહાર પર મોટી અસર પડી શકે છે.હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરમાં કુદરતનો મિજાજ બદલાયો છે. હવામાન વિભાગે આગામી 24 કલાકમાં આ રાજ્યોના ઉંચાઈવાળા વિસ્તારોમાં ભારે વરસાદ અને હિમવર્ષા સાથે બરફીલા તોફાનનું એલર્ટ જાહેર કર્યું છે. આ વિસ્તારોમાં 50 થી 60 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં ગાજવીજ સાથે વીજળી પડવાની પણ ચેતવણી આપવામાં આવી છે, જેના કારણે પ્રવાસન અને સ્થાનિક વાહન-વ્યવહાર પર મોટી



અસર પડી શકે છે.સમગ્ર ઉત્તર ભારત અત્યારે કડાકાની ઠંડીની ચપેટમાં છે.

પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન જેવા રાજ્યોમાં લઘુત્તમ તાપમાન 5 થી 10 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે નોંધાયું છે. ખાસ કરીને ઉત્તર પ્રદેશના બારાબંકીમાં તાપમાન ગગડીને 4.5 ડિગ્રી સુધી પહોંચી ગયું છે, જે મેદાની વિસ્તારોમાં સૌથી ઓછું છે. 28 ડિસેમ્બર સુધી બિહાર, ઝારખંડ અને ઓડિશા સહિતના રાજ્યોમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાયેલું રહેશે.

## હવે ટ્રાફિકને કહો બાય બાય! ભારતમાં શરૂ કરાયું Air Taxiનું ટેસ્ટિંગ

નવી દિલ્હી : મળતી માહિતી પ્રમાણે એરોસ્પેસ સ્ટાર્ટઅપ સરલા એવિએશન એ હવે આકાશ તરફ નજર કરી છે. હવામાં ઉડતી ટેક્સીના સપના સાથે કંપનીએ પોતાના પ્રથમ એર ટેક્સી પ્રોગ્રામની ગ્રાઉન્ડ ટેસ્ટિંગ શરૂ કરી છે. દિવસેને દિવસે વધતા ટ્રાફિક જામને કારણે હવે તો બહાર નીકળનારા, ઓફિસ દરરોજ ટાઈમસર ન પહોંચી શકતા લોકો પણ કહી રહ્યા છે કે હવે ટ્રાફિકનું બસ થયુ. ટેક્સી, કેબ કે રિક્શો દરેક વાહન ટ્રાફિકની સમસ્યામાં ફસાય જ છે. દરરોજ રોડ પર ચાલતા અઢળક વાહનો અને ટ્રાફિકને કારણે રસ્તાઓ પણ થાકી ગયા છે. પરંતુ ટ્રાફિક જામની સમસ્યાથી છુટકારો મેળવવા આવી ગઇ છે હવામાં ઉડતી ટેક્સી...મળતી માહિતી પ્રમાણે એરોસ્પેસ સ્ટાર્ટઅપ સરલા એવિએશન એ હવે આકાશ તરફ નજર કરી છે.

**ઈ-હરાજી સૂચના**

(નુકસાન પામેલ સ્ટોક MS પાઈપ્સ, MS GI પાઈપ્સ, MS IBR, MS PTFE લાઈન્ડ પાઈપ્સ, MS Gal, MS સ્ટ્રક્ચરલ સ્ટીલ વગેરે) રસ ધરાવતા ખરીદદારો પાસેથી વેચાણ માટે હરાજી ફોર્મ્સ આમંત્રિત કરવામાં આવે છે, કડક રીતે 'જેમ છે તેમ અને જ્યાં છે તેમ' આધારે, સાલ્વેજ માટે. પ્રતિ કિલો આધારે અથવા સ્ટીલ મુજબ. MS સ્ટ્રક્ચરલ સ્ટીલનો નુકસાન પામેલ સ્ટોક અંદાજે 291,743 કિલો II) MS પાઈપ્સ (MS પાઈપ IBR, MS PTFE લાઈન્ડ પાઈપ્સ, MS GI)નો નુકસાન પામેલ સ્ટોક અંદાજે 83,791 કિલો અને III) TMT બાર્સનો નુકસાન પામેલ સ્ટોક (સર્વે CA R C Bajpai દ્વારા હાથ ધરાશે) જે M/s. સંઘવી ઓર્ગેનિક પ્રા. લિ., યુનિટની માલિકીનું છે. પ્લોટ નં. 3513-3516, ફેઝ-III, GIDC પનોલી, જિ.ભરૂચ, ગુજરાત - 394116. 24/12/25 થી 01/01/26 વચ્ચે તપાસી શકાય છે. પહેલા શ્રી રાજુ - 9910355611 પાસેથી અગાઉની એપોઇન્ટમેન્ટ લેવી. ઈ-હરાજી 02/01/26ના રોજ યોજાશે. ઈ-હરાજી ફોર્મ્સ માટે, Ms. Khushiને મોબાઈલ - 9990857386 પર સંપર્ક કરો.

**સાલ્વોર સેટલર્સ પ્રાઈવેટ લિ.**
**(હરાજીકર્તાઓ)**
સરનામું: 203, બીજો માળ, ઉષા કિરણ બિલ્ડિંગ, અઝાદપુર કોમર્શિયલ કોમ્પ્લેક્સ, દિલ્હી - 110033.
અથવા વેબસાઇટ www.salvorsettlers.com પરથી ડાઉનલોડ કરો.
**ઈ-હરાજી ફોર્મ સબમિશન માટે છેલ્લી તારીખ 02/01/26 બપોરે 12:30 પહેલા**

## કબજાની સૂચના

જ્યારે, **જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002 ની કલમ 13 (12) અને નિયમ 3 હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને, ઉધાર લેનારા/લેનારા/લેનારાઓને **માંગ નોટિસ** જારી કરી હતી, જેમાં ઉધાર લેનારાઓને ઉપરોક્ત નોટિસ પ્રાપ્ત થયાના **60 દિવસ**ની અંદર ઉપરોક્ત નોટિસમાં ઉલ્લેખિત લાગુ દરે વ્યાજ સાથે સંબંધિત નામો સામે ઉલ્લેખિત રકમ ચૂકવવાનું કહેવામાં આવ્યું હતું, તેમજ ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી લાગુ પડતા આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જ વગેરે તરીકે ભવિષ્યના વ્યાજ સાથે.

| ક્ર. નં. | લોન નં. | ઉધાર લેનાર/ સહ-ઉધાર લેનાર/જામીન આપનાર/ગીરો આપનાર | ૧૩(૨) નોટિસ તારીખ/બાકી બાકી (રૂ.માં) | તારીખ/સમય અને કબજાનો પ્રકાર |
|---|---|---|---|---|
| 1 | 33369420000640 | ૧) સોનુ ઓમકારસિંહ રોહિલા ૨) ખુશાલી સોનુ રોહિલા | 15/10/2025, 13/10/2025ના રોજ રૂ. ૪૨,૫૯,૧૨૫/- (બેતાલીસ લાખ ઓગણપચાસ હજાર એકસો પચીસ રૂપિયા માત્ર) | તારીખ: ૧૯/૧૨/૨૦૨૫ સમય: બપોરે ૧૨:૫૧ પ્રતિકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** સ્થાવર મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ જે ફ્લેટ નં. B/SF/12, બીજા માળે છે, જેમાં-આકાંક્ષા કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ ખાતે અને આકાંક્ષા એપાર્ટમેન્ટ તરીકે ઓળખાતી યોજના, જે અમદાવાદ જિલ્લાના મોજે ઘોડાસર તાલુકા- મણિનગરના ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૫૨ ના ફાઇનલ પ્લોટ નં. ૨૨ અને ગુજરાત રાજ્યમાં નોંધણી પેટા જિલ્લો- અમદાવાદ-૦૫ (નારોલ) ના સર્વે નં. ૨૮૦/૧ જમીન ધરાવતા વિસ્તારમાં સ્થિત છે, ૧૦૨ ચોરસ મીટરના વિસ્તારમાં ફેલાયેલ છે. **બૉન્ડરીઝ દ્વારા: પૂર્વ:** સીમાંત જગ્યા, **પશ્ચિમ:** ફ્લેટ નં. B-SF/09, **ઉત્તર:** સીમાંત જગ્યા, **દક્ષિણ:** પેસેજ અને સીડી. | | | |
| 2 | 30559630000145 | ૧) ગલચર અનિતાબેન અનિલભાઈ ૨) ગલચર મમતાબેન અનિલભાઈ | ૧૪/૧૦/૨૦૨૫, ૧૨/૧૦/૨૦૨૫ના રોજ રૂ. ૧૨૬૩૫૪૦/- (બાર લાખ ત્રીસ હજાર પાંચસો ચાલીસ રૂપિયા માત્ર) | તારીખ: ૧૯/૧૨/૨૦૨૫ સમય: ૧૧:૨૯ AM પ્રતિકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** રાજકોટના સિટી સર્વે વોર્ડ નં. ૧૭, સિટી સર્વે નં. ૬૭૮ પાયકી ધરાવતા જંકશન પ્લોટ શેરી નં. ૧૧ ખાતે આવેલા દ્વારકેશ એપાર્ટમેન્ટ તરીકે ઓળખાતી ઈમારતમાં પ્રથમ માળે ૩૭-૯૩ ચોરસ મીટરનો ફ્લેટ નંબર ૧૦૨. **મિલકતની સીમાઓ: પૂર્વ:** અન્ય મિલકત **પશ્ચિમ:** ફ્લેટ નંબર ૧૦૧, સીડી કોમન પેસેજ અને આ ફ્લેટનો મુખ્ય પ્રવેશદ્વાર, **ઉત્તર તરફ:** ઈમારતની ખુલ્લી જગ્યા પછી અન્ય મિલકત **દક્ષિણ તરફ:** ઈમારતની ખુલ્લી જગ્યા પછી જંકશન પ્લોટ શેરી નં. ૧૧, | | | |
| 3 | 31519610001662 | ૧) મિથાલેશ મિથાઈલાલ વર્મા ૨) રીના મિથાલેશ વર્મા | ૧૩/૧૦/૨૦૨૫, ૦૯/૧૦/૨૦૨૫ના રોજ રૂ. ૧૩૦૦૫૯૩/- (તેર લાખ પાંચસો ત્રેણુ રૂપિયા માત્ર) | તારીખ: ૧૯/૧૨/૨૦૨૫ સમય: પ્રતિકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** સ્થાવર મિલકતનો મધ્ય ભાગ ભરૂચ, પેટા જિલ્લો અંકલેશ્વર, મૌજે-જીતાલી, સર્વે નં. (જૂનો). ૭૮૭ નવો સર્વે નં. ૧૫ "સારથી રહેઠાણ", પ્લોટ નં. ૬૬ વિસ્તાર- ૪૦.૧૯ ચોરસ મીટર, વરાડે- ૨૮.૬૫ ચોરસ મીટર, કુલ ૬૮.૮૪ ચોરસ મીટર **સીમાઓ:- પૂર્વ:** પ્લોટ નં. ૫૭, **પશ્ચિમ:** સોસાયટી રોડ, **ઉત્તર:** પ્લોટ નં. ૬૭, **દક્ષિણ:** પ્લોટ નં. ૬૫. | | | |
| 4 | 31519420002559 | 1) આશિષ કુમાર સંજય બિહારી મિશ્રા, 2) સંજય કુમાર યોગેન્દ્ર મિશ્રા | ૧૦/૧૦/૨૦૨૫, ૦૯/૧૦/૨૦૨૫ ના રોજ રૂ. ૨૧૫૮૬૬/- (એકવીસ લાખ પંદર હજાર આઠસો છસઠ રૂપિયા માત્ર) | તારીખ: ૧૯/૧૨/૨૦૨૫ સમય: 06:05 PM પ્રતિકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** સ્થાવર મિલકતનો તમામ મધ્ય ભાગ ભરૂચ, પેટા જિલ્લો અંકલેશ્વર, મોજે-જીતાલી જૂનો રહેઠાણ નં.-૧૧૪/૧ પાયકી નવો રહેઠાણ નં.-૭૧૭ સિટી સર્વે નં.-એનએ૭૧૭ "સ્વીટ ડ્રીમ્સ" પ્લોટ નં.-૧૪૩, વિસ્તાર ૬૭.૫૮ ચો.મી. **સીમાઓ નીચે મુજબ છે: પૂર્વ:** પ્લોટ નં-૧૪૪, **પશ્ચિમ:** પ્લોટ નં-૧૪૨, **ઉત્તર:** રોડ, **દક્ષિણ:** પ્લોટ નં-૧૩૦. | | | |
| 5 | 32109420000669 | ૧) જુબેર અનવરભાઈ કુરેશી ૨) નજમા જુબેર કુરેશી | ૧૮/૦૮/૨૦૨૫, ૧૪/૦૮/૨૦૨૫ના રોજ રૂ. ૧૦૩૧૪૨૦/- (દસ લાખ એકત્રીસ હજાર ચારસો વીસ રૂપિયા માત્ર) | તારીખ: 20/12/2025 સમય:- ૦૯:30 AM ભૌતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** એન.એ. સ્થાવર રહેણાંક મિલકતનો તમામ ભાગ અને ભાગ: પ્લોટ નં. 4, સર્વે નં. 664/બી, પાયકી, સિટી સર્વે નં. 2366 પાયકી, શીટ નં. 70, લગભગ 389 ચોરસ ફૂટ (36.14.87 ચોરસ મીટર) હારિજ સિમ, તા - હારિજ - જિલ્લો - પાટણ ખાતે સ્થિત છે. **સીમાઓ દ્વારા: ઉત્તર:** ઠક્કર વર્ધીલાલ હંસરાજની મિલકત. **દક્ષિણ:** ઠક્કર વિનોદ વસરામભાઈની મિલકત, **પૂર્વ:** 20.00 ફૂટ રોડ અને પ્રવેશદ્વાર. **પશ્ચિમ:** ઘરનો પ્રવેશદ્વાર અને 20.00 ફૂટ રોડ | | | |
| 6 | 31529610000862 | ૧) પંડ્યા હેમલ પંકજભાઈ ૨) પંડ્યા નિમિતા પંકજકુમાર | ૧૯/૦૫/૨૦૨૫, ૧૫/૦૫/૨૦૨૫ના રોજ રૂ. ૬૪૦૪૩૦/- (છ લાખ ચાલીસ હજાર ચારસો ત્રીસ રૂપિયા માત્ર) | તારીખ: 21/12/2025 સમય:- ૦૯:૨૦ AM ભૌતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** "એકતા કોમ્પ્લેક્સ" નામના એપાર્ટમેન્ટના પહેલા માળે આવેલા ફ્લેટ નં. ૧૦૪ ની સ્થાવર મિલકત, પ્લોટ નં. ૨-એ અને પ્લોટ નં. ૨-બી ની જમીન પર બાંધવામાં આવેલ કુલ ૫૨૧-33 ચોરસ મીટર જમીન, ટીં બાવાડીના આર.એસ. નં. ૮૨/ પાઈક જમીન, 3-૩૫ ગુઠા, મ્યુનિસિપલ કોર્પોરેશન, જૂનાગઢ, તા- અને જિલ્લા - જૂનાગઢની હદમાં સ્થિત છે. **સીમાઓ દ્વારા: પૂર્વ:** સીડીનો માર્ગ, સામાન્ય માર્ગ અને ફ્લેટનો મુખ્ય દરવાજો, **પશ્ચિમ:** સીડીનો માર્ગ, **ઉત્તર:** બ્લોક નં. ૧૦૫, **દક્ષિણ:** સીડીનો માર્ગ. | | | |
| 7 | 32149420000128 | 1) રાઠોડ સજ્જનસિંહ, 2) રાઠોડ મુન્નીબેન સજ્જનસિંહ, 3) રાઠોડ જોરાવરસિંહ કંવરસિંહ | ૧૩/૦૮/૨૦૨૫, ૧૦/૦૮/૨૦૨૫ના રોજ રૂ. ૧૨૩૦૩૩૭/- (બાર લાખ ત્રીસ હજાર ત્રણસો સાડત્રીસ માત્ર રૂપિયા) | તારીખ: ૨૧/૧૨/૨૦૨૫ સમય:- ૦૯:30 AM ભૌતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** મિલકત પર બાંધવામાં આવેલ સ્થાવર રહેણાંક મિલકતનો તે તમામ ટુકડો અને પાર્સલ બિન-ખેતી જમીન ધરાવતા બ્લોક/સર્વે નં. 29/B પાયકી 1 પાયકી પ્લોટ નં. 2 યોજના નામ "નિત્યદર્શન" બ્લોક-A, પહેલો માળ, ફ્લેટ નં. 106 લગભગ 36.45 ચોરસ મીટર માપે છે. ખલીકપુર, તા. મોડાસા, જિલ્લો: અરવલ્લી ખાતે સ્થિત છે, **સીમાઓ દ્વારા: પૂર્વ:** દિવાલ તરીકે, **પશ્ચિમ:** દિવાલ પછી 5"6 પહોળાઈ પછી પેસેજ પછી ફ્લેટ નં. 102, **ઉત્તર:** ફ્લેટ નં. 5 તેની મધ્ય દિવાલ સામાન્ય છે, **દક્ષિણ:** ફ્લેટ દરવાજો પછી સામાન્ય પેસેજ. | | | |
| 8 | 36499420003000 36499410000521 | 1) જગજીતસિંગ અનોક્સિંગ સંધુ, 2) બલજિન્દર કોર સંધુ જગજીત સિંહ | ૦૫/૦૬/૨૦૨૫, 03/૦૬/૨૦૨૫ના રોજ રૂ. ૧૮૨૪૧૦૯/- (અઢાર લાખ ચોવીસ હજાર એકસો નવ માત્ર રૂપિયા) | તારીખ: ૨૧/૧૨/૨૦૨૫ સમય:- ૧૧:00 AM ભૌતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** રહેણાંક મકાનની મિલકત પ્લોટ નં. ૨૦૯, ૯૧.00 ચોરસ મીટર જમીન, જે "શિવ શક્તિ સોસાયટી" તરીકે ઓળખાય છે. આર. એસ. નં. ૨૦, કુંભારા, તા. ચોટીલા, જિલ્લો: સુરેન્દ્રનગર ખાતે સ્થિત છે. **સીમાઓ: પૂર્વ:** પ્લોટ નં. ૨૩૦ મિલકત, **પશ્ચિમ:** ૭.૫૦ મીટર રોડ, **ઉત્તર:** પ્લોટ નં. ૨૧૦ મિલકત, **દક્ષિણ:** પ્લોટ નં. ૨૦૮ મિલકત. | | | |
| 9 | 45229420002461 & 45229410000261 | 1) ટેકવાણી મયુરભાઈ હરેશભાઈ, 2) ગીતાબેન મયુરભાઈ ટેકવાણી | ૨૪/૦૭/૨૦૨૫, ૧૭/૦૭/૨૦૨૫ના રોજ રૂ. ૧૬૦૨૯૯૮/- (સોળ લાખ બે હજાર નવસો અઠ્ઠાણુ માત્ર રૂપિયા) | તારીખ: ૨૧/૧૨/૨૦૨૫ સમય:- ૧૧:૪૫ AM ભૌતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** "SAI એપાર્ટમેન્ટ" તરીકે ઓળખાતા ત્રીજા માળના ફ્લેટ નં. 302 ના 36-15 ચોરસ મીટરના બિલ્ટ-અપ વિસ્તારને આવરી લેતી એક બાંધેલી રહેણાંક મિલકત ગાયક વાડી, સિવિલ સ્ટેશનના પ્લોટ સેરી નં. 885/20/D પૈકી, ગામ રાજકોટ, તા. રાજકોટ, જિ. રાજકોટ. શહેર સર્વે નં. 609 પૈકી, શહેર સર્વે વોર્ડ નં. 18, **સીમાઓ: ઉત્તર:** અન્ય મિલકત, **દક્ષિણ:** અન્ય મિલકત, **પૂર્વ:** અન્ય મિલકત પછી માર્જિન સ્પેસ, **પશ્ચિમ:** ગાયકવાડી શેરી નં. 3 | | | |
| 10 | 31529420002880 | 1) રાઠોડ અતુલભાઈ વ્રજલાલ 2) રાઠોડ નેહાબેન અતુલભાઈ | ૧૭/૦૭/૨૦૨૫, ૧૩/૦૭/૨૦૨૫ ના રોજ રૂ. ૧૨૨૦૯૫૨/- (બાર લાખ વીસ હજાર નવસો બાવન રૂપિયા માત્ર) | તારીખ: ૨૧/૧૨/૨૦૨૫ સમય:- બપોરે PM ભૌતિક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** "શ્રી શ્યામ કંપની. ઓપીપી. HOU. SOC. LTD., જૂનાગઢ" નામના એપાર્ટમેન્ટના ચોથા માળે આવેલા ફ્લેટ નં. ૪૦૪ કાર્પેટ એરિયાની સ્થાવર મિલકત, જે જૂનાગઢના પ્લોટ નં. ૬ ની જમીન પર બાંધવામાં આવી છે, જે ૨૯૯-૨૦ ચોરસ મીટર જમીન, આર. એસ. નં. ૧૨૩/૨ જમીન, ૨-૨૬ ગુઠા જમીન, ઝાંઝરડા રોડ તરીકે ઓળખાય છે, જે જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવેલું છે. **સીમાઓ: પૂર્વ:** એડજ. ફ્લેટ નં. ૪૦૩, **પશ્ચિમ:** એડજ. પ્લોટની મિલકત, **ઉત્તર:** એડજ. સીડી પેસેજ અને કોમન પેસેજ અને ફ્લેટનો મુખ્ય દરવાજો, **દક્ષિણ:** એડજ. રોડ | | | |
| 11 | 31809630001264 & 31809410000840 | 1) મલેક ફરીદમોહમ્મદ ફકીરમોહમ્મદ, 2) મલેક રશીદાબાનુ | ૧૮/૧૦/૨૦૨૫, ૧૫/૧૦/૨૦૨૫ના રોજ રૂ. ૧૫૩૬૧૯૭/- (પંદર લાખ છત્રીસ હજાર એકસો સત્તાણું રૂપિયા માત્ર) | તારીખ: ૨૨/૧૨/૨૦૨૫ સમય:- ૦૨:૧૦ PM પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** જિલ્લો-ખેડા, પેટા જિલ્લો-કપડવંજ, મૌજે ગામ અંત્રોલી, મહેસૂલ સર્વે નં. 242/1+2+3, ગ્રામ પંચાયત મિલકત નં. 14/163/1, 18.58 ચોરસ મીટર, કુલ 287.78 ચોરસ મીટર. **સીમાઓ:-** પૂર્વ: ગમારમિયા અમીનમિયા શેખનું ઘર આવેલું છે, **પશ્ચિમ:** યુસુફમિયા શેખ જીમિયા શેખની ખુલ્લી જમીન આવેલું છે, **ઉત્તર:** મારતુજામિયા હમીદમિયા શેખની ખુલ્લી જમીન આવેલું છે. **દક્ષિણ:** હરિજન વાસ આવેલું છે. **ઉત્તર:** સીડીનો માર્ગ અને સામાન્ય માર્ગ અને ફ્લેટનો મુખ્ય દરવાજો, **દક્ષિણ:** સંબંધિત માર્ગ | | | |
| 12 | 31809630000478 | 1) રબારી ભરતભાઈ ચેહોરભાઈ, 2) રબારી ગીતાબેન ભરતભાઈ | ૧૮/૧૦/૨૦૨૫, ૧૫/૧૦/૨૦૨૫ના રોજ રૂ. ૭૭૬૪૪૭/- (સાત લાખ છોત્તેર હજાર ચારસો સુડતાલીસ રૂપિયા માત્ર) | તારીખ: ૨૩/૧૨/૨૦૨૫ સમય:- ૦૮:૪૦ AM પ્રતીકાત્મક કબજો |
| | **સુરક્ષિત સંપત્તિનું વર્ણન:** મોજે ગામ વાસણા બુજર્ગ, મિલકત નંબર 294 પાઈકી માપન 79.11.73 ચો.મીટર, તા -જિલ્લો- ખેડા, **સીમાઓ દ્વારા: પૂર્વ:** રામચરણ સાધુનું ઘર, **પશ્ચિમ:** મહાદેવ મંદિર, **ઉત્તર:** રોડ, ચેહોરભાઈ ભગવાનભાની જમીન. | | | |

જ્યારે, ઉપર ઉલ્લેખિત દેવાદારો/સહ-દેણદારો/જામીનદારો/ગીરો આપનારાઓએ બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, ત્યારે અહીં ખાસ કરીને ઉપર ઉલ્લેખિત દેવાદારોને અને સામાન્ય રીતે જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે **જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારીએ ઉપરોક્ત તારીખો પર ઉપરોક્ત નિયમોના નિયમ 8 સાથે વાંચેલા કાયદાની કલમ 13 (4) હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને ઉપર વર્ણવેલ મિલકતો/સુરક્ષિત **સંપત્તિઓનો કબજો** લીધો છે. અહીં ખાસ કરીને ઉપર ઉલ્લેખિત દેવાદારો/સહ-દેણદારો/જામીનદારો/ગીરો આપનારાઓને અને સામાન્ય રીતે જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત સંપત્તિઓ સાથે વ્યવહાર ન કરો અને ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત સંપત્તિઓ સાથે કોઈપણ વ્યવહાર **જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ**ના ચાર્જને આધીન રહેશે.

**સ્થળ: અમદાવાદ**
**તારીખ: 24.12.2025**

**Sd/- અધિકૃત અધિકારી**
**જાના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ વતી**

**જના સ્મોલ ફાઇનાન્સ બેંક** (એક શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક)
**રજિસ્ટર્ડ ઓફિસ: ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં.૧૦/૧, ૧૧/૨ અને ૧૨/૨બી, ડોમલુરની બહાર, કોરામંગલા ઇનર રિંગ રોડ, ઇજીએલ બિઝનેસ પાર્કની બાજુમાં, ચલ્લાઘટ્ટા, બેંગ્લોર-૫૬૦૦૭૧. પ્રાદેશિક શાખા ઓફિસ: ૨૦૮ થી ૨૧૩, બીજો માળ, શાંગરીલા આર્કેડ, સારસ્વત બેંકની ઉપર, ૧૦૦ ફૂટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૧૫.**

### મહારાષ્ટ્રમાં છેલ્લી ઘડીએ બાજી પલટાઈ! BMC ચૂંટણી અંગે ઠાકરે બંધુઓ વચ્ચે ફરી પેચ ફસાયો

મુંબઈ: મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટો ઉલટફેર જોવા મળ્યો છે. મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણીમાં ભાજપના નેતૃત્વવાળી 'મહાયુતિ'ના જોરદાર દેખાવ બાદ, અસ્તિત્વ બચાવવા માટે સાથે આવેલા ઉદ્ધવ ઠાકરે (UBT) અને રાજ ઠાકરે (MNS) વચ્ચે બેઠકોની વહેંચણી મુદ્દે ગૂંચ પડી છે. વર્લીના NSCI ડોમ ખાતે યોજાનારી સંયુક્ત પત્રકાર પરિષદ છેલ્લી ઘડીએ રદ થતા રાજકીય ગરમાવો વધી ગયો છે.તાજેતરના 288 મ્યુનિસિપલ કાઉન્સિલ અને નગર પંચાયતોના પરિણામોમાં ભાજપ ગઠબંધને 70% થી વધુ બેઠકો પર વિજય મેળવ્યો છે. બીજી તરફ, ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના સૂપડા સાફ થઈ ગયા અને રાજ ઠાકરેની પાર્ટી ખાતું પણ ખોલાવી શકી નથી.

### વિકાસના નામે વિનાશ અરવલ્લીના 90 ટકા ડુંગરોનો ભૂમાફિયા સફાયો કરશે

નવી દિલ્હી : દિલ્હીથી ગુજરાત સુધી ફેલાયેલી અરવલ્લી પર્વતમાળામાં ખોદકામના મુદ્દે દેશભરમાં સોશિયલ મીડિયાના માધ્યમથી સેવ અરવલ્લીનું કેમ્પેઈન ચાલી રહ્યું છે. રાજસ્થાનના અનેક શહેરોમાં અરવલ્લી બચાવોના નારા સાથે દેખાવો થયા હતા. કેટલાક સ્થળોએ દેખાવકારો અને પોલીસ વચ્ચે ઘર્ષણ પણ થયું હતું. જોધપુરમાં દેખાવકારો પર પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. ઉદયપુરમાં દેખાવકારોની અટકાયત કરવામાં આવી હતી. સીકરમાં હર્ષ પર્વત પર ચઢીને લોકોએ પ્રદર્શન કર્યું હતું. હજારો લોકોએ ઓનલાઈન ચાલતા કેમ્પેઈનમાં હસ્તાક્ષર કરીને વિરોધ નોંધાવ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં આ મુદ્દે ફરીથી સુનાવણી માગણી પણ ઉઠી છે.

**Punjab & Sind Bank**
(A Govt. of India Undertaking)
*Where service is a way of life*

**ઝોનલ ઓફિસ : ગાંધીનગર**
યુનિટ નં. ૪, ત્રીજા માળે, ગીફ્ટ ટાવર વન
ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫
ફોન નં. ૦૭૯-૬૬૭૪૦૨૦૬/૦૮/૦૯
ઈમેલ આઈડી-Zo.gandhinagar@psb.co.in

**જગ્યાઓ જોઈએ**

પંજાબ અને સિંધ બેંક ગાંધીનગર બે બિડ (ટેકનિકલ + ફાઈનાન્શિયલ) સિસ્ટમ હેઠળ, યોગ્ય જગ્યા બનાવવા માટે તૈયાર અને કાર્પેટ એરિયા (એટીએમ માટેની જગ્યા સહિત) ધરાવતી સારી રીતે બાંધેલી હોલ પ્રકારની ઈમારત માટે, ઓછામાં ઓછા ૧૫ વર્ષના સમયગાળા માટે લીઝ ધોરણે ઓફર આમંત્રિત કરે છે. જગ્યાઓ નીચે દર્શાવેલ સ્થળોએ ગ્રાઉન્ડ ફલોર પર હોવી જોઈએ:

| ક્રમ | જિલ્લો/એરીયા | સ્થળ/ળો | વિસ્તાર (ચો.ફુટ) |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | વિસનગર | ૧૦૦૦-૧૨૦૦ |

ઓફર કરાયેલ જગ્યાઓ પાસે કાનૂની સત્તાવાળાઓ તરફથી તમામ ક્લિયરન્સ પ્રમાણપત્રો હોવા જોઈએ. ઈચ્છિત વિસ્તારમાં આવા જગ્યાઓના રસ ધરાવતા માલિકો/રજિસ્ટર્ડ પાવર ઓફ એટર્ની ધારકો કે જેઓ ૧૫ વર્ષ કે તેથી વધુ સમય માટે લાંબા ગાળાના લીઝ ધોરણે તેમની સરળતાથી ઉપલબ્ધ જગ્યા ભાડે આપવા તૈયાર છે, તેઓ બેંકની વેબસાઈટ www.punjabandsind.bank.in પર ઉપલબ્ધ નિર્ધારિત ફોર્મેટમાં તેમની ઓફર મોકલી શકે છે અથવા તે **પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર પરથી ઓફિસ સમય દરમિયાન** મેળવી શકાય છે. સંપૂર્ણ ઓફર યોગ્ય રીતે સીલબંધ અને સહી થયેલ છે અને **૩૧-૧૨-૨૦૨૫ ના રોજ અથવા તે પહેલાં સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર** ખાતે પહોંચવી જોઈએ.

બેંક દ્વારા કોઈ દલાલી ચૂકવવામાં આવશે નહીં. બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા બધી ઓફરોને પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે.

**તારીખ : ૨૨-૧૨-૨૦૨૫** **ઝોનલ મેનેજર**

**Punjab & Sind Bank**
(A Govt. of India Undertaking)
*Where service is a way of life*

**ઝોનલ ઓફિસ : ગાંધીનગર**
યુનિટ નં. ૪, ત્રીજા માળે, ગીફ્ટ ટાવર વન
ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫
ફોન નં. ૦૭૯-૬૬૭૪૦૨૦૬/૦૮/૦૯
ઈમેલ આઈડી-Zo.gandhinagar@psb.co.in

**જગ્યાઓ જોઈએ**

પંજાબ અને સિંધ બેંક ગાંધીનગર બે બિડ (ટેકનિકલ + ફાઈનાન્શિયલ) સિસ્ટમ હેઠળ, યોગ્ય જગ્યા બનાવવા માટે તૈયાર અને કાર્પેટ એરિયા (એટીએમ માટેની જગ્યા સહિત) ધરાવતી સારી રીતે બાંધેલી હોલ પ્રકારની ઈમારત માટે, ઓછામાં ઓછા ૧૫ વર્ષના સમયગાળા માટે લીઝ ધોરણે ઓફર આમંત્રિત કરે છે. જગ્યાઓ નીચે દર્શાવેલ સ્થળોએ ગ્રાઉન્ડ ફલોર પર હોવી જોઈએ:

| ક્રમ | શાખાનું નામ | જિલ્લો | સૂચિત સ્થળો | વિસ્તાર (ચો.ફુટ) |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર (G1280) | ગાંધીનગર | કુડાસણ / સરગાણસણ (ગાંધીનગર) | ૧૦૦૦-૧૨૦૦ |
| ૨ | જામનગર (J0411) | જામનગર | રણજીત રોડ અને ટાઉન હોલ પાસે, જામનગર | ૧૦૦૦-૧૨૦૦ |

ઓફર કરાયેલ જગ્યાઓ પાસે કાનૂની સત્તાવાળાઓ તરફથી તમામ ક્લિયરન્સ પ્રમાણપત્રો હોવા જોઈએ. ઈચ્છિત વિસ્તારમાં આવા જગ્યાઓના રસ ધરાવતા માલિકો/રજિસ્ટર્ડ પાવર ઓફ એટર્ની ધારકો કે જેઓ ૧૫ વર્ષ કે તેથી વધુ સમય માટે લાંબા ગાળાના લીઝ ધોરણે તેમની સરળતાથી ઉપલબ્ધ જગ્યા ભાડે આપવા તૈયાર છે, તેઓ બેંકની વેબસાઈટ www.punjabandsind.bank.in પર ઉપલબ્ધ નિર્ધારિત ફોર્મેટમાં તેમની ઓફર મોકલી શકે છે અથવા તે **પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર પરથી ઓફિસ સમય દરમિયાન** મેળવી શકાય છે. સંપૂર્ણ ઓફર યોગ્ય રીતે સીલબંધ અને સહી થયેલ છે અને **૦૫-૦૧-૨૦૨૬ ના રોજ અથવા તે પહેલાં સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં પંજાબ એન્ડ સિંધ બેંક ઝોનલ ઓફિસ-ગાંધીનગર, યુનિટ નં. ૪, ત્રીજો માળ, ગિફ્ટ ટાવર વન, ગિફ્ટ સિટી, ગાંધીનગર** ખાતે પહોંચવી જોઈએ.

બેંક દ્વારા કોઈ દલાલી ચૂકવવામાં આવશે નહીં. બેંક કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અથવા બધી ઓફરોને પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે.

**તારીખ : ૨૨-૧૨-૨૦૨૫** **ઝોનલ મેનેજર**

**જના સ્મોલ ફાઇનાન્સ બેંક** (એક શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંક) | **રજિસ્ટર્ડ ઓફિસ: ધ ફેરવે, ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર, સર્વે નં.૧૦/૧, ૧૧/૨ અને ૧૨/૨બી, ડોમલુરની બહાર, કોરામંગલા ઇનર રિંગ રોડ, ઇજીએલ બિઝનેસ પાર્કની બાજુમાં, ચલ્લાઘટ્ટા, બેંગ્લોર-૫૬૦૦૭૧.**

## પ્રાઈવેટ ટ્રીટી (ખાનગી સમજૂતી) દ્વારા વેચાણની નોટિસ

**સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 (SARFAESI ACT) હેઠળ બેંક પાસે ગીરો રહેલી સ્થાવર મિલકતોનું વેચાણ**

**જના સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારી તરીકે અધોહસ્તાક્ષરકર્તાએ SARFAESI એક્ટ હેઠળ અનુસૂચિત મિલકતનો **પ્રત્યક્ષ કબજો લીધો** છે. **જના સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડ**ના અધિકૃત અધિકારીએ મિલકતના વેચાણ માટે અગાઉ અનેક જાહેર હરાજીઓ યોજી હતી, પરંતુ કોઈ બિડ (બોલી) પ્રાપ્ત ન થતા તે નિષ્ફળ રહી હતી. આથી આથી આ નોટિસ દ્વારા જાણ કરવામાં આવે છે કે જો આ નોટિસના પ્રકાશનની તારીખથી **15 (પંદર) દિવસ**ની અંદર ઉપરોક્ત લોન ખાતાની કુલ લેણી રકમ ચૂકવવામાં નહીં આવે, તો અધિકૃત અધિકારી નીચે જણાવ્યા મુજબ પ્રાઈવેટ ટ્રીટી (ખાનગી સમજૂતી) દ્વારા મિલકતના વેચાણની પ્રક્રિયા હાથ ધરશે. સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે શેડ્યૂલમાં જણાવેલ સુરક્ષિત મિલકત બેંકની લેણી રકમની વસૂલાત માટે બેંકને સ્વીકાર્ય શરતો મુજબ પ્રાઈવેટ ટ્રીટી દ્વારા વેચાણ માટે ઉપલબ્ધ છે.

**પ્રાઈવેટ ટ્રીટી દ્વારા મિલકતના વેચાણ માટેની પ્રમાણભૂત શરતો અને નિયમો નીચે મુજબ છે:**

1. પ્રાઈવેટ ટ્રીટી દ્વારા વેચાણ **"જેમ છે જ્યાં છે જે સ્થિતિમાં છે"** અને **"જે કંઈ પણ છે તે ધોરણે"** કરવામાં આવશે.
2. ખરીદદારે આ નોટિસના પ્રકાશનની મુદત પૂરી થયા પછી વેચાણના અવેજની 100% રકમ જમા કરાવવાની રહેશે.
3. બેંક દ્વારા ખરીદીની ઓફર સ્વીકારવામાં ન આવે તે કિસ્સામાં, અરજી સાથે ચૂકવવામાં આવેલી કોઈપણ રકમ નિર્ધારિત સમયમાં કોઈપણ વ્યાજ વગર પરત કરવામાં આવશે.
4. ખરીદદારે તેની સંતોષકારક રીતે (પ્રાઈવેટ ટ્રીટી દ્વારા વેચાણ હેઠળની) મિલકત સંબંધિત તમામ પાસાઓ પર યોગ્ય તપાસ (Due Diligence) કરવાની રહેશે. ખરીદદાર આ બાબતે પાછળથી અધિકૃત અધિકારી / સિક્યોર્ડ લેણદાર સામે કોઈ દાવો કરવા માટે હકદાર રહેશે નહીં.
5. બેંક કોઈપણ કારણ આપ્યા વિના ખરીદીની કોઈપણ ઓફરને નકારવાનો અધિકાર અનામત રાખે છે.
6. ખરીદદારે મિલકતની ખરીદીના સંદર્ભમાં તમામ સ્ટેમ્પ ડ્યુટી, રજિસ્ટ્રેશન ફી અને અન્ય ખર્ચ, ટેક્સ, ડ્યુટી, સોસાયટીના લેણાં ભોગવવાના રહેશે.
7. વેચાણ SARFAESI એક્ટ / નિયમોની જોગવાઈઓ અનુસાર રહેશે.

| ક્ર. નં. | લોન એકાઉન્ટ નંબર | લેણદારો/સહ-લેણદારોના નામ | SARFAESI એક્ટ હેઠળ 13(2)ની ડિમાન્ડ નોટિસ મુજબની રકમ | પ્રાઈવેટ ટ્રીટી માટેની અનામત કિંમત |
|---|---|---|---|---|
| 1 | 45188640000419 | 1) મેસર્સ આર્ય ડેવલોપર (પ્રોપ્રાઇટરશીપ પેઢી), તેના પ્રોપ્રાઇટર શ્રી મિતુલભાઈ વેલજીભાઈ પટેલ દ્વારા, 2) શ્રી મિતુલભાઈ વેલજીભાઈ પટેલ, 3) શ્રીમતી રશ્મિતાબેન મિતુલભાઈ પટેલ, 4) શ્રીમતી રમાબેન વેલજીભાઈ પટેલ | રૂ. 39,83,270/- (રૂપિયા ઓગણચાલીસ લાખ ત્યાસી હજાર બસો સિત્તેર પૂરા) 06/03/2025ના રોજ | રૂ. 19,68,225/- (રૂપિયા ઓગણીસ લાખ અડસઠ હજાર બસો પચીસ પૂરા) |
| | **સુરક્ષિત મિલકતની વિગતો:** સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ જે બિન-ખેતી પ્લોટ છે, (અકોટા) મોજે અટલાદરા, જિલ્લો વડોદરા-3, રેવન્યુ સર્વે નંબર 85 પરની જમીન, જેનું ક્ષેત્રફળ 8296 ચો.મી. છે, સી.એસ. નંબર 835 પૈકી સબ પ્લોટ નંબર 3 ક્ષેત્રફળ 3518.50 ચો.મી. પૈકી 40 મીટર અને 12 મીટર પહોળા રોડ માટે કપાયેલ જમીન પૈકી નેટ જમીન ક્ષેત્રફળ 2744.78 ચો.મી. પૈકી દક્ષિણ તરફની જમીન ક્ષેત્રફળ 1351.23 ચો.મી. જે "સૌરમ્ય એપાર્ટમેન્ટ" તરીકે ઓળખાય છે, પૈકી ટાવર A, ચોથો માળ, ફ્લેટ નંબર A-401, બાંધકામ ક્ષેત્રફળ (બિલ્ટ અપ) 100.09 ચો.મી., જમીનનો અવિભાજિત હિસ્સો 42.22 ચો.મી., રજીસ્ટ્રેશન સબ ડિસ્ટ્રિક્ટ અને ડિસ્ટ્રિક્ટ વડોદરા. **સીમાઓ: પૂર્વ:** માર્જિન સ્પેસ બાદ અન્ય મિલકત, **પશ્ચિમ:** કોમન પેસેજ, દાદર અને ફ્લેટ નંબર 402, **ઉત્તર:** રેવન્યુ સર્વે નંબર 85નો બાકીનો ભાગ, **દક્ષિણ:** કોમન પેસેજ, દાદર અને ફ્લેટ નંબર 404 આ તરફની દીવાલ કોમન છે. | | | |
| 2 | 45179420002824 | 1) દૈયા રઘુરાય ચંદુલાલ, 2) કીર્તી દેવકી | રૂ. 48,87,633/- (રૂપિયા અડતાલીસ લાખ સિત્યાસી હજાર છસો તેત્રીસ પૂરા) 09/03/2025ના રોજ | રૂ. 18,90,000/- (રૂપિયા અઢાર લાખ નેવું હજાર પૂરા) |
| | **સુરક્ષિત મિલકતની વિગતો:** ફ્રીહોલ્ડ સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ જે સીટી સર્વે નંબર 5740 નો પ્લોટ નંબર 7 છે (મ્યુનિસિપલ ટેનામેન્ટ નંબર 543/0391/00/0101/P) (મ્યુનિસિપલ સેન્સસ નંબર 7476, 7476-1-1 અને 7476-1-2) જેનું ક્ષેત્રફળ 661 ચો.ફૂટ એટલે કે 61.4089 ચો.મી. (સીટી સર્વે મુજબ ક્ષેત્રફળ 66.33 ચો.મી.) છે, સર્વે નંબર 67 અને 68 પૈકી સીટી સર્વે નંબર 5740 સીટી સર્વે વોર્ડ/મોજે "સૈજપુર-બોઘા", તાલુકા અસારવા, જિલ્લો અમદાવાદ, ન્યુ બંગલો એરિયા ખાતે. સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની નજીક, કુબેરનગર, સૈજપુર બોઘા. **સીમાઓ: પૂર્વ:** પ્લોટ નંબર 8, **પશ્ચિમ:** શેરી, **ઉત્તર:** રોડ, **દક્ષિણ:** પ્લોટ નંબર 2. | | | |
| 3 | 45259420005351 | 1) હર્ષદ હસમુખભાઈ ડોબરીયા, 2) હંસાબેન હસમુખભાઈ ડોબરીયા | રૂ. 8,69,155/- (રૂપિયા આઠ લાખ ઓગણસિત્તેર હજાર એકસો પંચાવન પૂરા) 09/03/2025ના રોજ | રૂ. 2,75,000/- (રૂપિયા બે લાખ પંચોતેર હજાર પૂરા) |
| | **સુરક્ષિત મિલકતની વિગતો:** સ્થાવર મિલકતનો તે તમામ ટુકડો અને ભાગ જે મોજે કામરેજ, સુરત ખાતે આવેલ બિન-ખેતી પ્લોટ છે, બ્લોક નંબર 348 પૈકી પ્લોટ નંબર A-3, A-4, A-5 પૈકી, D-116, D-117, D-118, D-119, D-120, D-121, કુલ ક્ષેત્રફળ 1900.00 ચો.વાર, જે "ક્રિષ્ના હાઈટ્સ" તરીકે ઓળખાય છે, પૈકી બિલ્ડિંગ-B, બીજો માળ, ફ્લેટ નંબર B-206, સુપર બિલ્ટ અપ ક્ષેત્રફળ 800.00 ચો.ફૂટ, બિલ્ટ અપ ક્ષેત્રફળ 46.21 ચો.મી. એટલે કે 497.38 ચો.ફૂટ, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ ડિસ્ટ્રિક્ટ કામરેજ, જિલ્લો સુરત. **સીમાઓ: પૂર્વ:** બિલ્ડિંગ રોડ, **પશ્ચિમ:** બ્લોક નંબર 348ની મિલકત, **ઉત્તર:** બિલ્ડિંગ નંબર A, **દક્ષિણ:** સી.ઓ.પી. એરિયા. | | | |

ઉપરોક્ત દેવાદારો/સહ-દેવાદારોનું ધ્યાન સિક્યોર્ડ એસેટ્સના વેચાણ પહેલાં બેંક દ્વારા કરવામાં આવેલ તમામ ખર્ચ, શુલ્ક અને ખર્ચાઓ સાથે ઉપરોક્ત બાકી લેણાં ચૂકવીને સિક્યોર્ડ એસેટ્સ છોડાવવા માટે SARFAESI એક્ટની કલમ 13(8) ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

**પત્રવ્યવહાર માટેનું સરનામું: શ્રી રંજન નાઈક (મોબાઈલ નંબર: 6362951653), ઈમેઈલ: ranjan.naik@janabank.com. જના સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડ, (અગાઉ મેસર્સ જનલક્ષ્મી ફાયનાન્શિયલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતી), ઓફિસ ગ્રાઉન્ડ ફ્લોર, 2જો માળ, શાંગ્રીલા આર્કેડ, સારસ્વત બેંકની ઉપર, 100 ફૂટ આનંદ નગર રોડ, શ્યામલ, અમદાવાદ, ગુજરાત-380015.**

**તારીખ: 24.12.2025, સ્થળ: ગુજરાત** **Sd/- અધિકૃત અધિકારી, જના સ્મોલ ફાયનાન્સ બેંક લિમિટેડ વતી**

ગઈ કાલે મોડી રાત્રે 2:00 વાગે વાસદથી વડોદરા આવતા અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર મહીસાગર નદીના બ્રિજ પાસે ઉભેલી લક્ઝરી બસમાં પાછળથી ટ્રક ઘૂસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં વલી મોહમ્મદ મકરાણી (ઉંમર વર્ષ 45 રહે. રાજસ્થાન)નું મોત થયું હતું. જ્યારે (1) બ્રીજ વિલાસ સાવલરામ ચૌધરી (રહે બાડમેર રાજસ્થાન) (2) રાણા તેજારામ ચૌધરી (રહે-બાડમેર) (3) ભવરાસિંહ કુલ સિંહ રાઠોડ (રહે ઝાલોદ રાજસ્થાન) (4) બાબુસિંહ સરદારસિંહ રાજપુત ભાવેશ શંકરભાઈ રાણા (રહે-રાજસ્થાન)ને ઈજાઓ પહોંચી હતી.

સિટી એક્સપ્રેસ

WEDNESDAY 24 DECEMBER-2025

AHMEDABAD

## સુરત એરપોર્ટ પરથી ₹6 કરોડનો હાઈબ્રીડ ગાંજો ઝડપાયો

એરપોર્ટ્સ દાણચોરો અને ડ્રગ્સ પેડલરો માટે સોફ્ટ ટાર્ગેટ બની રહ્યા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. અમદાવાદ અને સુરત સહિતના એરપોર્ટ પર તાજેતરમાં ગોલ્ડ અને ડ્રગ્સ સ્મગલિંગની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થયો છે. આ સિલસિલામાં સુરત પોલીસે એક મોટી સફળતા મેળવતા ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી કરોડો રૂપિયાનો ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. સુરત પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે એરપોર્ટ પર વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન પોલીસે તપાસ હાથ ધરતા બે શંકાસ્પદ ઈસમો પાસેથી 17 કિલો અને 700 ગ્રામ જેટલો 'હાઈબ્રીડ ગાંજો' મળી આવ્યો હતો.



### ગુજરાત બહારના લોકોને પરમિટમાંથી મુક્તિ : સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ છૂટછાટ માત્ર ગિફ્ટ સિટીના સીમિત વિસ્તારમાં જ લાગુ પડશે

# ગિફ્ટ સિટીમાં ગમે ત્યાં દારૂ પીવાની છૂટ : ઓળખપત્ર બતાવી પી શકશો

(એજન્સી) ગાંધીનગર | તા. 23

ગાંધીનગરના ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (GIFT CITY)માં દારૂના સેવનના નિયમોમાં રાજ્ય સરકાર દ્વારા મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. ગુજરાત બહારના પ્રવાસી અને વિદેશી નાગરિકો માટે ગિફ્ટ સિટીમાં દારૂના સેવન માટે કામચલાઉ પરમિટ ફરજિયાત હતી, જે હવે નાબૂદ કરવામાં આવી છે. હવે આવા પ્રવાસીઓ ફક્ત પોતાનું ઓળખપત્ર બતાવી દારૂ મેળવી શકશે. મહેમાનોની યજમાની કરવા માટે ટેમ્પરરી પરમિટ લેવાની રહેશે અને જે-તે કર્મચારીએ તેની સાથે હાજર રહેવાનું રહેશે. આ લોકોને ગાર્ડન એરિયા, પુલ સાઈડ અને ટેરેસ પર પીવાની છૂટ આપી છે.

2030માં અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સનું આયોજન થવાનું છે. એ પહેલાં રાજ્ય સરકાર ગિફ્ટ સિટીમાં આપવામાં આવેલી છૂટછાટનો વ્યાપ વધારી શકે છે અને અમદાવાદમાં પણ છૂટ આપી શકે છે.




### દારૂના સેવન માટે પરમિટ લેવામાંથી મુક્તિ અપાઈ

ગુજરાતના આર્થિક હબ તરીકે ઓળખાતી ગિફ્ટ સિટીને વૈશ્વિક સ્તરે વધુ સ્પર્ધાત્મક અને આકર્ષક બનાવવા રાજ્ય સરકારે દારૂબંધીના નિયમોમાં ઐતિહાસિક રાહત આપતું નવું નોટિફિકેશન જાહેર કર્યું છે. હવે ગિફ્ટ સિટીની મુલાકાતે આવતા પ્રવાસીઓ અને બહારના નાગરિકોને દારૂના સેવન માટે પરમિટ લેવાની જટિલ પ્રક્રિયામાંથી મુક્તિ મળશે.

નવા જાહેરનામા મુજબ, ગુજરાત બહારથી આવતા પ્રવાસીઓ તથા વિદેશી નાગરિકો હવે ગિફ્ટ સિટીની અધિકૃત હોટલ કે ક્લબમાં માત્ર માન્ય ઓળખપત્ર બતાવીને દારૂનું સેવન કરી શકશે. વિદેશી નાગરિકો માટે પણ પ્રક્રિયા સરળ બનાવાતાં આંતરરાષ્ટ્રીય રોકાણકારો અને મહેમાનોને કોઈ અગવડ નહીં પડે.

### છૂટછાટ સાથે કડક શરતો યથાવત

સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ છૂટછાટ માત્ર ગિફ્ટ સિટીના સીમિત વિસ્તારમાં જ લાગુ પડશે. અહીંથી કોઈપણ વ્યક્તિ દારૂની બોટલ કે જથ્થો શહેરના અન્ય વિસ્તારો કે ગિફ્ટ સિટીની બહાર લઈ જઈ શકશે નહીં. નિયમ ભંગ કરનાર સામે ગુજરાતના કડક દારૂબંધી કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

બિઝનેસ નિષ્ણાતોના મતે, વિશ્વના નાણાકીય કેન્દ્રો, જેમ કે દુબઈ અને સિંગાપોર સાથે સ્પર્ધા કરવા માટે આ પ્રકારની નીતિગત છૂટછાટ જરૂરી હતી. આ નિર્ણયથી ગિફ્ટ સિટીમાં કોર્પોરેટ ઈવેન્ટ્સ, કોન્ફરન્સ અને હોસ્પિટાલિટી સેક્ટરને નોંધપાત્ર વેગ મળશે.

### ગિફ્ટ સિટી જેવી છૂટ હવે અમદાવાદ સિટીમાં પણ આપવાની સરકારની તૈયારી

સરકારનાં સૂત્રોના જણાવ્યા પ્રમાણે, વર્ષ 2030માં કોમનવેલ્થ ગેમ્સ યોજાય એ પહેલાં શરાબ સેવન માટેની આવી છૂટ અમદાવાદ શહેરમાં પણ આપવામાં આવશે. આંતરરાષ્ટ્રીય રમતોત્સવ માટે દેશ-વિદેશથી આવતા મહેમાનો, પ્રવાસીઓ, રમતવીરો સાથે આવતા સ્ટાફ વગેરેની સુવિધા માટે આ છૂટછાટ આપવાની વિચારણા છે, સાથે જ આગામી વર્ષોમાં ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ ઈવેન્ટ્સ તથા નાઈટ ઈકોનોમિને પણ પ્રોત્સાહન મળે એ માટેનાં પગલાં ભરવામાં આવશે.

## ન્યુઝ બ્રિફ

### ચાર જુગારીઓ 13 હજારના મુદ્દામાલ સાથે ઝડપાયા

ગાંધીનગર | ગાંધીનગર નજીક આવેલા દસ્ક્રોઈ તાલુકાના લીલાપુર ગામની સીમમાં અડાલજ પોલીસે ગઈકાલે મોડી સાંજે દરોડો પાડી જુગાર રમતા ચાર ઈસમોને રોકડ રકમ અને જુગારનું સાહિત્ય મળી કુલ 13 હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. જ્યારે અન્ય ચાર ઈસમો ઝાડી-ઝાંખરાનો લાભ લઈને નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગરમાં સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે સાંતેજના હાજીપુર ગામમાંથી જુગારધામ ઝડપી પાડતા પોલીસ બેડામાં ફફડાટ વ્યાપી ગયો છે. જેની અસર કલોલ ડિવિઝનમાં પણ પડી છે. ત્યારે ગઈકાલે અડાલજ પોલીસની ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન બાતમી મળી હતી કે, લીલાપુરની સીમમાં રમેશજી પુંજાજીના ખેતર પાસે કેટલાક ઈસમો આર્થિક ફાયદા માટે હારજીતનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે બાતમી વાળી જગ્યાને કોર્ડન કરી દરોડો પાડ્યો હતો. જોકે પોલીસને આવતી જોઈ જુગારીઓમાં અફરાતફરી મચી ગઈ હતી.

### 'અદાણી સિમેન્ટ' સાથે 3 કરોડની છેતરપિંડી થઇ

ગાંધીનગર | અદાણી ગ્રુપની કંપની એસીસી લિમિટેડ સાથે કરોડો રૂપિયાની છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. હૈદરાબાદની એક એન્જિનિયરિંગ કંપનીએ મુંબઈના પનવેલ ખાતે પ્લાન્ટ બનાવવાના કોન્ટ્રાક્ટમાં અદાણી ગ્રુપને પંજાબ એન્ડ સિંધ બેંકના અંદાજે 3 કરોડના બોગસ બેંક ગેરંટી સર્ટીફીકેટ પધરાવી દઈ છેતરપિંડી આચરવામાં આવતા અડાલજ પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે. અદાણી ગ્રુપની કંપની ACC Ltd સાથે કરોડો રૂપિયાની ઠગાઈ મામલે અદાણી કોર્પોરેટ હાઉસમાં સિનિયર મેનેજર તરીકે ફરજ બજાવતા શ્રીધર કોટીયલે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ વર્ષ 2024માં હૈદરાબાદની અવધ એન્જીનીયર્સ પ્રા. લિ. ને પનવેલ મુંબઈ ખાતે અદાણી સિમેન્ટ કંપનીનો પ્લાન્ટ બનાવવા માટે 19.95 કરોડનો વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો. આ કામ માટે અદાણી ગ્રુપે એડવાન્સ પેટે અને ટુકડે ટુકડે કંપનીને રૂ.2,99,25,000 બેંક મારફતે ચૂકવી દીધા હતા.

### અમદાવાદની ટ્રાફિક સમસ્યાનો હલ કરવા પાંચ વિભાગોએ સાથે મળી એક્સરસાઈઝ શરૂ કરી

# પાર્કિંગ બંધ રાખનારા 378 એકમોને નોટિસ



અમદાવાદ | અમદાવાદ શહેરમાં વધતા દબાણો અને જાહેર માર્ગો પર ગેરકાયદેસર રીતે કરવામાં આવતા વાહન પાર્કિંગના કારણે થતી ટ્રાફિકની સમસ્યાનું નિરાકરણ લાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરવ્યાપી વ્યાપક મેગા ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. સવારથી મોડી રાત સુધી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના તમામ વિસ્તારમાં મુખ્ય રોડ ઉપર લારી ગલ્લાના દબાણો હટાવવામાં આવી રહ્યા છે. ગેરકાયદેસર રીતે રોડ પર પાર્ક કરેલા વાહનોને લોક કરી દંડની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે કોમ્પ્લેક્સ માં વાહન પાર્કિંગની સુવિધા છે છતાં પણ વાહન પાર્કિંગ નથી કરવા દેવામાં આવતા તો આવા કોમ્પ્લેક્સ અને મિલકતોને સીલ કરવા સુધીની પણ કાર્યવાહી કરવામાં આવશે.

શહેરમાં વાહનચાલકોને ટ્રાફિકમાં રાહત મળે અને પાર્કિંગની વ્યવસ્થિત જગ્યા મળે તે માટે મહાનગરપાલિકા દ્વારા આગામી સમયમાં 38 હજાર ટુ વ્હિલર અને 21 હજાર ફોર-વ્હીલર માટે પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન કર્યું છે. જેના માટે સર્વે કરી પ્રાથમિક અહેવાલ તૈયાર કરી લેવાયો છે. નક્કી કરાયેલા રસ્તાઓ પર તબક્કાવાર અમલીકરણ કરાશે.

### કૂલ 59,000 વાહનો માટે પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરાશે

આ અંગે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (એસ્ટેટ) રિદ્ધેશ રાવલે જણાવ્યું હતું કે, પાર્કિંગમાં શિસ્તતા માટે "નો પાર્કિંગ", "નો વેન્ડિંગ ઝોન" અને વાહન પાર્કિંગ સંબંધિત સાઈનેજ લગાવવામાં આવ્યા છે. ફ્રી અને પેઈડ પાર્કિંગ અંગે AMC દ્વારા ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. આગામી સમયમાં અંદાજે 38,000 ટુ-વ્હીલર અને 21,000 ફોર-વ્હીલર માટે પાર્કિંગની વ્યવસ્થા ઊભી કરવાનો AMCનો આયોજન છે. ઉત્તર, ઉત્તર-પશ્ચિમ અને પશ્ચિમ ઝોનમાં બે ખાનગી એજન્સીઓ દ્વારા સર્વે પૂર્ણ કરી પ્રાથમિક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે, જેના આધારે પસંદ કરાયેલા પાંચ માર્ગો પર પ્રથમ તબક્કામાં અમલીકરણ કરવામાં આવશે. અમદાવાદીઓએ આગામી દિવસોમાં પાર્કિંગ માટે પૈસા ચૂકવવા પડશે.

### પાર્કિંગ નહીં કરવા દેવાય તો કાર્યવાહી કરાશે

શહેરમાં કોમર્શિયલ એકમો, મોલ, ધાર્મિક સ્થળો અને શૈક્ષણિક સંસ્થાઓ પાસે પોતાની પાર્કિંગ જગ્યા હોવા છતાં તેનો ઉપયોગ ન થતો હોવાની ફરિયાદોને ધ્યાનમાં રાખી AMC દ્વારા 64 માર્ગો પર સર્વે કરવામાં આવ્યો હતો. આ સર્વેના આધારે 378 એકમોને નોટિસ પાઠવવામાં આવી છે, જેમાં જેમની પાસે પોતાની પાર્કિંગ જગ્યા હોવા છતાં વાહનોને અંદર પાર્ક કરવા દેવામાં આવતા નથી તેમને નોટિસ પાઠવવામાં આવી છે. નોટિસનું પાલન ન કરનાર એકમો સામે આગામી સમયમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. એસ્ટેટ વિભાગ દ્વારા ટેકનોલોજીના ઉપયોગથી ઓનલાઈન ચલણ અને ડિજિટલ પેનલ્ટી સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી છે.

### ટૂંક સમયમાં ફ્રી અને પેઈડ પાર્કિંગની જાહેરાત કરાશે

પાર્કિંગમાં શિસ્તતા માટે "નો પાર્કિંગ", "નો વેન્ડિંગ ઝોન" અને વાહન પાર્કિંગ સંબંધિત સાઈનેજ લગાવવામાં આવ્યા છે. ફ્રી અને પેઈડ પાર્કિંગ અંગે AMC દ્વારા ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. આગામી સમયમાં અંદાજે 38,000 ટુ-વ્હીલર અને 21,000 ફોર-વ્હીલર માટે પાર્કિંગની વ્યવસ્થા ઊભી કરવાનો AMCનો આયોજન છે. ઉત્તર, ઉત્તર-પશ્ચિમ અને પશ્ચિમ ઝોનમાં બે ખાનગી એજન્સીઓ દ્વારા સર્વે પૂર્ણ કરી પ્રાથમિક અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે, જેના આધારે પસંદ કરાયેલા પાંચ માર્ગો પર પ્રથમ તબક્કામાં અમલીકરણ કરવામાં આવશે. અમદાવાદીઓએ આગામી દિવસોમાં પાર્કિંગ માટે પૈસા ચૂકવવા પડશે. પૂર્વ ઝોનમાં AMC અને રેલવે વિભાગ દ્વારા સંયુક્ત મુલાકાત બાદ વટવા, પુનિતનગર અને મણિનગર રેલવે ક્રોસિંગ પર વધતા ટ્રાફિક દબાણને ધ્યાનમાં રાખી રેલવે ઓવરબ્રિજના નિર્માણની યોજના આગળ વધારવામાં આવશે. NHAI, રેલવે, AMC, ટ્રાફિક પોલીસ અને R&B વિભાગોની સંયુક્ત ટીમો દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સર્વે કરવામાં આવી રહ્યા છે.

### ગળાં કાપતી 43,000 ચાઈનીઝ દોરીની રીલ ઝડપાઈ

# અમદાવાદ પોલીસનો દાદરા અને નગર-હવેલીની ફેક્ટરી પર દરોડો, 2.34 કરોડનો મુદ્દામાલ જપ્ત



(એજન્સી) અમદાવાદ | તા. 23

ઉત્તરાયણ નજીક આવતાં જ ચોરીછુપીથી ચાઈનીઝ દોરીનું વેચાણ શરૂ થઈ ગયું છે, જોકે હવે અમદાવાદ પોલીસ ચાઈનીઝ દોરી ઝડપીને એની ફેક્ટરી સુધી પહોંચી છે. સાણંદ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી સાડાસાત લાખ રૂપિયાની પ્રતિબંધિત દોરી ઝડપાયા બાદ પોલીસે તપાસ કરતાં દોરીનો જથ્થો દાદરા અને નગર-હવેલીની ફેક્ટરીમાંથી આવ્યો હોવાનીની જાણ થતાં પોલીસે સંઘપ્રદેશમાં પહોંચી દરોડો પાડ્યો હતો.

ફેક્ટરી પરથી 43,000 ચાઈનીઝ દોરીની રીલ સહિત 2.24 કરોડનો મુદ્દામાલ જપ્ત કરી ફેક્ટરી સીલ કરવામાં આવી છે. અમદાવાદ ગ્રામ્ય એસઓજી દ્વારા સાણંદના રણમલ ગામની સીમમાંથી અમૃત રબારીના ફાર્મ હાઉસની ઓરડીમાંથી 7.48 લાખ રૂપિયાની ચાઈનીઝ દોરીનો જથ્થો કબજે કર્યો હતો. ચાઈનીઝ દોરીના જથ્થા સાથે ભીખા રાણા, રાજુ રાણા, અશોક ઠાકોર અને ભરત ગંગાવાણીની ધરપકડ કરવામાં આવી હતી. આ ચાઈનીઝ દોરીનો જથ્થો દાદરા અને નગર ખાતેથી વિરેન પટેલે મોકલ્યો હોવાનું સામે આવ્યું હતું. અમદાવાદ ગ્રામ્ય પોલીસની એક ટીમ તપાસ માટે દાદરા અને નગર-હવેલી પહોંચી હતી, જ્યાં સ્થાનિક પોલીસની મદદથી વંદના ઈન્ડસ્ટ્રીઝ ખાતે રેડ કરી હતી. ત્યારે ત્યાંથી એક ચાઈનીઝ દોરી બનાવતી ફેક્ટરી ઝડપી પાડી હતી.

આ ફેક્ટરીમાંથી તૈયાર થયેલી ચાઈનીઝ દોરીનો 1.50 કરોડનો જથ્થો, ચાઈનીઝ દોરી બનાવવા માટેની મશીનરી અને અન્ય રો-મટીરિયલ મળીને કુલ 50 લાખ એમ કુલ 2 કરોડનો ચાઈનીઝ દોરીનો જથ્થો અને રો-મટીરિયલ કબજે કરવામાં આવ્યું હતું.

Dysp પ્રકાશ પ્રજાપતિએ જણાવ્યું હતું કે ગ્રામ્ય પોલીસ દ્વારા 'ઓપરેશન દોરી' નામ આપીને અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી.સૌ પ્રથમ સાણંદમાં દોરીનો જથ્થો પકડ્યો હતો જેની તપાસમાં દાદરાનગર હવેલીથી દોરી આવી હોવાનું જાણવા મળતા દાદરાનગરની ફેક્ટરીની 4 દિવસ સુધી રેકી કરી હતી.

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલના રેસિડેન્ટ ડોક્ટર પર અજાણ્યા શખસ દ્વારા હુમલો

(એજન્સી) ગાંધીનગર | તા. 23

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગત મોડી રાત્રે ફરજ પરથી પરત ફરી રહેલા એક રેસિડેન્ટ ડોક્ટર પર અજાણ્યા શખ્સો દ્વારા હુમલો કરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી ઘટના બની છે. આ મામલે ડોક્ટરે સેક્ટર-7 પોલીસ મથકે લેખિત ફરિયાદ નોંધાવી છે. બીજી તરફ 24 કલાકમાં આ મામલે કાર્યવાહી નહીં થાય તો તમામ રેસિડેન્ટ ડોક્ટર સામુહિક હડતાળ પાડવાની પણ ચીમકી ઉચ્ચારી છે. મળતી માહિતી મુજબ, ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ચામડી વિભાગમાં રેસિડેન્ટ ડોક્ટર તરીકે ફરજ બજાવતા ડો. કૃણાલ ભટ્ટ ગત રાત્રે આશરે 11:30 વાગ્યાના સુમારે પોતાનું બાઈક પાર્ક કરી રહ્યા હતા. તે સમયે અચાનક એક અજાણી ગાડી (નંબર: GJ 01 HK 1428) ત્યાં આવી પહોંચી હતી.

દરમિયાન ગાડીમાંથી ઉતરેલા બેથી ત્રણ અજાણ્યા શખસોએ કોઈપણ કારણ વગર ડોક્ટર સાથે ગાળાગાળી શરૂ કરી હતી. ડોક્ટરે વિરોધ કરતા આ શખસોએ તેમની સાથે ઝપાઝપી કરી માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ડો. કૃણાલ ભટ્ટે આ અંગે સેક્ટર-7 પોલીસને અરજી આપી જણાવ્યું છે કે, અજાણ્યા હુમલાખોરોએ કોઈપણ વાતચીત વગર સીધો હુમલો કર્યો હતો.

# પોલીસ માટે સૌથી મોટું બળ જનતાનો વિશ્વાસ: CM ગૃહમંત્રીએ કહ્યું- સારુ શીખવા ઈગો બાજુમાં મુકો

ગાંધીનગર | રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિની વ્યાપક સમીક્ષા માટે ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ ખાતે બે દિવસીય રાજ્યસ્તરીય ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શન હેઠળ આયોજિત આ મહત્વપૂર્ણ કોન્ફરન્સનો આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રારંભ કર્યો હતો.

આ ક્રાઈમ કોન્ફરન્સમાં રાજ્યભરના તમામ રેન્જ આઈજી, જિલ્લા પોલીસ વડાઓ (SP), તેમજ પોલીસના ઉચ્ચ અધિકારીઓ ખાસ હાજર રહ્યા છે. નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી હર્ષ સંઘવી પણ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહી અધિકારીઓને માર્ગદર્શન આપશે. ક્રાઈમ કોન્ફરન્સમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોલીસ અધિકારીઓને સ્પષ્ટ સંદેશ આપતા જણાવ્યું કે, પોલીસ માટે સૌથી મોટું બળ જનતાનો વિશ્વાસ છે. તો નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અધિકારીઓને આત્મમંથનનો માર્ગ બતાવતા જણાવ્યું કે સારી બાબતો શીખવા માટે ઈગો બાજુ પર મૂકવો પડશે.

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું કે, ડ્રાઈવ અને કોમ્યુનિટી રીચ કાર્યક્રમોમાં સારો પ્રતિસાદ મળ્યો છે. સાથે સાથે આત્મમંથન થકી સુધારણાની હંમેશા શક્યતા રહે છે. તો મુખ્ય સચિવ એમ. કે. દાસે વૈશ્વિક પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા કહ્યું કે, પડોશી દેશોમાં યુવાનોને ભડકાવવાના પ્રયાસો થયા છતાં ભારતમાં આવા પ્રયાસો સફળ થયા નથી.

### દારૂ ભરેલી આઈસર પલટી, રસ્તા પર બોટલનો ઢગલો...

# અમદાવાદના સાણંદમાં અકસ્માત સર્જાયો, 31st પહેલાં દારૂની રેલમછેલ : ડ્રાઈવર ફરાર

(એજન્સી) અમદાવાદ | તા. 23

અમદાવાદના સાણંદના મુનિઆશ્રમ પાસેથી પસાર થઈ રહેલી દારૂ ભરેલી આઈસર પલટી જતાં રસ્તા પર દારૂની બોટલો પથરાઈ હતી. એના કારણે આસપાસ એકત્ર થયેલા કેટલાક લોકો દારૂની બોટલો લઈ ચાલતા થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળ પર પહોંચી હતી અને ટોળાને વેરવિખેર કર્યું હતું. સ્થાનિકોની મદદથી દારૂનો જથ્થો જપ્ત કરી ડ્રાઈવરની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

અમદાવાદ જિલ્લા સાણંદ પાસે આવેલા મુનિઆશ્રમ પાસે આઈસર એકાએક પલટી મારી ગઈ હતી, જેમાં દારૂની બોટલો ખીચોખીચ ભરી હતી. દારૂ ભરેલી ટ્રક પલટી મારતાંની સાથે લોકોનું ટોળું ભેગું થઈ ગયુ હતું. જ્યારે પોલીસની ટીમ પણ આવી પહોંચી હતી. ટ્રક-ડ્રાઈવર ફરાર છે ત્યારે આ દારૂનો જથ્થો કઈ જગ્યાએ જઈ રહ્યો હતો એ મામલે પોલીસે તપાસ શરૂ કરી છે. પોલીસે દારૂનો જથ્થાને એક ટેમ્પોમાં ભરીને નજીકના પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી. દારૂનો જથ્થો ક્યાં જઈ રહ્યો હતો એ ડ્રાઈવરની ધરપકડ બાદ સામે આવશે. DySP પ્રકાશ પ્રજાપતિએ જણાવ્યું હતું કે કડીથી સાણંદ જતા રોડ પર દારૂ ભરેલી આઈસર ટ્રક બમ્પ આવતાં કૂદીને પડી હતી. અકસ્માત બાદ ડ્રાઈવર ફરાર થઈ ગયો છે. આ દારૂ ક્યાંથી આવતો હતો.



### કેટલાક લોકો દારૂની બોટલો લઈ નીકળી ગયા

ટ્રક પલટી ખાઈ જતાંની સાથે જ કેટલાક લોકોએ દારૂની બોટલો પણ ચોરીને જતા રહ્યા હતા. અમદાવાદ જિલ્લા પોલીસે ઘટનાની ગંભીરતા સમજીને તપાસ શરૂ કરી છે. પોલીસની ટીમ ગાડીનો પીછો કરી રહી હતી.

પછી ડ્રાઈવરને ઉતાવળ હોવાથી તે પૂરઝડપે વાહન ચાલવતો હતો એ હજુ સુધી સામે આવ્યુ નથી, પરંતુ જે રીતે ટ્રક પલટી મારી ગઈ છે એ જોતાં લાગી રહ્યું છે કે ડ્રાઈવર સ્પીડમાં હતો. આ પહેલાં પણ બોપલના વકીલ સાહેબ બ્રિજ પાસે થાર અને ફોર્ચ્યુનર કાર વચ્ચે અકસ્માત થયો હતો, જેમાં દારૂની હેરફેરનો ભાંડો ફૂટ્યો હતો. ફોર્ચ્યુનર કાર પૂરઝડપે દારૂ લઈને જઈ રહી હતી ત્યારે તેનો અકસ્માત થારના ચાલક સાથે થયો હતો. થારચાલક સહિત બેનાં મોત થયાં હતાં, જ્યારે ફોર્ચ્યુનરમાંથી દારૂનો મોટો જથ્થો મળ્યો હતો. અમદાવાદના હાઈવે દારૂની હેરફેર માટેના સિલ્ક રૂટ બની ગયા હોય એવું લાગી રહ્યું છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...